જૈન કવિ શ્રી દુર્લભ રચિત

# શ્રી સામુદ્રિક તિલકમ્



પ્રકાશક : મેસર્સ સારાભાઈ મણીલાલ નવાબ

જૈન શાસ્ત્રોની વૈજ્ઞાનિકતા - સોપાન બીજું

જૈન કવિશ્રી દુર્લભ રચિત

# શ્રી સામુદ્રિક તિલકમ્

( સચિત્ર )

સંપાદક

રાજેન્દ્ર સારાભાઈ નવાબ

પ્રકાશક

મેસર્સ સારાભાઇ મણીલાલ નવાબ

અમદાવાદ ૧

પ્રાપ્તિસ્થાન :
(૧) રાજેન્દ્ર સારાભાઈ નવાબ
૩, વિનાયક એપાર્ટમેન્ટ, મૃદંગ ફ્લેટની જોડે,
વાસણા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧

(૨) જગતચંદ્ર સારાભાઈ નવાબ
જૈન દેરાસર પાસે, મદનગોપાલની હવેલી રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧


મુલ્ય :- ચાલીસ રૂપિયા

[સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન]

પ્રકાશક :
રાજેન્દ્ર સારાભાઈ નવાબ
મેસર્સ સારાભાઈ મણીલાલ નવાબ
૨૩૩/૧, જૈન દેરાસર પાસે, ગુસાપારેખની પોળ,
મદનગોપાલની હવેલી રોડ, અમદાવાદ ૩૮૦૦૦૧.

મુદ્રક :
શ્રી કિરીટભાઈ જે. રાવત
દીપક પ્રિન્ટરી
૨૭૭૬, રાયપુર દરવાજા પાસે,
અમદાવાદ ૩૮૦૦૦૧

# સમર્પણ



પ. પૂજ્ય પિતાશ્રી સારાભાઈ મ. નવાબ

## પિતૃભ્યો નમઃ

જૈન પ્રાચીન કળા, સાહિત્ય અને સંસ્કૃતિના મોતીઓને, જનસાધારણને લક્ષ્યમાં રાખીને લોકભોગ્ય બનાવવા માટે આજીવન પ્રયત્ન કરનાર, "**પરોણીગર**" એવા અમારા સ્વર્ગસ્થ પિતાશ્રી સારાભાઈ મ. નવાબ, તથા વાત્સલ્યમૂર્તિ માતુશ્રી સ્વર્ગસ્થ લીલાવતીબેન સારાભાઈ નવાબના ચરણકમલોમાં, આ પુસ્તક સાદર **સમર્પણ** કરતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

# આમુખ

અમારા સ્વર્ગસ્થ પિતાશ્રી સારાભાઈ મણીલાલ નવાબે, ઈ.સ. ૧૯૩૩થી જૈન વિજ્ઞાન, કળા, મંત્રશાસ્ત્રના વિષયોમાં સંશોધન કરીને, લગભગ ૬૦થી વિશેષ પ્રકાશનો કરેલ છે. તેઓશ્રીનો મૂળભૂત આશય જૈન સમાજમાં આ જ્ઞાનરાશિને લોકભોગ્ય બનાવવાનો હતો.

તેઓશ્રીના ચરણકમલમાં વંદના સાથે, તેઓશ્રીની ઈચ્છા પ્રમાણે, જ્યોતિષશાસ્ત્રના સૌથી સરળ, સચોટ, લોકભોગ્ય સામુદ્રિકશાસ્ત્રનું પ્રકાશન કરતાં, અમે હર્ષ અનુભવીએ છીએ.

વર્તમાન વિજ્ઞાનવાદના યુગઅનુસાર, ભૌતિકવાદ–વિજ્ઞાનવાદથી અંજાયેલ **સમવયસ્ક યુવાનવર્ગને** લક્ષ્યમાં રાખીને, પ્રાચીન શાસ્ત્રોક્ત જ્ઞાનની યથાર્થતા સમજાવવા, આધુનિક વિજ્ઞાનના "મેન્ડેલના આનુવાંશિકતાના સિદ્ધાંતથી" વિચારણા કરેલ છે.

પુજ્ય વડીલોનો સહકાર–આશીર્વાદની નમ્ર યાચના સાથે આ પ્રકાશન બહાર પાડેલ છે.

**—રાજેન્દ્ર સારાભાઈ નવાબ**

૩, વિનાયક એપાર્ટમેન્ટ,
મૃદંગ ફ્લેટની જોડે, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭

# પ્રસ્તાવના

બૃહદ ભારતના ત્રણ મુખ્ય ધર્મો "જૈન-વૈદિક-બૌદ્ધ," એ જ્યોતિષશાસ્ત્રના પ્રત્યેક વિભાગનું સંશોધન તથા વર્ણન કરેલ છે. તુલનાત્મક અભ્યાસ કરતા જણાશે કે, પ્રત્યેકમાં અંશતઃ મતામતાંતર રહેલો છે. કદાચ સામુદ્રિકશાસ્ત્રને જ અપવાદ કહી શકાય. વેદવિજ્ઞાનના પંડિતો પણ આ માન્યતા સાથે સંમત થતા જોવા મળે છે.[1]

જ્યોતિષશાસ્ત્રની પ્રત્યેક શાખા ગહન અને ઉંડો અભ્યાસ માંગે છે. સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણમાં અત્યંત સરલ, લોકોક્તિઓમાં વર્ણવાયેલ હોય તેવું લોકભોગ્ય શાસ્ત્ર છે. અલ્પબુદ્ધિમાન પણ માત્ર સામાન્ય અભ્યાસથી, કોઈ પણ વ્યક્તિના બાહ્ય શરીરના અંગોના અવલોકન માત્રથી ફલકથન કરી શકે છે.

**આજના વિજ્ઞાનયુગમાં જ્યારે દરેક શાસ્ત્રોને તાર્કિક રીતે, વૈજ્ઞાનિક ધોરણે ચકાસવામાં આવે છે, ત્યારે આ દૃષ્ટિકોણથી પણ પરિક્ષણ કરવું જોઈએ.**

આ પરિક્ષણ માટે "કર્મનો પરંપરાગત સિદ્ધાંત" અને "સંભાવના" (Law of Probabilities)" ને ધ્યાનમા રાખવા જોઈએ. ભારતીય ધર્મ-તત્વજ્ઞાન 'કર્મફળ' (Destiny–according previous birth and conduct of soul)[2] ને પ્રાધાન્ય આપે છે. આયુર્વેદ પણ મનુષ્યના ત્રણ પ્રકૃતિભેદ પાડીને, તેના નિર્માણ માટે કર્મને પ્રાધાન્ય આપે છે.

આધુનિક વિજ્ઞાન "આનુવાંશિક્તા" (Law of Heridity)[3] ના પરિક્ષણથી મનુષ્યશરીરનું બંધારણ, ખાસિયતો, લાક્ષણિક્તાઓને ચકાસે છે. પરંતુ ઘણા મોટા પ્રમાણમાં આ નિયમ અનુસારનું પરિક્ષણ હંમેશાં સાચું નથી પડતું. એક જ માબાપના સંતાનોના શરીરનું બંધારણ, અવયવોની લાક્ષણિકતાઓ ભિન્ન પડે છે.[૪] વિશ્વના વિજ્ઞાનવાદીઓ પણ આ વખતે "સંભાવના"ના પરિબળને સ્વીકારે છે. ભારતીય ધર્મ-તત્ત્વજ્ઞાન આ જ પરિબળને "કર્મવાદ"ના નામે વિચારે છે.

હકીક્તમાં મનુષ્ય જન્મથી જ નિશ્ચિત પ્રકારનું શરીર બંધારણ ધરાવે છે. સેંકડો વર્ષોથી, લાખો વિદ્વાનો અને મહાત્માઓએ સુક્ષ્મ અવલોકન કરીને, મનુષ્યના શરીરના અવયવોની દૃષ્ટિમાન થતી લાક્ષણિક્તાઓ તથા તેના જીવનક્રમ-વ્યવહારની વિશિષ્ટતાઓની અનુભવથી નોંધ કરીને, તેનું નિસ્વાર્થપણે વર્ણન કર્યું છે. આથી-આપણે પણ તેની સચોટતા, વૈજ્ઞાનિકતા સ્વીકારવી જ રહી.

પ્રસ્તુત ગ્રંથના રચયિતા, બારમા સૈકામાં, કુમારપાલના મંત્રી હતા. તેઓ નર-તુરંગ-ગજ-શકુનશાસ્ત્રના પ્રખર વિદ્વાન હતા. અત્રે ગ્રંથમાં મનુષ્યની પ્રકૃતિભેદ તથા બાહ્ય અવયવોની લાક્ષણિકતાઓનું વર્ણન કુલ ૭૮૦ શ્લોકોમાં, પાંચ અધિકારોમાં વર્ગીકરણ કરીને કરેલ છે. આ વર્ણનને વધુ સરલ તથા લોકભોગ્ય બનાવવા માટે, અમે શકય તેટલા રેખાચિત્રો આપેલ છે. ગ્રંથકારે પોતે જ પોતાનો પરિચય આપેલ છે, જે અત્રે અંતભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

વિશેષમાં સામુહિકશાસ્ત્રની સચોટતા-વૈજ્ઞાનિકતા બતાવવા યથામતિ પ્રયાસ કરેલ છે. અમારા આગામી પ્રકાશનો માટે, અમે સકળ સંઘના પુજય વડીલોનો સરકાર માંગી, તેમના આશીર્વાદ યાચીએ છીએ.

**—રાજેન્દ્ર સારાભાઇ નવાબ**


૧. આ વિષયમાં મારે દ્વારકા ખાતેની શંકરાચાર્યજી સંચાલિત શારદાપીઠના વિદ્વાનો, વૈદિકજ્ઞાતાઓ સાથે વિચારણા થયેલ. જેનું તારણ અત્રે પ્રસ્તુત કરેલ છે.

૨. “Serpant power”john woodrof. “Introduction”.

૩ આધુનિક વિજ્ઞાનમાં “મેન્ડેલનો આનુવાંશિકતાનો સિદ્ધાંત” પ્રચલિત છે.

૪. ડૉકટર Law of Fertility અનુસાર ગમે તેટલા પ્રયાસ કરે છે. પરંતુ જ્યારે પરિવારના સભ્યોમાં કે પ્રયોગનું પાત્ર (Subject) ના શરીરના બંધારણમાં તફાવત જણાય, ત્યારે આખરે Destinyનો સ્વીકાર કરવો પડે છે. તે જ ‘કર્મવાદ’, અને શરીરનું વર્ણન, તે “સામુદ્રિકશાસ્ત્ર.

# (અધો) ઢીંચણની લાક્ષણિકતાઓ



૧


પક્ષી જેવા પાતળા ઢીંચણ



૨

હાથી જેવા સ્થૂળ ઢીંચણ

# જાંગની લાક્ષણિકતાઓ



૩


માછલી જેવી સપ્રમાણ જાંગ



૪

રીંછ જેવી સ્થૂળ જાંગ

# થાપાની લાક્ષણિકતાઓ



૫


ઉંટ જેવા સ્થૂળ થાપા



૬

દેડકા જેવા વળાંકવાળા થાપા

# બસ્તિ - પીઠની લાક્ષણિકતાઓ



૭


વાંદરા જેવી વળાંકવાળી બસ્તિ



૮

કાચબા જેવી ઉપસેલી
(કુબ્જ જેવી) પીઠ

# (ઉર્ધ્વ) પેટ-નાભીની લાક્ષણિકતાઓ



૯

બળદ જેવુ ફૂલેલ પેટ
અને ઉપસી આવેલ નાભિ



૧૦


સિંહ જેવુ આકર્ષક અને
સપ્રમાણ પેટ અને નાભિ

# મુખ-મસ્તકની લાક્ષણિકતાઓ



૧૧

સિંહ જેવું ભરાવદાર, વાળથી
છવાયેલુ મુખ



૧૨

છત્ર જેવુ સપ્રમાણ,
અર્ધગોળાકાર મસ્તક

# આંખ(ચક્ષુ)ની લાક્ષણિકતાઓ




૧૩
વાઘ જેવી અનાકર્ષક,
દુષ્ટતા બતાવતી આંખો




૧૪
મોર જેવી સપ્રમાણ, આકર્ષક
આંખો

# કાન (કર્ણ) ની લાક્ષણિકતાઓ



૧૫
શંખ જેવા વિશાળ, સપ્રમાણ,
આકર્ષક કાન



૧૬
ઉંદર જેવા નાના,
ગોળાકાર, વળાંકવાળા કાન

ॐ ह्रीं श्रीं पार्श्वनाथाय नमः

महत्तम श्रीदुर्लभ विरचित

# अथ सामुद्रिकतिलकम्

श्रीपतिनाभिप्रभवः कनकच्छायः प्रयच्छतु शिवं वः ।
कल्पादिसृष्टिहेतुः पद्मासनसंश्रितो देवः ॥१॥

## શ્રી સામુદ્રિકતિલક

સુવર્ણના જેવા, કલ્પાદિ સૃષ્ટિના હેતુ અને શ્રીમાન **નાભિરાજ**થી ઉત્પન્ન થએલ પદ્માસનમાં રહેલા દેવ શ્રી **આદિનાથ** તમારૂં કલ્યાણ કરો. ૧

स्फुरदेकलक्षणमपि त्रैलोक्यलक्षणं वपुर्यस्याः ।
अविकलशब्दब्रह्म ब्राह्मी सा देवता जयति ॥२॥

જેમાં એકજ લક્ષણ સ્ફૂરાયમાન થઈ રહ્યું છે, છતાં જે એકજ આખા ત્રિલોકનાં સંપૂર્ણ લક્ષણો તુલ્ય છે, એવા શરીરવાળી, સ્વસ્થ, પરબ્રહ્મ રૂપ **બ્રાહ્મી (સરસ્વતી)** નામની દેવતા જય પામો.

પોતાના ઉત્સંગ (ખોળા)માં **લક્ષ્મી**ની સાથે સુઈ રહેલા પુરુષોત્તમ (વિષ્ણુ) નાં શુભ લક્ષણો જોઇ **સમુદ્રે** પહેલાં કોઈ એક વખતે એક ક્ષણ વિચાર કર્યો (હતો) (કે) ત્રિખંડ પૃથ્વીનો ભોકતા અને મધુકૈટભાદિ દૈત્યોનો મારનાર આ વિષ્ણુ તેના રૂપથી વશ કરાએલી લક્ષ્મીથી એક ક્ષણ માટે પણ જુદો પડતો નથી. (લક્ષ્મી તેના રૂપથી એવી વશ થઈ ગઈ છે, કે એક ક્ષણ માટે પણ તેને છોડતી નથી.) (તેમજ) આવી નજર તથા લક્ષણવાળા બીજા પુરૂષોને પણ લક્ષ્મી પ્રાપ્ત થાય છે, અને આનાથી ઉલટાં લક્ષણવાળો સર્વત્ર ચાકર જ બને છે. ૩-૪-૫

સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણ ખંડો પૈકી વચલા મર્ત્ય ખંડમાં બધાં પ્રાણીઓમાં મર્ત્ય (મનુષ્ય) મુખ્ય છે, અને તેના નામ ઉપરથીજ આ (વચલો ખંડ) મર્ત્ય લોક કહેવાય છે. આ મર્ત્ય (મનુષ્ય) ની ઉત્પત્તિ સ્રીથી થાય છે, અને સ્ત્રીની પુરુષથી થાય છે. તેથી તેની (સ્રીની) પણ મુખ્યતા છે. જો આ બેનાં લક્ષણો (ની પરીક્ષાનું શાસ્ર) કરૂં તો મનુષ્યો માટે તે ઉપકારક થશે. આ પ્રમાણે વિચાર કરી પોતાના હૃદયાન્તરમાં સારી રીતે જાણી (નિશ્ચય કરી)ને **સમુદ્રે** પુરુષ અને સ્ત્રીનાં લક્ષણોનું શાસ્ત્ર બનાવ્યું. આ આદિ શાસ્ત્ર થયું. ૬-૭-૮

**તેમજ નારદ, લલ્લ, વરાહમિહિર, માંડવ્ય, કાર્તિકસ્વામી** આદિ ઋષિઓ, આચાર્યો તથા દેવતાઓએ

કવચિત્ કવચિત્ પ્રસંગ ઉપસ્થિત થતાં પુરુષ–સ્રીલક્ષણ-શાસ્રની થોડી ઘણી રચના કરી છે. ત્યારબાદ સ્ત્રી અને પુરુષના લક્ષણોનું આ શાસ્ત્ર જગતમાં પ્રસિદ્ધ થયું, (પણ) તે મોટું તેમજ દુર્બોધ હોવાથી મૂર્ખ લોકોએ તેને છિન્નભિન્ન કર્યું. શ્રી **ભોજરાજ, સુમન્ત** ઇત્યાદિ મહાપુરુષોનાં **સામુદ્રિકશાસ્રો** અગાઉ રચાએલાં છે, પરંતુ લગભગ તે બધાં ગહન છે. (આથી) છિન્નભિન્ન થએલાં તે પ્રાચીન શાસ્ત્રોને એકત્ર કરી (તેમના આધારે) સંક્ષેપમાં શુભાશુભ (લક્ષણોવાળુ) **સામુદ્રિકશાસ્ર** (હું પણ) કહું છું. વિદ્વાન્ પુરુષો કહે છે કે સર્વ પ્રથમ **સમુદ્રે** આ (જ્ઞાન) મેળવી શાસ્ર બનાવ્યું, તેથી દેહધારીઓના અંગના લક્ષણો ઉપર રચાયેલું આ શાસ્ર **સામુદ્રિક** નામથી ઓળખાય છે. ૯ થી ૧૩

મનુષ્યોને બે સાથળો. પેટ, છાતી બે હાથ, પીઠ, માથું એ આઠ અંગો છે, અને બાકીનાં ઉપાંગો છે. આ જન્મમાં જેના ઉપરથી પુરુષો અને સ્ત્રીઓના પૂર્વ ભવમાં ઉત્પન્ન કરેલા શુભાશુભનું જ્ઞાન કરી શકાય છે, તેને સારા પુરુષો લક્ષણ કહે છે. આ લક્ષણના પ્રાણીઓના માટે બાહ્ય અને આભ્યન્તર નામના બે ભેદ થાય છે. રુપ, અવાજ ઈત્યાદિ બાહ્ય વિભાગમાં છે, જ્યારે પ્રકૃતિ, સત્વ આદિ આભ્યન્તર છે. બધાં લક્ષણો બાહ્ય લક્ષણ શરીરના આધારે હોવાથી મનુષ્ય માટે બાહ્ય લક્ષણો જ મુખ્યત છે, અને તેથી તેને જ મુખ્યતયા કહીશ. ઘોડાની

માફક પુરુષ અને સ્ત્રીને શરીર, ભમરી, ગતિ, છાયા, સ્વર, ગંધ, વર્ણ (રંગ) અને સત્ત્વ (પ્રભાવ) આ પ્રમાણે આઠ પ્રકારનાં લક્ષણો હોય છે. આ મૃત્યુલોકમાં ઉપર મૂળ અને નીચે શાખાઓવાળું પુરુષ રૂપી કલ્પતરૂ (વૃક્ષ) છે. તેથી તે નરકલ્પતરૂનું પગનાં તળીઆંથી આરંભી શરીર નામના લક્ષણને કહું છું. ૧૪ થી ૧૯

સર્વ પ્રથમ પગનાં તળીઆં, પછી અનુક્રમે પગના તળીઆની રેખાઓ, અંગુઠો, આંગળીઓ, નખ, (પગની) પીઠ, ઘુંટી, પાની, જાંગ, જાંગ ઉપરના વાળ, ઢીંચણ, સાથળ, કમર, થાપા, ગુદા, વૃષણ, શિશ્ન, શિશ્નનો (અગ્રભાગ) મણિ, વીર્ય, મૂત્ર, લોહી, પેઢું, નાભિ. કુક્ષી, પડખાં, જઠર, પેટનો મધ્ય ભાગ, પેટ ઉપરની ત્રિવલ્લી, હૃદય, છાતી, સ્તન, સ્તનાગ્ર, બે હાંસડી, બંને ખભા, ખભાના અગ્રભાગ, બગલ, (ખભાથી પોંચા સુધી) બાહુ, હાથના પોંચા, હથેળી, હાથનો પૃષ્ટ ભાગ, હથેળીમાં રહેલી મત્સ્યાદિ વિવિધ ચિન્હો બતાવતી રેખાઓ, આંગળીઓ, નખ, પીઠ (બરડો) કૃકાટિકા (કાંધ) ગળું, દાઢીનો અગ્રભાગ, મૂછ, દાઢી, ગંડસ્થલ, મોં, ઓઠ, દાંત, જીભ, તાળવું, હૈડીચો, હાસ્ય, નાક, છીંક, આંખ, પાંપણો, નિમેષ રુદન, ભ્રૂ, કાન, કપાળ, કપાળમાં પડતી રેખાઓ, માથું, માથાના વાળ, આ પ્રમાણે પગથી લઈ શિખા પર્યંત અંગ અને ઉપાંગથી વિભક્ત થએલું શરીર લક્ષણજ્ઞ (સામુદ્રિકશાસ્ત્રજ્ઞ) પુરુષોએ જાણવું. ૨૦ થી ૨૬

# પાદલક્ષણ

પરસેવા વગરનું, ઉષ્ણ, લાલાશવાળું, કમલગર્ભ જેવી કાન્તિવાળું, માંસલ, મૃદુ, સ્નિગ્ધ, અને સરખું પગનું તળીયું મનુષ્યોને રાજસંપત્તિનો અધિકારી બનાવે છે. જે પગપાળો ફરતો હોય છતાં પગનું તળીયું કોમળ હોય અને તેની ઉપર સ્પષ્ટ પૂરેપુરી ઉર્ધ્વરેખા હોય તો તે રાજા હોય છે. ખરાબ લાગતા પગ વંશચ્છેદ કરે છે. પકવેલી માટી જેવો પગના તળીઆનો રંગ હોય તો તે દ્વિજહત્યા કરે છે. પીળા તળીઆવાળો અગમ્યાગમન કરે છે, અને કાળા રંગના તળીઆવાળો મદ્યપાન કરે છે. પગનું તળીયું પાંડુ રંગનું હોય તો અભક્ષ્યભક્ષણ કરે. નાનું હોય તો દરિદ્રતા આપે. રેખા વગરનું કઠીન, રૂક્ષ તથા ફાટેલું હોય તો દુઃખ આપનાર છે. પગનું તળીયું અંદરની બાજુ બેસી ગયું હોય તો પુરુષનું સ્ત્રીના કારણે મૃત્યુ થાય છે. માંસ વગરનું હોય તો રોગ, અને ઉપસી આવેલું હોય તો મુસાફરી કરાવે છે. ભાગ્યશાળી પુરુષોના પગમાં શંખ, છત્ર, અંકુશ, વજ્ર, ચંદ્ર, ધ્વજ, આદિ આકાર બનાવતી, આખી ગંભીર અને સ્પષ્ટ રેખાઓ હોય છે. આ શંખ આદિ આકૃતિઓ પૂરેપુરી હોય પરંતુ દેખાવમાં મધ્યમ પ્રકારની હોય તો તેવી રેખાઓવાળા પુરુષો પાછલી વયમાં ધનસંપત્તિનું સુખ ભોગવે છે. જો આ રેખાઓ (પગના તળીઆની રેખાઓ) ઘો, પાડો,

શિયાળ, ઉંદર, કાગડો યા ગીધ જેવા આકારની માલુમ પડતી હોય તો જેના પગના તળીઆમાં આવી રેખાઓ હોય તેમનાથી દારિદ્ર દૂર નથી હોતું. ૨૭ થી ૩૪

સાપની ફેણ જેવો ગોળ, ઉત્તુંગ, માંસલ અંગુઠો સારો ગણાય છે. નસો દેખાઇ આવે તેવો, ટુંકો, ચપટો, વાંકો અને સાંકડો અંગુઠો શુભ નથી. સુંદર, ગોળ, મૃદુ, એકબીજા સાથે ચોંટી રહેતી, અને કમળની પાંખડી જેવી લાગતી સ્નિગ્ધ સીધી આંગળીઓ પુષ્કળ સુખ આપે છે. આછી આછી, ચપટી, સુકી, ટુંકી, વાંકી, ભાંગી ગએલી લાગતી પગની આંગળીઓ જેને હોય તે તેમજ જેની પગની આંગળીઓમાં નસો તરી આવતી હોય તે ચાકરી જ કરે છે. અર્થાત્ આવી આંગળીઓનું ફળ સારૂં નથી. જો અંગુઠા કરતાં પ્રદેશિની (અંગુઠા પાસેની આંગળી) લાંબી હોય તો પ્રથમ અશુભ ફળ મળે છે. અર્થાત્ સ્ત્રીસુખ કે કંઇ જ મળતું નથી. પરંતુ પાછળથી સ્ત્રી–સંભોગનું સુખ મળે છે. જો ટુંકી હોય તો સ્ત્રીનું મરણ અથવા સ્ત્રીથી કલેશ થાય છે. અથાત્ સ્ત્રી–સુખ બરાબર મળતું નથી. જો અંગુઠા કરતા મધ્યમા (વચલી) મોટી હોય તો કાર્યવિનાશ થાય છે. (કાર્યસિદ્ધિ થતી નથી, અપયશ મળે છે.) ટુંકી હોય તો દુઃખ થાય. જો એક બીજી સાથે ચોંટેલી જેવી દેખાતી અને સરખી હોય તો પુત્રની ઉત્પત્તિ થાય છે. અને અલ્પાયુ થાય છે. જેના પગની અનામિકા લાંબી હોય તે વિદ્વાન પુરુષ થાય છે. જેને

ટુંકી હોય તેને સ્ત્રી–વિયોગ સદાકાળ રહે છે. જેને ટચલી આંગળી લાંબી હોય તેને સુવર્ણલાભ (ધનસુખ) થાય છે. અને જો આ ટચલી આંગળી ટુંકી હોય તો તે સદા પરદારગામી રહે છે. જેને પ્રદેશિની તથા કનિષ્ઠિકા જાડી હોય તેના બાલ્યાવસ્થામાં જ તેની માતા મરી જાય છે. ચોકખા, પ્રવાલ જેવા, સ્નિગ્ધ, કાચબાની પીઠની માફક ઉપસેલા, અને સુંદર ફૂલની કળી જેવા, સૂક્ષ્મ નખ મનુષ્યોને સુખ આપ છે. જાડા, રંગ વગરના ફીક્કા, સૂપડા જેવા, લાંબા, કાળા, ધોળા અને તેજ વગરના નખ હોય તો તે નખોના કારણે મનુષ્યો દરિદ્ર થાય છે. ૩૫ થી ૪૪

પગની પીઠ માંસલ, સ્નિગ્ધ, દટાઇ ગએલી નસોવાળી, કોમળ, રુંવાટા વગરની, પહોળી, અને કાચબાની પીઠ જેવી હોય તો તે સારી છે. પગની ઘુંટીઓ અંદર સમાઇ જતી, અને કમળની કળી જેવી હોય તો તે લક્ષ્મી આપે છે. જો ડુક્કરના જેવી નાની મોટી કે વિષમ લાગતી તેમજ ઢીલી પડી ગએલી હોય તો તે કારાગાર બંધન યા વધ કરાવનાર લક્ષણ છે. પાડાના જેવી ઘુંટીઓ હોય તો, અથવા ચપટી ઘુંટીઓ હોય તો પુરુષો દુઃખી થાય છે, અને જો આવી ઘુંટીઓ વાળ યુક્ત હોય તો જરૂર સંતાનરહિત થાય છે પાર્ષ્ણી (પગની ઘુંટીથી તળીઆ સુધીનો ભાગ એડી) જો પગ રૂપી કમળના ગઠ્ઠા જેવી ગોળ દેખાતી હોય તો તેવા લક્ષણવાળા પુરુષને

મોહ પામેલી હોય તેમ લક્ષ્મી સદાકાળ મળ્યા કરે છે. સરખી એડીવાળો સુખી, મોટી એડીવાળો દીર્ઘાયુ, નાની એડીવાળો અલ્પાયુ, અને ઉંચી એડીવાળો વિજયી થાય છે. ૪૫ થી ૪૯

પગની નળી જો માંસની અંદર ડૂબેલી હોય અને મૃગની જાંગ જેવી જાંગ (પગની પીંડીને સંસ્કૃતમાં જાંગ કહે છે. ઘુંટીથી લઇ ઢીંચણ સુધીનો ભાગ તે જાંગ) હોય તો પુરુષોને લક્ષ્મી મળે છે. તેમજ આછા ઝીણાં વાળવાળા તથા સંઘાડા ઉપર ઉતારી હોય તેવી ચઢતા ગોળાવાવાળી જાંગ પણ લક્ષ્મી આપે છે જે મનુષ્યને (મજબુત) સિંહની જાંગ જેવી જાંગ હોય, અથવા માછલાનાં જેવી જાંગ કે પછી વાઘની જાંગ જેવી જાંગ હોય તો તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. પરંતુ જો રીંછના જેવી જાંગ હોય તો તે વધ અથવા કેદખાનું પ્રાપ્ત કરાવે છે અને પ્રાયઃ દરિદ્ર રાખે છે. જાડી પરંતુ લાંબી જાંગ હોય તો વારંવાર મુસાફરી કરાવે છે. ગાંઠોવાળી, કુતરો, શિયાળ, ઊંટ, ગધેડાં કે કાગડા જેવી જાંગ અશુભ છે.

સુંદર, કાળાં ભમરાં જેવાં સ્નિગ્ધ રૂવાટાં કે જે દેખાવમાં મૃદુ અને સૂક્ષ્મ ( નાજુક ) લાગે છે, તે રાજાઓને હોય છે. (અર્થાત્ આવાં રૂંવાટાંવાળા રાજા થાય છે.) અંગ ઉપાંગ ઉપર વધારે પ્રમાણમાં વાળ હોય તો તે શુભ લક્ષણ છે વાળવાળો સુંદર ( ભાગ્યશાળી ) હોય છે.

ઘણા વાળવાળો વિદ્વાન્ હોય છે, અને વધારે પડતા વાળવાળો ધનવાન થાય છે. એક છિદ્રમાં એકજ વાળ રાજાઓને હોય છે. એક છિદ્રમાં બે વાળ વિદ્વાન્, ધનવાન્ તથા બુદ્ધિમાન્ લોકોને હોય છે. પરંતુ તેનાથી વધારે એટલે કે એકજ છિદ્રમાં ત્રણ કે ચાર રોમ દરિદ્ર પુરુષોને હોય છે. આ લક્ષણ માથાના વાળ માટે પણ લાગુ પડે છે. રૂંવાટાં વગરનો માણસ પરિવ્રાજક (સંન્યાસી) થાય છે. જાડા અને રૂક્ષ; ગધેડાના જેવાં ખરબચડાં રૂંવાટાંવાળો પાપી અને અગ્ર ભાગમાં ફાટેલાં રૂંવાટાંવાળો દરિદ્ર થાય છે. ૫૦ થી ૫૮

હાથીના ઢીંચણ જેવા ઢીંચણવાળો ભોગી, જાડા ઢીંચણવાળો રાજા અને જાંગ તથા સાથળ સાથે સારી રીતે સંકળાએલ ઢીંચણવાળા સો વર્ષના (દીર્ઘાયું) થાય છે. અંદર પેસી ગએલા ઢીંચણવાળો સ્ત્રીને વશ રહે છે. ગોળ અને માંસમાં દટાએલા ઢીંચણવાળાને રાજ્ય મળે છે. મોટા ઢીંચણ દીર્ઘાયું અને નાના ઢીંચણ સૌભાગ્ય આપે છે. જો ઢીંચણ માંસ વગરના હોય તો પરદેશમાં મરણ થાય છે. ઘડા જેવાં ગોળ ઢીંચણ હોય તો દુર્ગતિ થાય અને જો તાડના ફળની માફક ચપટાં ઢીંચણ હોય તો બહુ દુઃખ થાય છે. જેને બંને ઢીંચણ નહિ જેવા જ હોય તે સદાકાળ કારાગારમાં રહે છે. અને તેનો વધ થાય છે. અને જો નાના મોટા હોય તો દરિદ્ર થાય છે. જેના સાથળ માંસલ હોય અને કેળના

સ્તંભ જેવા સુંદર દેખાતા હોય તેમજ ઝીણાં સુંદર રૂંવાટાંવાળા હોય તો તે પ્રાયઃ રાજા થાય છે સ્નિગ્ધ, મૃદુ અને એક સરખા ઉતરતા ક્રમથી સરાણ ઉપર ઉતારેલા હોય તેવા જો સાથળ હોય તો તે લક્ષ્મી આપે છે. પહોળી સાથળો હોય તો સ્ત્રીઓને પ્રિય થઈ પડે છે. અને એક બીજા સાથે મળી જતા હોય તેવા સાથળ ગુણવાન માણસોને હોય છે.

જો સાથળ અગ્રભાગમાં સ્થૂળ અને વચ્ચેથી બેસી ગએલા હોય તો સતત મુસાફરી કરાવે છે કઠિણ, ચપટા, બહુ પહોળા અને માંસહીન સાથળ હોય તો દુર્ભાગ્યનું ચિન્હ છે. જેની કમર પહોળી, જાડી, મોટી, હોય તે ધનવાન થાય છે. સિંહના જેવી કમર હોય તો નરાધિપ, અને વાઘ જેવી કમર જમીનદારને હોય છે. રૂંવાટાંવાળી કમરવાળો દરિદ્ર, ટુંકી કમરવાળો દુર્ભાગી થાય છે. અને કુતરાં, માંકડાં, ઊંટ જેવી કમરવાળો દુઃખી થાય છે. સાંકડી કમરવાળો પાપી થાય છે જો પગના થાપા દેડકાના થાપા જેવા હોય તો રાજા થાય. સિંહ જેવા હોય તો બે પ્રાંતનો અધિપતિ થાય. ખુબ માંસવાળા હોય તો ધનવાન થાય અને વાઘના જેવા થાપા હોય તો એક પ્રાંતનો અધિપતિ થાય. ઊંટ કે વાંદરા જેવા થાપા હોય તો જરૂર ધનધાન્યથી રહિત થાય. જાડા થાપાવાળો નિર્ધન થાય છે. અને જેના થાપા અડધા હોય તેનું વાઘ દ્વારા મરણ થાય છે.

સરખા અને સુંદર વૃષણવાળો રાજ્ય મેળવે છે. લબડી પડેલા લાગતા વૃષણવાળો દીર્ઘાયુ થાય છે. એક જ વૃષણ હોય તો જલમાં ડુબવાથી મૃત્યુ થાય છે. અને તેવા માણસો પોતાના કુલનો નાશ પણ કરે છે. જો નાના મોટા વૃષણ હોય તો સ્ત્રીલોલુપ થાય છે. જેને જમણો વૃષણ ઉંચો હોય તેને પહેલો પુત્ર થાય છે. અને જેને ડાબો ઉંચો હોય તેને દુઃખ પડે છે, અને પ્રથમ છોકરી થાય છે. સુક્કા કે જાડા વૃષણ હોય તો નિર્ધન થાય છે. જો ઘોડાના જેવા વૃષણ હોય તો સુંદર સ્ત્રીમાં આસક્ત રહે છે. જો અડધા વૃષણ હોય તો પુરુષો અલ્પાયુ થાય છે. બહુ ઉંચી થએલી, બહુ દબાઈ ગએલી, બહુ લાંબી કે બહુ નાની ન હોય પરંતુ સારી કોમળ દેખાતી અને ઉષ્ણ રહેતી ઇન્દ્રીય ધનસંપત્તિવાળા માણસોને હોય છે. વળી આવા માણસોની ઇન્દ્રીય મજબૂત, કોમળ, ગોળ અને નસો દેખાતી હોય તેવી હોય છે. જેનું શિશ્ન બસ્તી સાથે મોટી ગાંઠ વળીને જોડાએલું હોય તે ઘણો સુખી થાય છે. અને વાળથી ઢંકાએલું રહે તો રાજા થાય. જેઓને વાઘ, ઘોડો કે સિંહના જેવું શિશ્ન હોય તેઓ ઘણું ખરૂં રાજા થાય છે. શિશ્ન નસોવાળું દેખાતું હોય છતાં જો તેના ઉપરની ચામડી બહુ જ પાતળી (નહિં જેવી) હોય, શિશ્ન પાતળું, ચોકખું, નાનું, મૃદુ, દુર્ગંધ રહિત હોય તો તે સૌભાગ્ય આપનાર તેમજ ધન આપનાર છે. લિંગ નાનું હોય તો ધનાઢય થાય. નસો તરી આવતી હોય તો સંતાન વગરનો અથવા બહુ થોડાં છોકરાંવાળો થાય. જો જમણી બાજુ નમેલું

રહેતું હોય તો પુત્રનો અને ડાબી બાજુ નમેલું રહેતું હોય તો પુત્રીનો પિતા થાય છે. જેને સરખી બેઠકે બેસતાં પગની ઘુંટીઓને લિંગનો સ્પર્શ ન થતો હોય તેને સુખી જાણવો. જો બેઠા પછી લિંગ જમીનને અડકતું હોય તો જાણવું કે તે દુઃખી જ થશે. દરિદ્ર પુરુષોનાં શિશ્ન જાડાં, લબડી પડેલાં, અણીદાર, લાંબાં, શિથિલ, મેલાં, ભાગેલાં અને સદાકાળ નિદ્રાવસ્થામાં પડ્યાં રહેનારાં હોય છે. મોટા માથાવાળું અને પહોળા છિદ્રવાળું શિશ્ન હોય તો દારિદ્ર થાય છે. અને જો શિશ્ન અતિ કોમલ હોય તો મનુષ્ય પ્રમેહ ઇત્યાદિ રોગથી મરણ પામે છે. જેને લિંગના મણિ ઉપર લીલી રેખાઓ (નસોને લઇને) દેખાતી હોય અને મણિ સરખો ઉઠાવદાર તથા રવૈયાના અગ્રના જેવો દેખાતો હોય તે માણસ જમીન-નો સ્વામી થાય છે. લાલ રંગના મણિથી ધનવાન, અને ખીલેલા જપાના ફૂલ (લાલ રંગનું જાસુદનું ફૂલ) જેવો હોય તો રાજા થાય છે. ચિકણો અને મૃદુ મણિ હોય તો સુખી તથા વચ્ચેથી ઉન્નત બનેલો મણિ હોય તો પશુઓવાળો થાય છે. જેઓને લિંગના મણિ સોનું, ચાંદી, મોતી અગર પ્રવાલ જેવા દેખાતા હોય તેઓ સમુદ્ર પર્યન્તની ભૂમિના માલિક થાય છે. જેનો મણિ રૂક્ષ દેખાતો હોય તે દારિદ્રવાળો જાણવો. રૂખ્ખા જેવો લાગતો હોય અથવા ફીક્કો લાગતો હોય તો પણ તેમજ સમજવું. જો મણિ વચ્ચેથી જ (ફક્ત) ફૂલેલો લાગતો હોય તો તેને ઘણી છોકરીઓ થાય છે. અને જો આ મણિ ફાટેલો હોય તો દુઃખી થાય છે. લિંગનો મણિ મોટો

હોય અને તેના ઉપર હીરા કે સોનાનાં જેવી ચમકીલી રેખા- ઓ પડતી હોય તો મનુષ્ય ધનવાન થાય છે. જો કાળી કે ભૂખરી રેખાઓ પડતી હોય તો દુર્ભાગ્યવાળો અને નિર્ધન થાય છે. ૫૯ થી ૮૪

જેને વીર્યમાંથી પુષ્પના જેવી સુગંધી આવતી હોય તે રાજા, દારૂ જેવી સુગંધ હોય તે યજ્ઞ કરનાર, મધ જેવી સુગંધવાળો ધનવાન અને માછલાં જેવી ગંધવાળો સુખી અને ધનવાન થાય છે. વીર્યમાંથી સારી સુગંધ આવવી એ સૌભાગ્યનું લક્ષણ છે. અને દુર્ગંધ આવવી તે દારિદ્રનું લક્ષણ છે. લાખ જેવી ગંધ આવતી હોય તો પુત્રીઓ થયા કરે. અને માંસ જેવી ગંધ આવતી હોય તો નિર્ધન છતાં ભોગી થાય છે. જો વીર્યનો રંગ જાંબુડાના જેવો હોય તો સુખી, દૂધ જેવો હોય તો રાજા, ધૂમાડીઓ રંગ હોય તો દુઃખી અને કાળો રંગ હોય તો દુઃખી થાય. થોડા મૈથુનથી જેને ઘણા વીર્યનો સ્રાવ થતો હોય અને તે વીર્ય સ્નિગ્ધ હોય તો સમજવું કે તે પુરુષ દીર્ઘાયુ, સંપત્તિ અને પુત્રોનું સુખ મેળવે છે. જેને લાંબો વખત મૈથુન કરવા છતાં વીર્યનો થોડો પણ સ્રાવ ન થાય તો તેવો પુરુષ દરિદ્રતા, અલ્પાયુ અને કન્યાઓના પિતા થવા પણાને પામે છે. જેને મૂત્રની બે ત્રણ કે ચાર ધારાઓ થતી હોય, મૂત્રના પતનની દિશા દક્ષિણાવર્ત હોય, અને રંગ પીળચટો હોય તે રાજા થાય. અને એક જ ધાર થતી હોય તે પણ સુખી થાય છે. રાજાઓનું મૂત્ર એક ધારવાળું અને શબ્દયુક્ત હોય છે.

દરિદ્રોને શરૂમાં બે ધારવાળું અને પછીથી ઘણી ધારાઓમાં વહેંચાઈ જતું, તેમજ શબ્દ વગરનું મૂત્ર હોય છે. ૮૫ થી ૯૧

જેના શરીરમાં પરવાળાના જેવું લાલ અને સ્નિગ્ધ રુધિર વહેતું હોય તે થોડી મુદતમાં પૃથ્વીપતિ બને છે. જેના શરીરમાં લાલ કમળના જેવું રુધિર વહેતું હોય તેને પોતાના હાથનાં કંકણોનો રણકાર કરતી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. મધ્યમ કોટિના પુરુષમાં કંઇક પીળું અને લાલ લોહી હોય છે. અને કંઇક કાળું અને લાલ લોહી હલકી કોટીના પુરુષમાં હોય છે. ૯૨ થી ૯૪

માંસલ, ઉઠાવદાર અને પહોળી બસ્તી સારી ગણાય છે. સુકાઈ ગએલી, પહોળી થઈ ગએલી, કઠિણ બસ્તી બહુ દુઃખ અને દારિદ્ર આપે છે. કુતરાં, શિયાળ, ઊંટ, અને પાડાની બસ્તી જેવી જેમની બસ્તી હોય તેઓ ઘણું ખરૂં ધનહીન થાય છે. પહોળી, ઉન્નત, ગંભીર તથા ઈંડાના જેવા આકાર વાળી નાભિ સુખ આપે છે. અને જો આવી નાભિ દક્ષિણાવર્ત હોય તો મનુષ્યોને ધન અને બુદ્ધિ આપે છે. કમળના જેવી સુંદર નાભિ ગમે તે માણસને હોય તો પણ તે ધનવાળી સમુદ્રપર્યંતની પૃથ્વી પામે છે. દીર્ઘ અને પાર્શ્વભાગમાં ઉપસી આવેલી પેસી ગએલી નાભિવાળો દીર્ઘાયુ, શેઠાઈ તથા પશુઓના સમુહનો માલિક (ગાય, હાથી ઘોડા વગેરેનો માલિક) થાય છે. જો નાભિ વિષમ પ્રકારનાં વલયોવાળી બનતી હોય તો દરિદ્રતા તથા શૂલવ્યાધિ કરે છે. નાભિ ઠીક મધ્ય ભાગમાં ન હોતા ઉપરની બાજુ કે એકદમ નીચે હોય, અને ટુંકી કે

વામાવર્ત હોય તો કલેશ અને શઠતા કરે છે. ૯૫ થી ૧૦૦

## (ઉદ્દવ) કુક્ષી—હસ્ત આદિ લક્ષણ

કુક્ષી જો નાની હોય તો રાજા થાય. સરખી કુખવાળો શૂરવીર અને ભોગી થાય. ઉપસી આવેલી કુક્ષીવાળો નિર્ધન અને નાની મોટી કુખવાળો માયાવી થાય છે. જેની કુક્ષી ગંભીર હોય તે મનુષ્ય પ્રાયઃ નાશ પામે છે. અને જેની કુક્ષી ઉપસેલી હોય તે પોતાની સ્ત્રીની આજીવિકા ઉપર જીવે છે. પડખાં ગોળાકાર ધારણ કરનારાં અને માંસથી ભરેલાં હોય, અને તેના ઉપર રૂંવાટાં હોય તો તેવાં પડખાંવાળો માણસ જરૂર રાજા થાય છે. બેસી ગએલાં પડખાંવાળાને ખાવાના પણ સાંસા પડે છે. માંસ વગરનાં પડખાંવાળા નિર્ધન થાય. જાડાં અને વાંકાં હાડકાંવાળા મનુષ્યો પારકાના સેવક થાય છે. જેનું જઠર (પેટ) સરખું દેખાતું હોય તે નિડર અને મહા-ધનવાન થાય છે. અને સિંહના જેવા પેટવાળો મનુષ્ય ચક્રવર્તી થાય છે. દેડકા જેવા પેટવાળો નૃપતિ, બળદ જેવા પેટવાળો પરસ્ત્રીગામી, ગોળ પેટવાળો સુખી અને માછલા કે વાઘના જેવા પેટવાળો ભાગ્યશાળી થાય છે. હાંડી જેવા પેટવાળો દરિદ્ર, ઘડા જેવા પેટવાળો દુર્ભાગી અને સદા દુઃખી થાય છે. સાપ જેવા પેટવાળો માણસ બહુ ખાનાર તથા ચાકર થાય છે. કુતરા કે વરૂ જેવા પેટવાળો દરિદ્ર, શિયાળ જેવા ઉદર-વાળો છિદ્રવાળો (છુપાં પાપ કર્મ કરનાર), સુકાઇ ગએલા પેટવાળો પાપી, અને બીલાડા જેવા પેટવાળો ચોર હોય છે. ૧૦૧ થી ૧૦૮

જેની કમળ મૂશળના મધ્ય ભાગની જેમ પાતળી હોય (દેખાવમાં પાતળી થઈને મૂશળનો મધ્ય ભાગ જેમ દેખાય.) તો તેવી કમરવાળો માણસ રાજા થાય છે. અને જો આનાથી વિપરીત લક્ષણ હોય તો વિપરીત ફળ થાય છે. જો પેટ ઉપર એક વલ્લી પડે તો શસ્ત્રથી મૃત્યુ થાય, બે હોય તો સ્ત્રી સુખ, ત્રણ હોય તો આચાર્યપણું, અને ચાર હોય તો અનેક પુત્રોનો પિતા થાય. એક પણ વલ્લી જેને ન હોય તે રાજા થાય, સુખી રહે પરંતુ ખરેખર તે પરદારાગામી બને. સીધી વલ્લીવાળો પાપકર્મમાં આસક્ત રહે છે, અને અગમ્યાગમનમાં રુચિવાળો થાય છે. ઉપસી આવેલા, માંસલ, સુગઠિત અને વિશાળ હ્રદયવાળા પુરુષો રાજા, મહાધનવાન અને દીર્ઘાયુઃ થાય છે. ૧૦૯ થી ૧૧૨

## વક્ષઃ, હસ્ત આદિ લક્ષણ

જેનું વક્ષઃસ્થલ જાડી નસોથી વ્યાપ્ત થએલું માલુમ પડતું હોય, અને તેની ઉપર બરછટ રૂંવાટાં હોય, તેમજ કંપાયમાન રહેતું હોય તેવો માણસ નિર્ધનતા પામે છે. રાજાનું વક્ષઃસ્થલ વિશાળ હોય છે. અને પર્વતની શિલાની માફક કઠણ તથા ઉન્નત હોય છે. અને તે છાતી પર હરણની ડૂંટી ઉપરની રોમાવલી જેવાં આછા પાતળા વાળ હોય છે. જો ઘન વક્ષઃસ્થલ હોય તો ધનવાન, ભરાવદાર અને ઉર્ધ્વગામી રોમયુક્ત હોય તો સુભટ થાય છે. પરંતુ જો નાનીશી છાતી હોય તો નિર્ધન થાય છે. વિષમ છાતી હોય તો મનુષ્ય નિર્ધન

થાય છે અને અકાળ મૃત્યુ પામે છે. પુરુષના ગોળ, સુસ્નિગ્ધ, કોમળ તથા સરખા સ્તન હોય તો વખાણવા લાયક છે. વિષમ, કાંતિહીન, સંકોચાઈ ગએલા સ્તન ઘણું ખરૂં દુઃખ આપે છે. જો બંને સ્તનોનાં ચૂચુક (અગ્રભાગ) ભરાવદાર હોય તો મનુષ્ય ભાગ્યશાળી અને રાજા થાય છે. જાડાં ચૂચુક હોય તો સુખી થાય છે. અને નાના મોટાં ચૂચુક હોય તો નિર્ધન થાય છે. ૧૧૩ થી ૧૧૭

ગળાની હાંસડીઓ પુષ્ટ હોય તો ધનવાન થાય. ઉઠાવદાર હોય તો ભોગી થાય. એક ઉંચી અને બીજી નીચી એવી હોય તો દુઃખી થાય. અને ઢીલા પડી ગએલા અસ્થિબંધવાળી હોય તો મનુષ્ય ધનહીન થાય. ખભા મૂળમાં જાડા અને સરખા ઉતરતા ક્રમના હોઈ માંસલ અને ઉન્નત હોય, તેમજ બળદની ખાંધ જેવા દેખાતા હોય, અને પ્રમાણમાં ટુંકા હોય તો લક્ષ્મી અને વિશાળ કુટુંબ સમુદાયને મેળવે છે. બકરાના જેમ લાંબા અને માંસ રહિત ખભા ભાર વહન કરનારા માણસોને હોય છે. અને વાંકાચૂકાં, કૃશ, ઘણાં જ નાના તથા ઘણાં રૂંવાટાંવાળા ખભા ખેદ કરાવનાર છે. ખભાના અગ્રભાગ ભાંગી ગયા જેવા, માંસહીન, નમી પડેલા તથા રૂંવાટાંવાળા અને કૃશ હોય તો આવા ખભાવાળા દુર્ભાગી પુરુષે લક્ષ્મીનું નામ સાંભળ્યું હોતું નથી. ધનવાન અને શૂરા પુરુષોને ખભાના અગ્રભાગ ઘણા ઉપસી આવેલા, હાથને પણ ઉઠાવ આપનારા, અને મજબુત સંધિયુક્ત હોય છે. ધનવાનોની

બગલો ઝીણા અને કોમળ વાળવાળી, પરસેવા અને મેલથી રહિત, તથા સુગંધીવાળી, પુષ્ટ તથા ઉન્નત હોય છે. આનાથી વિપરીત બગલો ધનહીન માણસોને હોય છે. ૧૧૮ થી ૧૨૩

પાછળની બાજુ વળ ખાનારા, ગોળ, ઢીંચણ પર્યંત લાંબા, પુષ્ટ, સાપની ફેણની માફક છત્રને ધારણ કરનાર, હાથીની સૂંડ જેવા બાહુ રાજાઓને હોય છે. પહોંચાને લઈ ગાયના પૂંછડા જેવા દેખાતા, ખરબચડા કે ઘણા વાળ વગરના લાંબા, જેમાં નસો તથા સંધિઓ ડુબી ગઈ હોય તેવા બાહુ વખાણવા લાયક છે. ફૂલેલા બાહુવાળો દુષ્ટ થાય છે. ઘણા વાળવાળા જેના હાથ હોય તે ખુબ ખાનાર થાય છે. લાંબા ટુંકા હાથવાળો ચોરવૃત્તિનો થાય છે. અને સરખા તેમજ પુષ્ટ હાથવાળાને યોગ્ય સ્થાન મળતું નથી. રાજાના હાથ ચમકદાર, પરસેવા વગરના, માંસલ, છિદ્રરહિત, લાલાશ ઉપર, કામ ન કરવા છતાં કઠોર, ઉષ્ણ, લાંબી આંગળીઓવાળા તથા સ્નિગ્ધ હોય છે. ધનવાન પુરુષના હાથ પહોળા, તાંબા જેવા લાલ નખવાળા, અને દેખાવમાં વાંદરાના હાથ જેવા હોય છે. અને દરિદ્રના હાથ વાઘના પંજા જેવા, વિકૃત તેમજ માંસ વગરના હોય છે. જેનું કરતલ (હથેળી) ત્રણ અખંડ રેખાઓથી શોભતું હોય તેવા ધન, સુવર્ણ તથા રત્નથી યુક્ત પુરુષનું આસક્ત થએલી સ્ત્રીની માફક લક્ષ્મી સેવન કરે છે. ૧૨૪ થી ૧૨૯

જેનું કરમૂલ (પહોંચાની સંધિ) દબાઈ ગએલી (માંસમાં ડુબી ગએલી) સંધીઓવાળું, મજબુત, અને બરાબર બેઠેલા

સાંધાવાળું હોય તો તેવા લક્ષણવાળો પુરુષ રાજા થાય છે. પરંતુ જો તે કરમૂલ શ્લથ (ઢીલું) તથા હલાવતાં શબ્દ કરતું હોય યા ઢીલું પડી ગએલું હોય તો તે નિર્ધનનું લક્ષણ છે. રાજાના હાથની પીઠ પહોળી, ખીલેલી, ઉઠાવદાર, સ્નિગ્ધ, ડુબી ગએલી નસોવાળી, તેમજ સાપની ફેણ જેવી હોય છે. નિર્ધનોના હાથની પીઠ મણિબંધના જેટલી જ નીચી, માંસ રહિત, રૂંવાટાંવાળી, નસોવાળી, રુક્ષ, કાંતિ હીન તથા રંગ વગરની હોય છે. જો હથેળી ચોમેર ગોલાકાર ઉન્નત પ્રદેશને લઈ વચ્ચેથી ખાડાવાળી દેખાતી હોય તો ધનવાન થાય. જો ઉઠાવદાર હોય તો દાની થાય. હેતુ વગર નીચી હોય તો બાપના ધન વગરનો અને વિષમ હોય તો ધનહીન થાય. લાલાશ પડતી હથેળી હોય તો ધનવાન, પીળી હોય તો અગમ્ય સ્ત્રીમાં આસક્ત, ધોળી કે કાળી હથેળીવાળો દરિદ્ર અને જાંબુડા રંગની હથેળી હોય તો અપેય પદાર્થોનું પાન કરનાર થાય છે. બહુ રેખાઓથી વ્યાપ્ત જેની હથેલી હોય તે માણસ તથા રેખા વગરની હથેળીવાળો માણસ અલ્પાયુ, નિર્ધન, તથા દુઃખી થાય. ૧૩૦ થી ૧૩૫

હવે મીન (મત્સ્ય) આદિ આકૃતિઓનાં લક્ષણ સ્પષ્ટપણે કહીએ છીએ. ડાબા હાથમાં સ્ત્રીઓને તથા જમણા હાથમાં પુરુષોને લક્ષણોની પરીક્ષા કરવી. આ જગતમાં જીવન-મરણ, લાભ–અલાભ, સુખ–દુઃખ વગેરે બધું જ સ્ત્રી અગર પુરુષ ઘણું ખરૂં હસ્તરેખાઓના આધાર મુજબ જ પામે છે. જે માણસની હથેળીના મધ્ય ભાગમાં અંદર પડતાં મુખવાળાં બે

માછલાંઓનાં અખંડ ચિહ્ન હોય તે માણસ ધનવાન થાય છે. અને તે કંજુસ હોય છે. જે રેખા તૂટયા વગરની, ગંભીર (ઊંડી) પૂરી, લાલાશ પડતી, અંદર ઊંડી ઉતરી જતી હોય તેવી હોય અને સ્નિગ્ધ હોય તે રેખા વખાણવા લાયક છે. મધ જેવી પીળાશવાળી રેખાઓ હોય તો સુખી, લોહી જેવા રંગની હોય તો ત્યાગી, અને ગંભીર સ્વભાવની, બારીક રેખાઓ હોય તો બુદ્ધિમાન, અને આદિથી અંત સુધીની પુરી રેખાઓ હોય તો સૌભાગ્યશાલી થાય છે. જે રેખાઓ શાખાઓવાળી, તૂટેલી, વિચિત્ર લાગતી, રૂખ્ખી, ફાટી જવાથી તેજહીન લાગતી, અસ્તવ્યસ્ત, ખડેલી, ફીકકી, લીલી કે કાળા રંગની હોય તે રેખાઓ અશુભ છે. શાખાઓવાળી રેખાઓથી કલેશ થાય છે. તૂટેલી રેખા આયુષ્ય તૂટી જવાનો ભય બતાવે છે. અસ્તવ્યસ્ત હોય તો ધનનો નાશ કરાવે છે. અને ફીકકી રેખાઓ ખાધાખોરાકીનું દુઃખ આપે છે. ૧૩૬ થી ૧૪૨

# હસ્તરેખા લક્ષણ

હાથનું મૂળ (મણિબંધ) અને મણિબંધથી લઈ કનિષ્ઠિકાના મૂળ પર્યંતના ભાગમાંથી નીકળીને અંગુઠા તથા તર્જનીના વચ્ચેના ભાગમાં જનારી અનુક્રમે ગોત્ર, દ્રવ્ય અને આયુષ્યની એમ ત્રણ (મુખ્ય) રેખાઓ હોય છે. આ રેખાઓ ઠેર ઠેર કપાઈ ગઈ હોય અથવા તૂટી ગઈ હોય તો કુલ તથા ધન અલ્પ હોય છે. અને જો તેનાથી ઉલટા સ્વરૂપની

રેખાઓ હોય અર્થાત્ તૂટયા કે કપાયા વગરની હોય તો વિપરીત ફળ (અર્થાત્ ધન અને કુટુંબ મોટું હોય તેવું) થાય છે. જેને મણિબંધથી નીકળી પ્રદેશિની (તર્જની) ના મૂળ પર્યંત ગએલી રેખા હોય તે મનુષ્ય ઘણા મોટા કુટુંબવાળો તેમજ પ્રિય થઈ પડે તેવો હોય છે. જો આ ગોત્ર રેખા (મણિબંધમાંથી નીકળી અંગુઠા અને તર્જનીના વચ્ચેના ભાગમાં જનારી રેખા) ટુંકી હોય તો મનુષ્યનું કુટુંબ ટુંકું હોય, અને મોટી હોય તો મોટું હોય. આ રેખા તૂટેલી હોય તો વંશ તૂટેલો જાણવો. અને કોઈ રેખાથી કપાઈ હોય તો વંશ કપાઈ જાય એમ સમજવું. કનિષ્ઠિકા આંગળી (મૂળ ભાગની નીચે હાથની બાજુ ઉપરથી નીકળેલી રેખા)થી લઈ મધ્યમાં આંગળીને વટાવીને રેખા આગળ ગઈ હોય તેમજ તે તૂટયા કે કપાયા વગરની તેમજ પરિપૂર્ણ હોય તો મનુષ્ય સો વર્ષ જીવે છે. આ રેખા (એટલે આયૂરેખા) જેટલી વખત છેદાઈ હોય અને છેદાવા છતાં તૂટી ન ગઈ હોય, તેટલી વખત નક્કી ઘાત આવે છે, એમ જાણવું. કનિષ્ઠિકા આંગળીથી લઈ તર્જની પર્યંતની આયૂરેખા સો વર્ષની છે, માટે તે દરેકે દરેક આંગળીના પ્રદેશને પચીસ વર્ષનો જાણવા. **ગુરુની ઉર્ધ્વરેખા**—મણિબંધથી લઈ અંગુષ્ઠ અને પ્રદેશિનીના મધ્ય ભાગમાં જો રેખા જાય તો તેવી રેખાવાળા પુરુષને ધનસંપત્તિયુક્ત તથા વિચક્ષણ બુદ્ધિવાળો પુરુષ સમજવો. **શુક્રની ઉર્ધ્વરેખા**—આ રેખા અંગુઠામાં જતી હોય તો રાજ્યપદ આપે છે. **ઉર્ધ્વ રેખા**—જો મણિબંધમાંથી

રેખા નીકળી મધ્યમા આંગળી પર્યંત રેખા ગઈ હોય તો તે રેખા રાજા, સેનાધિપતિ અથવા આચાર્ય બનાવે છે. આ ઉર્ધ્વ રેખા તૂટયા વગરની, કપાયા વગરની, લાંબી, શાખાઓ રહિત અને પૂર્ણ હોય તો માણસને હજારો માણસોનું પોષણ કરનાર બનાવે છે. આ ઉર્ધ્વરેખા (ઉપર કહ્યાં તેવાં શુભ લક્ષણોવાળી) જો બ્રાહ્મણને હોય તો તેને વેદોનો જ્ઞાતા (મોટો વિદ્વાન) બનાવે છે. ક્ષત્રિયને રાજ્ય અપાવે છે. વૈશ્યને મહા ધનવાન બનાવે છે. અને શૂદ્રને (સંપૂર્ણ રીતે) સુખી કરે છે. સૂર્ય ઉપર જનારી ઉર્ધ્વ રેખા **સૂર્યરેખા**—મણિબંધમાંથી નીકળીને એક રેખા જો અનામિકાના મૂળમાં જાય તો તે રેખા ધનાઢય અને રાજ્યમાન્ય સાર્થવાહ (મોટો વેપારી, સંઘાધિપતિ, વેપારી મંડળનો પ્રમુખ) કરે છે. બુધ પ્રત્યે જનારી ઉર્ધ્વ રેખા **બુધરેખા**—મણિબંધમાંથી નીકળીને રેખા જો કનિષ્ઠિકા આંગળીના મૂળમાં ગઈ હોય તો તે રેખા યશસ્વી અને ધનસંપત્તિથી યુક્ત શ્રેષ્ઠિ (શેઠ) બનાવે છે. **ધનનાશ**—જેને ધનરેખામાં દેખાવમાં કાકપદ જેવું ચિન્હ પડયું હોય તે મનુષ્ય ધન પેદા કરે છે, અને તરત જ તેનો વ્યય પણ કરી દે છે. ૧૪૩ થી ૧૫૭

**મણિબંધ**—જેને મણિબંધમાં ત્રણ આંટા મારેલી યવમાલા પડી હોય (મણિબંધમાં ત્રણ યવમાલાઓ જેવી રેખાઓ હોય) તો નક્કી તે મહાધનવાન, સાર્વભૌમ નરેશ થાય છે. જેને હાથના મૂળ ભાગમાં (મણિબંધમાં) બે મનોહર

યવમાલાઓ હોય તે માણસ રાજમંત્રી અને મહાન્ બુદ્ધિશાળી થાય છે. જેને સારી મનોહર લાગતી એક જ યવમાલા મણિબંધમાં હોય તે મનુષ્ય ધનધાન્ય યુક્ત અને શ્રેષ્ઠિજનોથી પૂજા પામનાર થાય છે. જો ત્રણ યવમાલાઓ મણિબંધની બંને બાજુમાંથી નીકળી પૃષ્ઠને પણ વીંટાઈ જતી હોય તો ઉપરોક્ત ફળમાં અધિકતા જાણવી. આ ત્રણે મણિબંધની રેખાઓ પૂર્ણ હોય તો પૂર્ણફળ મળે. મધ્યમ હોય તો મધ્યમ ફળ મળે. અને ટુંકી હોય તો અલ્પ ફળ મળે છે. ૧૫૮ થી ૧૬૨

**ધર્મરેખા**—જેને આયુરેખા અને અનામિકાના અંતરાલમાં સ્પષ્ટ ઉર્ધ્વ રેખા હોય તે મનુષ્ય સતત ધર્મપરાયણ રહે છે. આંગળીઓના દરેક પર્વોમાં સ્પષ્ટ રેખા હોય અને યવચિન્હ પણ સ્પષ્ટપણે પડયું હોય તો શ્રેષ્ઠ રાજ્યનો લાભ થાય છે. **સ્ત્રીરેખા**—કનિષ્ઠિકા અને આયુરેખાના મધ્ય ભાગમાં જેટલી રેખાઓ હોય તેટલી સંખ્યામાં પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ (પતિ) થાય છે. જો આ રેખાઓ વિષમ (ખરાબ) પ્રકૃતિની અને સરલ સૂક્ષ્મ તેમજ દીર્ઘ રેખાઓ હોય તો ભાગ્યશાળી સુંદર સ્ત્રી મળે છે. પરંતુ જો ફાટી ગઈ હોય તો દુર્ભાગી સ્ત્રી મળે. અંગુઠાના મૂળ ભાગમાં જેટલી જાડી રેખાઓ હોય તેટલા પુત્ર થાય. અને જેટલી પાતળી રેખાઓ હોય તેટલી પુત્રીઓ થાય. મણિબંધથી આરંભી આયૂરેખા પર્યંત જેટલી સ્થૂલ રેખાઓ હોય તેટલી સંખ્યામાં ભાઈ અને જેટલી ઝીણી રેખાઓ હોય તેટલી બ્હેનો હોય છે.

આ ભાઈબ્હેનોની રેખાઓ પૈકી જેટલી તૂટેલી હોય યા કપાએલી હોય તે રેખાઓથી સૂચિત ભાઇબ્હેનોનો ભવિષ્યમાં નાશ થાય છે. અને જેટલી રેખાઓ પૂર્ણતયા હોય તેટલી સંખ્યામાં ભાઈબ્હેનો જીવે છે. ૧૬૩ થી ૧૬૯

હાથમાં માછલી, મગર, શંખ, પદ્મ આ ચિન્હો જો અંતર્મુખ હોય તો તેમનું ફળ સદાકાળ મળે છે. અને જો બહિર્મુખ હોય તો તેમનું ફળ પાછલી વયમાં મળે છે. જેના હાથમાં માછલીનું ચિન્હ હોય તેનું ધન સેંકડાઓમાં, મગરના ચિન્હવાળાનું સહસ્રોની સંખ્યામાં પરિમિત હોય છે. શંખવાળો લક્ષાધિપતિ અને પદ્મવાળો કરોડાધિપતિ થાય છે. આ ચિન્હો જો છિન્નભિન્ન, ફાટેલાં, કે અસ્પષ્ટ હોય તો તેમનું કંઈપણ ફળ નથી. આ ચિન્હો સવળા મુખનાં પ્રાય: સાર્વભૌમ રાજાઓને જ હોય છે. જેની હથેળીમાં ઉંચો પહાડ સ્પષ્ટ દેખાતો હોય તેને કોઈની સહાય ન હોય છતાં પ્રાય: રાજ્ય મેળવે છે. જેઓના હાથમાં રથ, પાલખી, હાથી, ઘોડો, બળદ ઈત્યાદિ આકૃતિઓ હોય, તેવા પુરુષોને બીજાના ઉપર વિજયની ઇચ્છા રહ્યા કરે છે. અને તે ઘણું ખરૂં સૈન્યાધિપતિ થાય છે. જેના હાથમાં હોડી, વહાણ કે જહાઝ સંપૂર્ણ દેખાતું હોય તે માણસ ધન, સુવર્ણ વહાણો અને રત્નનો અધિકારી બને છે.

સુખી મનુષ્યોને શ્રીવત્સ જેવું, રાજાઓના હાથમાં ચક્ર જેવું, વૈભવવાળા મનુષ્યોના હાથમાં વજ્ર જેવું, અને

બુદ્ધિમાન પુરુષોના હાથમાં માછલાની પૂંછડી જેવું ચિન્હ હોય છે. વાવ, વગેરે જલાશયનાં ચિન્હોથી ધર્માત્મા થાય છે. ત્રિકોણરેખાથી પણ ધર્માત્મા થાય છે. હળના ચિન્હવાળો જમીનદાર થાય છે. અને ખાણીઓ આદિ યજ્ઞપાત્રોનાં ચિન્હોવાળો યજ્ઞો કરનાર થાય છે. તરવાર, અંકુશ, ધનુષ્ય, બાણ, શક્તિ આદિ ચિન્હો જે માણસના હાથમાં હોય તે ખરેખર પૃથ્વીપતિ થાય છે અને આવો પુરુષ વીર હોઈ શત્રુથી અજેય રહે છે. પ્રાસાદ (મહેલ) રજ્જુ, કમંડલ, કલશ, સ્વસ્તિક, ધજા ઇત્યાદી ચિન્હોવાળા શ્રીમંત અને નિધિપતિ થાય છે. જેના હાથમાં દાંડા સહિતનું છત્ર અને બે ચામરોનું ચિન્હ હોય તે નોકર હોય તો પણ પૃથ્વીનાથ થાય છે. જે બ્રાહ્મણના હાથમાં યૂપનું (યજ્ઞના સ્તંભનું) ચિન્હ હોય અને વેદના પુસ્તક જેવું તથા બ્રહ્મતીર્થનું ચિન્હ હોય તે જરૂર વિશ્વનો સ્વામી અથવા અગ્નિહોત્રીઓમાં મુખ્ય થાય છે. ૧૭૦ થી ૧૮૧

જે બીજાનું પાલન કરવામાં તત્પર રહે છે, અને જે યશરૂપી ઘોડા ઉપર સ્વારી કરે છે, એવા પુરુષોને પોતાના ભાગ્યથી અંગુઠાનાં પર્વની અંદર સ્પષ્ટ યવનાં ચિન્હ હોય છે. અર્થાત્ અંગુઠામાં યવના ચિન્હવાળા ભાગ્યશાળી, પરોપકારી તથા કીર્તિમાન્ થાય છે. અંગુઠાના મૂળભાગમાં યવ હોય તો પુત્રોવાળા અને જ્ઞાની થાય છે. અને અંગુઠાના મધ્યભાગમાં યવ હોય તો ધન, સુવર્ણ અને રત્નોથી યુક્ત ભોગીપુરુષો

થાય છે. જેઓને અંગુઠાના મૂળમાં ત્રણ યવમાલાઓ હોય તે પુરુષો હાથીઓની સમૃદ્ધિથી યુક્ત રાજા અથવા પ્રધાન થાય છે. બે યવમાલા હોય તે પણ રાજપૂજિત થાય છે. અને એક યવમાલા હોય તો પણ ધનવાન તો થાય છે જ. જેને અંગુઠાના નીચે કાકપદનું સ્પષ્ટ ચિન્હ હોય તે માણસ પાછલી અવસ્થામાં શૂલના રોગથી જલદી મરી જાય છે. જેના હાથની રેખાઓ અસ્પષ્ટ, ઝીણી અને તૂટેલી હોય તેની લક્ષ્મી નાસી જાય છે. આ પ્રમાણે જ હાથમાં સારી રીતની પડેલી રેખાઓ સારૂં ફળ આપનારી હોય છે. અને અશુભ રીતે પડેલી રેખાઓ અશુભ આપે છે. ૧૮૨ થી ૧૮૮

અંગુઠો સીધો, સ્નિગ્ધ, ઉંચો, ગોળ અને દક્ષિણાવર્ત્ત હોય તે સારો ગણાય છે. ધનવાન પુરુષોને અંગુઠામાં પણ સરખાં ભરાવદાર પર્વ હોય છે. હંમેશાં ભાગ્યશાળી પુરુષોની આંગળીઓ ગોળ હોય છે. બુદ્ધિમાન પુરુષોની આંગળીઓ અણીદાર હોય છે. અને દીર્ઘાયુઃ પુરુષોની આંગળીઓ લાંબી તેમજ સીધી હોય છે. ટચલી આંગળી અનામિકાના ઉપરના પર્વને ઉલ્લંઘી આગળ વધી હોય તો નક્કી તેવા લક્ષણવાળા પુરુષને ઘણું ધન મળે છે. લાંબા પર્વવાળી આંગળીઓથી મનુષ્ય દીર્ઘાયુઃ અને ભાગ્યશાળી થાય છે. આછી આછી, વાંકીચુકી તથા શુષ્ક આંગળીઓથી મનુષ્ય ધનહીન થાય છે. ધનહીન પુરુષોની આંગળીઓ જાડી હોય છે. શસ્ત્ર ધારણ કરનારાઓની આંગળીઓ પાછળ નમી જતી હોય છે. ચપટી અને ટૂંકી આંગળીઓ નોકરોને હોય છે. જેને હાથની

આંગળીઓની સંખ્યા દશથી ન્યૂનાધિક હોય તે ધનધાન્યહીન અને અલ્પાયુ: થાય છે. જો કનિષ્ઠિકા અને અનામિકા વચ્ચે છિદ્ર હોય તો વૃદ્ધત્વમાં, અનામિકા અને મધ્યમામાં હોય તો તરૂણાવસ્થામાં, મધ્યમાં અને તર્જની વચ્ચે હોય તો બાલ્યાવસ્થામાં માણસને સુખ હોય છે. રાજાઓના હાથ ઉપર પરવાળા જેવા લાલરંગના, ચિકણા, કાચબાની પીઠની માફક ઉપસેલા, સ્નિગ્ધ, અને અણીદાર તથા આંગળીના નખવાળા પર્વના અર્ધ જેવડા મોટા નખ હોય છે. લાંબા, વાંકાચૂકા, તેજહીન, અણી વગરના અને તેજ કે મૃદુતાથી રહિત નખવાળો ધનધાન્યહીન થઈ જાય છે. જેના નખોને પુષ્પ આવ્યા હોય અથોત્ નખ ઉપર ડાઘ પડતા હોય તેઓ દુશ્ચરિત્ર હોય છે. ધોળા નખવાળા સંન્યાસી થાય છે. અનાજનાં ફોતરાં જેવા હોય તો તે પુરુષો ક્લીલ (હીજડા) થાય છે. રંગ વગરના હોય તો પારકી પંચાત કરનારા, અને ચપટા કે ફાટેલા નખવાળા દરિદ્ર થાય છે. ભોજરાજાના મતમાં ડાબા કે જમણા પગ કે હાથના નખો ઉપર આકસ્મિક ધોળા ડાઘા પડતા હોય તો તે શુભ લક્ષણ છે. ૧૮૯ થી ૧૯૯

કાચબાના જેવી પીઠ (શરીરની પીઠ–બરડો) હોય તો રાજા. ઘોડાના જેવી પીઠ હોય તો ભોગ ભોગવનાર થાય છે. અને વાઘ જેવી પીઠવાળો ધનસંપત્તિ તથા સુસજ્જ સેનાનો અધિપતિ થાય છે. જેને નસો તરી આવતી હોય તેવી પીઠ હોય તે નિર્ધનતા પામે છે. ભાગેલા કરોડવાળો પણ નિર્ધન થાય છે. મોટાં રૂંવાટાવાળી પીઠવાળો કષ્ટ ભોગવે છે. અને

પહોળી પીઠવાળો પોતાના બંધુઓથી જુદો પડે છે. જેની ગરદન (ઓછી) રૂંવાટાંવાળી, નસો દેખાઈ આવે તેવી અથવા વાંકીચુંકી, સાંકડી, વિચિત્ર હોય તે રોગ અને દારિદ્ર પામે છે. ગળાનો ભાગ ટુંકો હોય તે વખાણવા લાયક છે. જેને ગોળ ગળું હોય તે સુખી, ધની અને ભાગ્યશાળી થાય છે. અને શંખના જેવા ગળાવાળો એક છત્રપતિ રાજા થાય છે. પાડાનાં જેવા ગળાવાળો શૂરવીર થાય છે. લાંબા ગળાવાળો અગ્નિ જેવો થાય છે. વાંકા ગળાવાળો ચાડીઓ અને મોટા ગળાવાળો સુંદર બાબતોનો નાશ કરનાર થાય છે. ગધેડા કે ઊંટ જેવા ગળાવાળો દુ:ખી થાય છે. બગલા જેવા ગળાવાળો દાંભીક થાય છે. સુક્કા, નસોવાળા અને ચપટા ગળાવાળો ધનહીન થાય છે. ૨૦૦ થી ૨૦૫

# મુખ લક્ષણ

જેઓ પુણ્યશાળી હોય છે તેમનું ચિબુક (દાઢીનો ભાગ) ગોળ, માંસલ, બહુ નાનું કે બહુ મોટું નહોતાં મધ્યમ કદનું, તેમજ મૃદુલ હોય છે. જ્યારે દરિદ્ર પુરુષોને ઘણું નાનું કે ઘણું મોટું, જાડું તથા અગ્રભાગમાં બે ભાગમાં વહેંચાઇ જતું હોય છે. ચિબુકની બંને બાજુએ આવેલાં બે જડબાં સારી રીતનાં હોય છે. આ જડબાનો ગોળાવો વિશાળતા પકડતો હોય તો તે શુભ લક્ષણ છે. અન્યથા વિપરીત લક્ષણ છે. દાઢીના વાળ લાંબા, ચળકતા, અગ્રભાગમાં ફાટયા વગરના અને કોમળ સ્નિગ્ધ ઝીણા,

ભ્રમર જેવા હોય તે વખાણવા લાયક છે. જો દાઢીના વાળ લાલાશ ઉપર હોય તો માણસ પરદારગામી અને ચોર થાય છે. જો વાળ જાડા, રૂક્ષ, ઝીણા ફાટેલા તથા કાબરચિત્રા (પહેલેથી જ ભૂખરા રંગના) હોય તો માણસ નટ થાય છે, અને બહુ ક્લેશ ભોગવે છે. વીસમા વર્ષની આજુબાજુ એ એક વર્ષ પહેલાં કે પછી પુરુષમા શરીરમાં શુક્ર (વીર્ય) નો ઉદ્ભવ થાય છે. દાઢી મૂછ આવવાં એ વીર્યોત્પત્તિનું પૂર્વ લક્ષણ છે, અને તે લગભગ સોળમા વર્ષે ઉગે છે. ૨૦૬ થી ૨૧૦

જો ગંડ ઉન્નત હોય તો માણસ સુખી થાય છે. માંસલ હોય તો માણસ ભોગ વિલાસ ભોગવનાર થાય છે. જો સિંહ કે હાથીના જેવા ગંડ હોય તો તે મનુષ્યો નરાધિપ અને ધન્ય પુરૂષો થાય છે. જેમના કપોલ માંસહીન અને ટુંકા વાળોથી યુકત હોય તેમજ બેસી ગએલા હોય તે મનુષ્યો પાપી, દુઃખી, ભાગ્યહીન અને બીજાના ચાકર બને છે. ગોળમટોળ, નિર્મલ, નાનું, સ્નિગ્ધ, સૌમ્ય, સરખું સુગંધીયુક્ત તથા સિંહ કે હાથીના જેવું મુખ રાજાઓ તથા પુરેપુરો ભોગ ભોગવી શકે તેવા માણસોને હોય છે.

કહ્યું છે કે જે માણસનું મોં પોતાની માતાના મોંના જેવું હોય છે, તે પ્રાય : ભાગ્યશાળી હોય છે. દુર્ભાગી માણસોનાં મોં પહોળાં હોય છે. વાંઝીયાઓનાં મોં સ્ત્રી જેવાં હોય છે. ધૂર્ત પુરુષોનાં મોં ચોરસ હોય છે, અને કૃપણ પુરુષોનાં મોં

એકદમ નાનાં હોય છે. ડરપોક મોં પાપી પુરુષોને હોય છે. નમી ગએલું તેમજ વાંકું મોં પુત્રહીન માણસોને હોય છે. નિર્ધન પુરુષોનાં મોં લાંબાં હાય છે. અને ભાગ્યશાળી માણસોનાં મોં ગોળ હોય છે. ગધેડાં, ઊંટ, વાંદરા તથા વાઘ જેવાં મોંવાળા પુરુષો દુઃખી થાય છે. વાંકા મોં વાળા, વિકૃત મોં વાળા, સુકકા મોં વાળા તેમજ ઘોડા જેવા મોં વાળા નિર્ધન થાય છે. ૨૧૧ થી ૨૧૭

પાકા ગીલોડા જેવા અર્થાત્ બીંબફળ જેવા હોઠવાળો ધનવાન થાય છે. ગુલાબી હોઠવાળા બુદ્ધિમાન થાય છે. અને પરવાળા જેવા રંગના હોઠવાળો પુરુષ પ્રાયઃ રાજ્ય પ્રાપ્ત કરે છે. જેના ઉપલા અને નીચલા બંને હોઠ બે આંગળ લાંબા, કોમળ, ચિકણા, મૃદુલ, સુંવાળા અને સરખા હોય તે માણસ પ્રાયઃ ધનવાન થાય છે. જાડા હોઠવાળો સુભગ, લાંબા હોઠવાળો ભોગી, ઘણા લાંબા ટુંકા હોઠવાળો ડરપોક તથા નાના હોઠવાળો દુઃખી થાય છે. લુખ્ખા, સુકાઈ ગએલા, ફીક્કા, ફાટી ગએલા, તૂટેલા અને ઘણા જાડા હોઠવાળા (જેમને આવા હોઠ હોય તે) માણસો મોટે ભાગે ધનસુખથી રહિત અને પારકાના ચાકર બને છે. ૨૧૮ થી ૨૨૧

જેને મોગરાની કળી જેવા, લાલ રંગની પીઢીઓના જેવડા જ, એક બીજા સાથે મળી ગએલા, દાંત તથા સ્નિગ્ધ, ચિકણી અને અણીદાર દાઢો હોય તે પુરુષ ધનવાન થાય છે. ગધેડા કે હાથીના જેવા (બહાર ધસી આવેલા) દાંતવાળા

ધનવાન થાય છે. રીંછ કે વાનર જેવા દાંતવાળા નિર્ધન થાય છે. બીહામણા અને આછા, બેવડા કાળા, ઉંચા નીચા, અસ્તવ્યસ્ત અને રૂક્ષ દાંત નિંદ્ય પુરુષો ને હોય છે. બત્રીશ દાંતવાળો રાજા, એકત્રીશ દાંતવાળો ભોગી, ત્રીશ દાંતવાળો થોડા ધનવાળો અને અઠ્ઠાવીસ દાંતવાળો સુખી થાય છે. જો ઓગણત્રીસ દાંત હોય તો સદા દરિદ્ર અને દુઃખી થાય છે. ઉપર અને નીચેના મળી દાંત જો ઉપરની સંખ્યા કરતાં ઓછા હોય તો તે માણસને દુઃખી સમજવો. જન્મ પછી બાર મહીને નીચેની પીઢીમાં બે દાંત ઉગે છે. જેને રાજદંત કહે છે. જો સર્વ પ્રથમ નીચેની બાજુ દાંત ન આવતાં ઉપરની બાજુ આવે તો તે અશુભ છે. તેમજ જો જન્મની સાથે જ દાંત હોય તો તે પણ અશુભ લક્ષણ છે. જન્મ પછી બીજા વર્ષની અંદર બધા જ દાંત ઉગી જાય છે અને સાતમાંથી દશમાની અંદર પડી જઈ ફરી ઉગે છે. ૨૨૨ થી ૨૨૭

જીભ લાલ, લાંબી, સૂક્ષ્મ, કોમળ, પાતળી જેમને હોય તેઓ ત્રણે વેદના ગાનારા અને મિષ્ઠાન ભોજન કરનારા હોય છે. જેને જીભ અગ્રભાગમાં અણીદાર, સ્નિગ્ધ, લાલ કમળની પાંખડી જેવી બહુ જાડી નહિ તેમ બહુ પાતળી નહિ તેવી હોય તે માણસ પૃથ્વીપતિ થાય છે. ધોળા રંગની જીભવાળા પવિત્રતા રહિત હોય છે. કાળી જીભવાળા ધનહીન હોય છે. અને કાબરચિતરી જીભવાળા પાપી હોય છે. નાની રૂક્ષ, કઠોર, જાડી, અગ્રભાગ પર્યંત એક સરખી પહોળી મેલી અને પીળા રંગની જીભ જેમને હોય તે પુરુષ મૂર્ખ

હોય છે, અને દુ:ખથી આકુળ–વ્યાકુળ રહે છે. ૨૨૮ થી ૨૩૧

લાલ કમળ જેવા તાળવાવાળો ભૂમિપતિ થાય છે. અને તે પરાક્રમી હોય છે. ધોળા તાળવાવાળો ધનવાન હોય છે. અને હાથીના તાળવા જેવા તાળવાવાળો માણસ માંડલિક રાજા થાય છે. રૂક્ષ, કર્બુર રંગનું, કઠોર, મેલું તાળવું વખણાતું નથી. કાળું તાળવું કુલનો નાશ કરાવે છે. અને નીલરંગનું તાળવું દુ:ખ આપનાર છે. લાલ રંગનું તાળવું (અરુણોદયના રંગ જેવા રંગનું તાળવું) હોય તો માણસ ગુણવાન થાય છે. ગળાનો હૈડીયો અણીદાર અને જાડો હોય તો શુભ છે. પરંતુ લાંબી, કાળી, કઠિન, સૂક્ષ્મ અને ચપટી હોય તો તે સારી નથી ૨૩૨ થી ૨૩૪

જે પુરુષો પ્રધાન હોય છે, તેમનું હાસ્ય ઘણું ખરૂં જેમાં દાંત ન દેખાતા હોય, કપોલ સ્હેજ સ્હેજ વિકસિત થયા હોય, બહુજ મધુર લાગતું હોય, ધીરતા દેખાતી હોય, કંપ ન હોય તેવું હોય છે. મધ્યમ કોટિના પુરુષોનું હાસ્ય ખભા તથા માથાને કંપાવતું, આંખો બીડાઈ જાય અને તેમાંથી આંસુ પડે, અને વારંવાર કે અંતરમાં વિચિત્ર અવાજવાળું તથા ઉદ્ધત પ્રકારનું રહે છે. ૨૩૫–૨૩૬

# નાસિકા (નાક) લક્ષણ

જાડાં નસ્કોરાં અને અલ્પછિદ્રવાળી ચાર આંગળના પ્રમાણની, બહુ જાડી કે પાતળી ન હોતાં મધ્યમ પ્રકારની હોય તેવી નાસિકા દીર્ઘાયુ : અને ભોગી પુરુષોને હોય છે. ઉન્નત નાસિકાવાળો ભાગ્યશાળી હોય છે. હાથીની માફક મોટી નાસિકાવાળો સુખી અને ધનવાન થાય છે. સીધા નાકવાળો ભોગયુક્ત અને સુકાઈ ગયેલા નાકવાળો દીર્ઘાયુઃ થાય છે. તલના ફુલ જેવી નાસિકાવાળો તેમજ પોપટની ચાંચ જેવી નાસિકાવાળો માણસ ભૂપતિ થાય છે. અગ્ર ભાગમાં સ્હેજ વાંકી થતી નાસિકાવાળો ધનવાન થાય છે. અને ટુંકી નાસિકાવાળો ચારિત્રસંપન્ન હોય છે. ક્રમપૂર્વક પહોળી થએલી અને ઉન્નત નાસિકા રાજાઓને હોય છે. અને નિર્ધનને આગલા ભાગમાં બે ભાગ પડતા હોય તેવી અને ઘણી મોટી કે ઘણી નાની નાસિકા હોય છે અણીદાર બનતી નાસિકાથી ચૌરવૃત્તિ થાય છે. ચપટી નાસિકા સ્ત્રીનું મૃત્યુ કરે છે. કપાએલા જેવી દેખાતી નાસિકાથી અગમ્યા. ગમનમાં આસક્ત અને પાપી થાય છે. વિકૃત બનેલી, વચલા ભાગમાં બેસી ગએલી, અગ્રભાગમાં જાડી થએલી, તથા અગ્રભાગમાં ગંદી દેખાતી નાસિકા દુઃખનું કારણ બને છે. જમણી બાજુ વાંકી વળેલી નાસિકા અભક્ષ્યભક્ષણ કરનાર તથા ક્રૂર પુરુષને હોય છે. ભોગી પુરુષોને આનંદદાયક અવાજવાળી એક, ધનવાનોને બે, અને દીર્ઘાયુઃ પુરુષોને

ત્રણ છીંકો થાય છે. ભોગી પુરુષોને સાધારણ અને હલકા પ્રકારની ચાર છીંકો પણ થાય છે. અને થોડા રણુકારવાળી છીંક પુરુષોને કુશળ બનાવે છે. ૨૩૭ થી ૨૪૪

# ચક્ષુ (આંખ) લક્ષણ

ધનવાન પુરુષને સ્વચ્છ નીલમણિ જેવી અને કંઈક લાલાશ ઉપર સ્હેજ સ્હેજ સ્નિગ્ધ, તેમજ કીકીના ભાગમાં કાળી તથા ખુણાઓમાં લાલ આંખો હોય છે. હરતાલ જેવા રંગની આંખોવાળા માણસો ચક્રવર્તી થાય છે. નીલકમળની પાંખડી જેવી આંખોવાળા માણસો અભિમાની તેમજ વિદ્વાન હોય છે. લાખના જેવી લાલ આંખોવાળો નરેશ, મોતીના જેવી સફેદ આંખોવાળો વિદ્વાન અને જ્ઞાની થાય છે. તેમજ મધ જેવી અથવા સુવર્ણ જેવી પીળી આંખોવાળો માણસ પુષ્કળ ધનવાળો થાય છે. હાથીના જેવી નાની આંખોવાળો સેનાપતિ થાય છે. સારી લાંબી આંખોવાળો ભોગી થાય છે. પહોળી આંખોવાળા ભોગી થાય છે. અને કબુતર જેવી આંખોવાળો કામી થાય છે. હરણના બચ્ચા જેવી આંખોવાળો ભાગ્યશાળી થાય છે. સ્નિગ્ધ આંખોવાળો ઘણો જ ભોગવિલાસ વાળો થાય છે. જાડી આંખોવાળા બુદ્ધિમાન અને ગરીબડી આંખોવાળા ધનહીન થાય છે. નોળીયા કે મોરના જેવી આંખોવાળા જગતમાં મધ્યમ કોટિના પુરુષો થાય છે. દેડકા જેવી તેમજ કાગડા જેવી કે ગંદા રંગની આંખોવાળા અધમ કોટિના

માણુસો હોય છે. ધૂમાડા જેવા રંગની આંખોવાળા દીર્ઘાયુઃ થાય છે. ઉંચી આંખોવાળા અલ્પાયુઃ થાય છે. સ્થિર અને ગોળ આંખોવાળા પુરુષો યુવાની ઓળંગી શકતા નથી. સરલ મનવાળા સીધી નજરે જુએ છે. પુણ્યશાળી પુરુષોની દૃષ્ટિ ઉર્ધ્વ ગામી રહે છે. જે નીચી નજરે જુએ તે પાપી હોય છે. અને જે તિરછી નજરે જુએ તે માણુસ ક્રોધી હોય છે. જેની નજર કારણુ વગર આડીઅવળી ફર્યા કરે તે ધનહીન થાય છે. અને જેની નજર મ્લાન, અને રૂક્ષ હોય છે, તે પુરુષ પાપકર્મ કરનાર હોય છે. આંધળો માણુસ ક્રોધી હોય છે. આંધળાથી કાણો અને કાણાથી પણુ કેકરાક્ષ વધુ ક્રોધી હોય છે. (ચુંચરી આંખોવાળાને સંસ્કૃતમાં કેકરાક્ષ કહે છે.) પરંતુ કાણા અને ચુંચરા કરતાંય જેને લુચ્ચાઈથી દૃષ્ટિ ફેરવી લેવાની આદત હોય છે, તેઓ વધારે ક્રોધી હોય છે. સાપના જેવી નજરવાળો રોગી, બીલાડા જેવી નજરવાળો પાપી, ભયંકર નજરવાળો પાપી અને કૂકડા જેવી નજરવાળો કંકાશ કરનાર હોય છે. ઘુવડ જેવી આંખોવાળો ઘણો દુષ્ટ હોય છે. નાની મોટી આંખોવાળાઓને દુઃખી જાણવા. હંસ જેવી આંખોવાળા નિર્ધન થાય છે. અને વાઘ જેવી આંખોવાળા ક્રોધી થાય છે. જેઓની આંખની કીકી ઘણી જ કાળી હોય તેમની આંખો જરૂર બહાર કાઢી નાખવામાં આવે છે. ઘણી જ સ્નેહ યુક્ત નજરવાળ ડાહ્યા હોય છે. પરંતુ અલ્પાયુઃ થાય છે. ઘણાં પીળાં, ફીક્કાં, ચંચળ, અને ભ્રમમાં પડચાં હોય તેવાં નેત્રોવાળો માણુસ ખરાબ

હોય છે. ઘણી જ નાની, લાલ અને ફીક્કી તેમજ પાણીવાળી રહેતી આંખોવાળા નિર્ધન થાય છે. ૨૪૫ થી ૨૫૮

અહીં સામૂદ્રિકશાસ્ત્રમાં મુખને શરીરનું અર્ધ અથવા સંપૂર્ણ શરીર ગણવામાં આવે છે. (અથાત્ લગભગ મુખ ઉપરનાં શુભાશુભ લક્ષણોમાં જ બધું સમાઈ જાય છે.) મુખમાં પણ નાસિક શ્રેષ્ઠ છે. અને નાસિકાથી પણ આંખો ઉત્તમ છે. મજબુત, કાળી, આંખોના બંને છેડાઓ સુધી ખીચોખીચ ઉગેલી અને ઝીણી પાંપણોથી માણુસ સૌભાગ્ય, દીર્ઘાયુ અને ધનસંપત્તિ પામે છે. આછી પાંપણોથી માણુસ અધમ થાય છે. પીળી, જાડી અને રંગહીન પાંપણોથી પણ માણુસ અધમ થાય છે. જેઓને પાંપણો જ ન હોય એવા માણુસો અગમ્યાગમન કરવામાં આસક્તિવાળા અને પાપી હોય છે. જેને આંખના નિમેષ (પલકારા) ન થતા હોય અથવા એક માત્રા જેટલા વખતના અંતરે થતા હોય તે નિર્ધન થાય છે. બે માત્રાના અંતરે થતા હોય તે પારકાના આશ્રયે જીવન વ્યતીત કરે છે. ત્રણ માત્રાના અંતરે નિમેષ થતાં હોય તેવો માણુસ અથવા ચાર માત્રાના અંતરે જેને નિમેષ થતો હોય તે ધનવાન થાય છે. પરંતુ જેમને પાંચ માત્રા જેટલા સમયના અંતરે નિમેષ થતા હોય તેઓ દીર્ઘાયુઃ ધનવાન કે ભોગી થતા નથી. બહુ ઓછો નિમેષ થતો હોય, મધ્યમ પ્રકારનો હોય કે મોટો હોય તો અનુક્રમે અલ્પ, મધ્યમ અને દીર્ઘ આયુઃ ભોગવે છે. હાથ ઢીંચણની પછવાડે ફરી પાછો ગળાની ઘંટિકાનો સ્પર્શ કરે

તેટલા સમયને માત્રા કહેવાની પરિપાટી સામુદ્રિકશાસ્ત્રમાં છે. ૨૫૯ થી ૨૬૫

મંદરાચલ રૂપી રવૈયાથી વલોવાતા સમુદ્રના અવાજ જેવું ગંભીર જે બાલકનું રૂદન હોય તે મોટી પૃથ્વીનું પાલન કરે છે. પરસેવો તથા આંસુઓ વગરનું, સ્નિગ્ધ અને ભવ્ય રૂદન હોય તે સારૂં ગણાય છે. લુખ્ખું, ગરીબડું, કંકશ અવાજવાળું અને ખુબ આંસુ પડતાં હોય તેવું રૂદન દુઃખ આપે છે. નાકના ઉપલા છેડામાંથી બે પાંદડાં નીકળ્યાં હોય તેમ બીજના ચંદ્રના જેવી વાંકી, લાંબી, જાડી, શ્યામ રંગની ભ્રમરો હોય તો ધન આપે છ. એક બીજામાં ભળ્યા વગરની, સ્નિગ્ધ, મૃદુ કોમળ વાળની બનેલી ભ્રમરો વખાણવા લાયક છે. ટુંકી, જાડી, ઘણી પતલી, ખરબચડા અને પીળાશ ઉપરના વાળવાળી ભ્રમરો સારી ગણાતી નથી. જેમને ઘણું દુઃખ પડવાનું હોય તેવા માણસોની ભ્રમરો ટુંકા છેડાવાળી હોય છે, જે લોકો અગમ્યાગમન કરે છે, તેમની વચમાંથી નમી ગએલી હોય છે. અલ્પાયુઃ પુરુષોની ભ્રમરો ઘણી નમેલી હોય છે. અને દરિદ્ર પુરુષોની ભ્રમરો નાની મોટી અને ભાંગેલી હોય છે. જો આંખની ભ્રમરોની ઉપરની ઉપરનો ભાગ ઉન્નત તથા વિશાળ હોય તો માણસ ધનવાન, પુત્રવાન, થાય છે, અને જો તે ભાગ બેસી ગએલો હોય તો ધનસુખ અને પુત્રથી રહિત થાય છે. ૨૬૬ થી ૨૭૧

# કાન (કર્ણ) લક્ષણ

પુરેપુરી કાનપટ્ટીવાળો, અલ્પ છિદ્રવાળો કાન ઘણું-ખરું રાજાને હોય છે. લાંબા, અને સ્વભાવથી જ કોમળ, તથા પહોળા કાનવાળો, સુખી અને અગ્રેસર થાય છે. ઉંદરના જેવા કાનવાળો બુદ્ધિમાન હોય છે. અને શંખ જેવા કાનવાળો સેનાપતિ થાય છે ચપટા કાનવાળા ભોગી થાય છે. લાંબા વાળવાળા કાન હોય તો દીર્ઘાયુ થાય. ઘણા જાડા કાન હોય તો ઘણો ભોગી થાય. ટુંકા કાન હોય તો નિર્ધન થાય. માંસ વગરના કાન હોય તો પાપકર્મથી મૃત્યુ પામનાર થાય. લાંબા અને નસો તરી આવતા અને વાંકાચુંકા કાન હોય તો ઘણું ખરું માણસો ક્રૂર થાય છે. જેઓને ઘણા પહોળા કે ઘણા નાના, વચ્ચેના છિદ્ર વગરના અને દેખાવમાં ખરાબ લાગે તેવા કાન હોય તેઓ અલ્પાયુ અને દરિદ્ર થાય છે. ૨૭૨ થી ૨૭૬

# મસ્તક-કેશ લક્ષણ

વિશાળ માથાવાળું, ઘણું ઉન્નત, અર્ધચંદ્રના જેવું કપાળ હોય તો રાજ્ય આપે છે. અને આવું માથું જો (મોટી) છીપના જેવું વિશાળ લાગતું હોય તો આચાર્ય પદવી આપે છે. નાનું કપાળ હોય તો મનુષ્યો ધર્માત્મા થાય છે. કપાળમાં વચ્ચે ખાડો પડતો હોય, અથવા કપાળ

ઉંચું નીચું હોય તો માણુસ ધનહીન થાય. નમી ગએલા કપાળવાળા ક્રૂર કર્મ કરનારા તથા કેદખાનાની અને વધતી સજા ભોગવનારા હોય છે. જેઓને કપાળમાં નસો દેખાઇ આવતી હોય તે માણુસો સદૈવ પાપકર્મ કરનારા હોય છે. ઉન્નત કપાળવાળા ધનવાન હોય છે. અને જો કપાળમાં પડતી નસો દ્વારા સ્વાસ્તિક બનતો હોય તો પણ માણુસો ધનવાન થાય છે. કપાળમાં પાંચ રેખાઓ પડતી હોય તો સો વર્ષનું આયુ થાય છે. આવા લક્ષણુવાળા પુરુષની અથવા સ્રીની લક્ષ્મી ચાકર બને છે. કપાળમાં ચાર રેખાઓ પડતી હોવ તો માણુસ એંશી વર્ષનું આયુ ભોગવે છે. તેમજ રાજગાદી ભોગવે છે. કપાળમાં ત્રણુ, બે, કે એક રેખા પડતી હોય તો અનુક્રમે સિત્તોર, સાઠ તથા ચાલીસ વર્ષનું આયુ : થાય છે. જો કપાળમાં એક પણુ રેખા ન હોય તો પચીસ વર્ષનું આયુ : થાય, અને આવા પુરુષને દરેક પ્રકારની સંપત્તિ મળે છે. અથવા કપાળમાં ત્રણુ મોટી આડી રેખાઓ પડતી હોય તો સો વર્ષનું આયુ : જાણુવું. પૃથ્વીપતિઓને આવી મોટી આડી ચાર રેખાઓ હોય છે. અને તેઓનું આયુ : પંચાણું વર્ષનું થાય છે. ફક્ત બેજ રેખાઓ કપાળમાં હોય, પરંતુ તે છેક વાળ સુધી પહોંચી જતી હોવી જોઈએ. જો આવી રેખાએ હોય તો એંશી વર્ષનુ આયુ : થાય. જો આગળ પડતી પાંચ રેખાઓ ઘણી લાંબી હોય તો, સીત્તર અથવા સાઠ વર્ષનું આયુ થાય. અને ઘણી પણુ તૂટેલી રેખાઓ હોય તો પચાસ અથવા ચાલીસ વર્ષનું

આયુ: થાય. બંને ભ્રમરો ઉપર આડી રેખાઓ માલુમ પડતી હોય તો ત્રીસ વરસનું આયુ: થાય છે. અને આ રેખાઓ વાંકી હોય તો વીસ વર્ષનું આયુ : થાય છે. કપાળમાં તૂટી ગએલી કેટલીક રેખાઓ પડી હોય તો અગમ્યાગમન કરે છે. નાની નાની રેખાઓ પડી હોય તો માણસ અલ્પાયુ : થાય છે. એમ સુમન્ત નામના આચાર્યનો મત છે. જેના કપાળમાં રૂંવાટાંથી શ્રીવત્સ (સ્વરિતક), ધનુષ્ય ઈત્યાદિ ચિન્હો પડતાં હોય તે માણસ રાજા અથવા ભોગી થાય છે. રાજાઓનાં માથા હાથીના કુંભ સ્થળ જેવાં હોય છે. જેઓને ઘણું મોટું પશુ ધન હોય છે તેમનાં માથાં ગોળ હોય છે. ભોગી પુરુષોનાં માથાં સપાટ હોય છે. અને માંડલિક રાજાઓનાં માથાં ચડતા ગોળાવાવાળાં હોય છે. જેનું માથું ઉઘાડેલી છત્રી જેવું અથવા સ્રીના સ્તન જેવું હોય તે સાર્વભૌમ નરેશ થાય. અને જેમનું માથું વચ્ચેથી બેસી ગયું હોય તે જમીનદાર થાય. ઉંચા નીચા માથાવાળો ધનહીન હોય છે. કલાડા જેવા માથાવાળો દીર્ઘાયુ થાય છે. દુ:ખી માણસનું માથું લાંબુ હોય છે. અને માબાપનો ઘાત કરનારનું માથું ચપટું હોય છે. બે માથાવાળો (માથાના બે ભાગ થઈ ગયા હોય) ધનહીન થાય. માછલાના માથા જેવા માથાવાળો પાપી અને ઘણો દુ:ખી થાય. ઘડા જેવા માથાવાળો અધમ ચરિત્રનો થાય. મોટા અને બેસી ગએલા માથાવાળો નિંદ્ય પુરુષ હોય છે. ૨૭૭ થી ૨૯૩

રાજાઓના વાળ અખંડ, સ્નિગ્ધ, સીધા, મૃદુ અને

સરખા તેમજ પાતળા હોય છે. વળી તે ઘણા લાંબા અને સમુદ્રના તરંગોની માફક ઉંચા નીચા તરંગવાળા પણ હોય છે. દરિદ્ર પુરુષોના કેશ ઊભા, રૂક્ષ, કાબરા, જાડા, લાંબા ટુંકા તથા ખરબચડા, અને અગ્રભાગમાં ફાટેલા, ઘણા નાના, ઘણા મોટા, વાંકડીઆ તથા ઘણાં જુથવાળા કે બહુ જ આછા હોય છે. ૨૯૪–૨૯૫

સ્ત્રી કે પુરુષનું શરીર માંસ વગરનું, નાનું, કઠોર અને નસો તરી આવતી હોય તેવું હોય તો તે ઘણું જ અશુભ લક્ષણ છે. આયુર્દાની પરીક્ષા કર્યા પછી જ લક્ષણ જોવાં. કારણ અલ્પાયુ પુરુષોનાં લક્ષણોનું જ્ઞાન વ્યર્થ છે. હાથમાં રેખાદિથી બનેલું શુભ લક્ષણ બાહ્ય અને આભ્યંતર શરીરનાં શુભ લક્ષણોનું (કે જે અહીં વિસ્તારથી કહેવામાં આવ્યાં છે. તેમનું) પણ દ્યોતક બને છે. ૨૯૬ થી ૨૯૮

સામુદ્રિક તિલક નામના નરસ્ત્રીલક્ષણ શાસ્ત્રનો પહેલો શારીરાધિકાર સંપૂર્ણ.

# અધિકાર બીજો

ક્ષેત્ર-:—સંહતિ, સાર, અનૂક, સ્નેહ, ઉન્માન, પ્રમાણ, માન અને પ્રકૃતિ એ આઠ ભેદ મળવાથી ક્ષેત્ર કહેવાય છે. અને બધાંનું મિશ્રણ થઈ ગયું હોય તે પણ ક્ષેત્રના અંતર્વતી જ ગણાય. સંહિતઃ—માંસ, સ્નાયુ, હાડકાં, સાંધા વગેરેનું એકબીજા સાથે જે જોડાણ હોય છે, તેને સંહતિ,

સંહનન કે સંઘાત કહે છે. યંત્રની માફક અંગપ્રત્યંગ બરાબર યથાસ્થાને જોડાએલાં હોય, અને દૃઢ માલુમ પડતાં હોય, તેને સંહતિ કહે છે. જેને માંસ, હાડકાં તથા શરીરના સાંધા મજબુત હોય, તે સંહતિવાળો કહેવાય. સંહતિવાળો પુરુષ ધન્ય (ભાગ્યશાળી) તેમજ દીર્ઘાયુ થાય છે. જેના અંગ પ્રત્યંગના જોડાણ ઢીલાં હોય, શરીર માંસ વગરનું હોય, મોટી મોટી નસો દેખાતી હોય, સ્થૂલ હાડકાં દેખાતાં હોય, તે માણસ ક્લેશ ભોગવે છે. ૧ થી ૫

**સારઃ**—ચામડી, લોહી, માંસ, મેદ, અસ્થિ (હાડકાં) ચરબી અને વીર્ય. એમ સાર સાત પ્રકારનો ગણવામાં આવે છે. તેમનાં ફળ (નીચે મુજબ) કહીશ. अ—ચીકણી ચામડીવાળા બુદ્ધિમાન્, પાતળી ચામડીવાળા દુષ્ટ બુદ્ધિવાળા, મૃદુલ ચામડીવાળા ભાગ્યશાળી, અને જો આ ત્રણે પ્રકાર એકી સાથે હોય તો તે સુખ આપનાર સમજવાં. आ—જીભ, ઓઠ, દાંતનાં પેઢુઓ, હાથ, પગ, ગુદા, તાળવું અને આંખના ખુણાઓમાં જે લાલી દેખાય છે, તેનું નામ રક્તસાર છે. અર્થાત્ તે લોહીના સારવાળો ગણાય. જે રક્તસાર પુરૂષોને હોય, તે સ્ત્રી, ધન તેમજ પુત્રનું સુખ ભોગવે છે. इ—અંગ પ્રત્યંગમાં માંસ ભરાએલું માલુમ પડે તેનું નામ માંસસાર. માંસસાર પુરુષ વિદ્યા, ધન અને રૂપથી યુક્ત હોય છે. ઈ—નખ, દાંત અને દૃષ્ટિમાં જે ચિકાશ દેખાઈ આવે છે, તે મેદસાર લક્ષણ છે. મેદસાર પુરુષો સુખી અને સંત-

તિવાળા થાય છે. ङ—ખીલેલાં મોટાં મોટાં હાડકાં માલુમ પડતાં હોય, તે અસ્થિસાર કહેવાય. અસ્થિસાર માણસ રૂપાળો વિદ્વાન અને બળવાન હોય છે. ऊ—જે સંપૂર્ણ ખીલેલા અવયવો અને સારા દેહ પ્રમાણનો બળવાન અને સ્નિગ્ધ (ચીકણાં અંગવાળો) માલુમ પડતો હોય, તે મજ્જાસાર સમજવો. મજ્જાસાર પુરુષ સંતતિવાળો અને વિલાસી થાય છે. ए—જેનામાં વીર્ય ખુબ હોય તે શુક્રસાર કહેવાય. અને તે વિદ્વાન, ભાગ્યશાળી તથા રૂપાળો હોય છે. જ્યારે આ સાતે ભેદ એકી સાથે હોય, ત્યારે સમજવું કે તે સર્વોત્તમ લક્ષણ છે. ૯ થી ૧૨

**અનૂક** :—જીવાત્માએ પાછલા ભવોમાં જે કંઈ અભ્યાસ કર્યો છે (જેવું આચરણ કર્યું હોય છે તે), તેના સંસ્કારમાં રહી જવાથી તે આ જન્મમાં પણ થોડાવત્તા પ્રમાણમાં આચરણ કરે છે. તેના આ જન્મગત સ્વભાવને અનૂક કહે છે. જે મનુષ્યો સિંહ, વાઘ, ગરૂડ અને વૃષભના અનૂકના હોય છે, તે સુખી, વિજયી અને રાજા થાય છે. જે વાનર, પાડા, ભૂંડ, બકરાના અનૂકના હોય છે, તે સુખ, ધન અને પુત્ર રહિત હોય છે. અને જે ઊંટ, ગધેડા વગેરે અનૂકના હોય છે, તે દુઃખી અને નિર્ધન થાય છે. ૧૩ થી ૧૫

**સ્નેહ** :- ચિત્તને પ્રસન્ન કરવાવાળું જે કંઈ સામા મનુષ્યના અંગ પ્રત્યંગોમાં, અને ગતિ, બોલી ઈત્યાદિમાં માલુમ પડે છે, તેને સ્નેહ કહે છે. અને સ્નેહાળ મનુષ્યો

બહુધા સુખી થાય છે. આ સ્નેહ ભાગ્યશાળી પુરુષોને જીભ, દાંત, ચામડી, આંખો, નખ અને વાળ એમ છ સ્થાનોમાં હોઈ, છ પ્રકારનો જોવામાં આવે છે. જેમની જીભમાં સ્નેહ હોય તેઓ પ્રિયભાષી હોય છે. દાંતમાં સ્નેહવાળા મિષ્ટ ભોજન કરનાર નિવડે છે. ચામડીમાં સ્નેહવાળો દાસી પુત્ર હોય છતાં ખુબ સુખ ભોગવે છે. જેની આંખમાં સ્નેહ હોય છે, તે જનપ્રિય થાય છે. અને નખમાં સ્નેહવાળા ખુબ ધનવાન થાય છે, ને જનપ્રિય થાય છે. તેમજ કેશમાં સ્નેહવાળા બહુ પ્રકારના ભોગ ભોગવે છે. ૧૬ થી ૧૯

**ઉન્માન** :– જેવી રીતે ઈતર મજીઠ આદિ પદાર્થોનું તોલ કરવામાં આવે છે, તેવી જ રીતે મનુષ્યનું પણ તોલ કરવામાં આવે છે. અને તેના ઉપરથી પણ કેટલીક ભવિષ્યત્ વાતોનો નિશ્ચય થાય છે. આને ઉન્માન કહે છે. જેનું શરીર અઢી ભાર વજનનું હોય તે રાજા થાય છે. એક ભાર જેના શરીરનું વજન હોય તે કરોડપતિ થાય છે. અડધા ભારના શરીરવાળો સુખી અને ભોગી થાય છે. પા ભાર શરીરવાળો દરિદ્રી અને દુઃખી થાય છે. પૂર્વાચાર્યો માને છે, કે લાકડાં, મણિ આદિ રત્નો, તેમજ ખાણમાંથી નિપજતી ધાતુઓ અને બીજી વસ્તુઓમાં જેમ તેમની અંતર્ગત ચિકણાઈના કારણે વજન હોય છે. તેમ મનુષ્યમાં પણ શરીરાન્તર્ગત તત્ત્વોના કારણે વજન રહે છે. જેમ વજન વધારે રહે છે, તેમ તે વધારે સુખી થાય છે. ૨૦ થી ૨૩

**પ્રમાણ :-** પગથી તે શિખા સુધીની ઉંચાઈને પ્રમાણ કહે છે. કેટલાક આને આયામ કહે છે. મનુષ્યની ઉંચાઈ ૧૦૮ આંગળની છે. (અર્થાત્ ૪ાા હાથ ઉંચાઈ છે.) અને આ ઉંચાઈનો પુરુષ શ્રેષ્ટ છે, ૯૬ આંગળની ઉંચાઇનો મધ્યમ છે, અને ૮૪ આંગળની ઉંચાઇનો અધમ છે. પગતળીએથી ઘુંટનની ઉંચાઇ ૪ આંગળ, જાંઘ (પીંડીઓ) ની લંબાઇ ૨૪ આંગળ, ઢીંચણની લંબાઇ ૪ આંગળ, સાથળ ૨૪ આંગળ, પેઢું ૧૨ આંગળ, અને નાભિથી લઇ સ્તન પર્યન્તનું (પેટ સાથે) અંતર ૧૨ આંગળ, સ્તનથી ગળા સુધી ૧૨ આંગળ, ગળું ૪ આંગળ, અને હડપચીથી ઉપરનો મોઢાનો ભાગ ૧૨ આંગળ, આમ કુલ ૧૦૮ આંગળ ઉંચાઈ થાય છે. કેટલાક આચાર્યો માને છે કે, ૧૦૮ આંગળની ઉંચાઈ શ્રેષ્ઠ છે. અને ૧૦૦ની ઉંચાઇ મધ્યમ છે, જ્યારે ૯૦ આંગળની ઉંચાઈ અધમ છે. અને શ્રેષ્ઠ ઉંચાઇવાળા શ્રેષ્ટ, મધ્યમ તેમજ અધમવાળા અધમ થાય છે. આ બધી ઉંચાઈ દેશકાળને અનુસરીને હોય છે, અને તેથી જે માણુસને માપવો હોય તેના પોતાના આંગળથી (આંગળના વેઢાની લંબાઇથી) માપવો જોઇએ. દશરથના પુત્ર રામ તથા બલિરાજા એ બંને જણ ૧૨૦ આંગળની ઉંચાઇવાળા હતા. આથી તેઓ દુઃખી થયા, માટે ૧૦૮ થી વધારે ઉંચાઇનું ફળ સારૂં નથી હોતું. ૨૪ થી ૩૨

**માન :-** એક મોટા વાસણમાં છલોછલ પાણી ભરી તેમાં મનુષ્યને, (કે જેની ઉંમર ૨૫ વર્ષની થઈ હોય તેને)

બેસાડવો. અને તેમ કરતાં વાસણમાંથી જેટલા દ્રોણ પાણી બહાર નીકળી જાય, તેટલો માનપ્રાપ્ત પુરુષ કહેવાય, (દ્રોણ એટલે દોઢ મણ.) જેમનું શરીર માનપાપ્ત હોય તેઓ સંપત્તિશાળી થાય છે. અને માનથી ઓછાવત્તા પ્રમાણવાળા દુઃખ ભોગવે છે. મનુષ્યને પદ્માસનવાળી બેસાડવો, અને એક ઢીંચણથી બીજા ઢીંચણ સુધીની જે લંબાઈ થાય તેનું નામ પરિણાહ. અને આસનથી (જમીનથી) કપાળના અંત ભાગ સુધી (મસ્તક સુધી)ની જે ઉંચાઈ તેનું નામ ઉચ્છ્રાય સરખા ભાગ્યવશાત જે પુરૂષના પરિમાણ અને ઉચ્છ્રાય હોય તે ઉત્તમ પ્રકારનો પુરુષ છે. આવું કદાચિત જ બને છે. અંગ અને ઉપાંગનાં વિસ્તાર તથા (લંબાઈ પહોળાઈ) દ્વારા જે માન હોય છે. તે સંક્ષેપમાં હું કહીશ. પગના તળીઆની લંબાઈ (એડીથી અગુંઠા સુધીની) ૧૪ આંગળ અને પહોળાઇ ૬ આંગળ હોય છે. અંગુઠાની લંબાઇ ૨ આંગળ સુધી હોઇ શકે છે. અંગુઠાની જાડાઇ (પરિધિ) પાંચ આંગળ (સુધીની) હોય છે. પહેલી આંગળી અંગુઠા જેવડી, બીજી અંગુઠાથી એક ષોડશાંશ નાની, ત્રીજી ૧/૬ નાની અને ચોથી ૧/૬ નાની હોય છે. અને તે દરેક આંગળીઓના નખ તેમના પોતાના વેઢાના ૧/૩ જેટલા હોય છે. પહેલી આંગળી ૩ આંગળના પરિણાહવાળી અને ૧ આંગળ વિસ્તારવાળી હોય છે. બીજી આંગળીઓ અનુક્રમે એક બીજાથી ૧/૬ જેટલી નાની હોય છે. પ્રથમાંગુલીનો જે પરિણાહ બતાવ્યો, તે તેના આંગળ મુજબ હોય છે. જાંઘ (પીંડીઓ)નો પરિ-

ણાહ (સરાસરી પરિધિ) ૧૮ આંગળ, ઢીંચણનો ૨૧ આંગળ, અને સાથળનો ૩૨ આંગળ હોય છે. સાથળના સાંધાથી નાભિપર્યંતની ઉંચાઇ ૧૮ આંગળ હોય છે. નાભિ આગળનો પરિણાહ ૪૬ આંગળ હોય છે. બે કુચ વચ્ચેનું અંતર ૧૨ આંગળ. અને છાતી (બંને બગલસ્તનથી તિરછા સરખા ૬ આંગળના અંતરે હોય છે. ત્યાં સુધી)ની પહોળાઈ ૨૪ આંગળ થાય છે. અને ત્યાં આગળનો પીઠ સાથેનો પરિધિ ૫૬ આંગળ થાય છે. ખભાથી લઈ કોણી પર્યંત ૧૮ આંગળ, કોણીથી પોંચા સુધી ૧૬ આંગળ, અને પોંચાથી મધ્યમા આંગળીના મૂળ સુધી ૭ આંગળ હોય છે. આમ કુલ ૪૬ આંગળનો હોય છે. હથેલી ૫ આંગળની હોય છે. મધ્યમા આંગળીના વેઢાના અર્ધા જેટલી ઓછી મધ્યમાથી તર્જની હોય છે. અનામિકા પણ તેવડી જ હોય છે. અને કનિષ્ઠિકા આખા વેઢા જેટલી ઓછી હોય છે. અંગુઠો ૪ આંગળનો હોય છે. દરેકના નખ પોતાના પર્વના ½ જેટલા હોય છે. ગળાની પરિધિ ૨૪ આંગળ હોય છે. નાકની પહોળાઈ ૨ આંગળ હોય છે. હડપચીથી લઈ પાછળના ભાગના વાળના છેડા સુધીનું અંતર ૩૨ આંગળ હોય છે. અને તેટલું માથું કહેવાય છે. બે કાનના વચ્ચેનું અંતર ૧૮ આંગળનું હોય છે. આ પ્રમાણે પૂર્વાચાર્યોએ શરીરનું પ્રમાણ બતાવ્યું છે. અને ઉપયોગી હોઇ પ્રસંગવશાત મેં પણ કહ્યું છે, આ પ્રમાણ ૨૦ વર્ષની સ્ત્રી તેમજ ૨૫ વર્ષના પુરુષને લાગુ પડે છે. અર્થાત્ તેટલી

ઉંમરનાં સ્ત્રી પુરુષોનું માપ આટલું હોઈ શકે. માન અને ઉન્માનના ⅞ જેટલું આયુ ઘણી વખત જોવામાં આવે છે. ૩૩ થી ૫૪

**ક્ષેત્રઃ**—મનુષ્યનું પૂર્ણાયુઃ ૧૦૦ વર્ષનું માનવામાં આવેલું છે. અને તેના ૧૦ ભાગ પડતાં શરીરના ૧૦ ભાગ પડે છે. અને તેટલાં ક્ષેત્રો કહેવામાં આવે છે. જેમકેઃ—
પહેલો વિભાગઃ-પગના તળીઆથી ઘુટન સુધી. બીજોવિભાગઃ-જાંગ અને જાનુ (પીંડીઓથી લઈ ઢીંચણ સુધી) ત્રીજો વિભાગઃ-ઉરુ, ગુહ્યાંગ, અને વૃષણ સુધી. ચોથો વિભાગઃ-નાભિ સુધી કમરનો ભાગ. પાંચમો વિભાગ-પેટ. છઠ્ઠો વિભાગઃ-સ્તન સાથે છાતીનો ભાગ. સાતમો વિભાગઃ-ખભા (હાંસડી સાથે). આઠમો વિભાગઃ-ગળું, હોઠ સુધીનો ભાગ. નવમો વિભાગઃ-આંખો અને ભ્રમરો. દશમો વિભાગઃ-કપાળ અને માથું.

આ દસ ક્ષેત્રો ઉપરથી દસ પ્રકારની દશાઓ બને છે. જે ક્ષેત્ર અશુભ હોય તેની દક્ષા અશુભ જાણવી. અને શુભ ક્ષેત્રની દશા પ્રાયઃ શુભ નીવડે છે. પ્રથમનાં દશ વર્ષો સુધીમાં બાલ્યાવસ્થાની, દસથી વીસ સુધીમાં વૃદ્ધિની, વીસથી ત્રીસ સુધીમાં બલની, ત્રીસથી ચાલીસ સુધીમાં બુદ્ધિની, ચાલીસથી પચાસ સુધીમાં ચામડીની, પચાસથી સાઠ સુધીમાં વીર્યની, સાઠથી સિત્તોર સુધીમાં પરાક્રમની, સિત્તોરથી એંસી

સુધીમાં ચિત્તની, એંસીથી નેવું સુધીમાં કર્મની અને નેવુથી સો સુધીમાં ઇન્દ્રિયોની નિવૃત્તિ થઈ જાય છે. ૫૫ થી ૬૦

પ્રકૃતિ—પૃથ્વી, જલ, અગ્નિ, પવન, આકાશ, દેવ, મનુષ્ય, રાક્ષસ, પિશાચ અને તિર્યંચ (ઢોર ઈત્યાદિ) આ પ્રમાણે દસ પ્રકારની પ્રકૃતિ હોય છે. અને ક્રમથી તેનાં લક્ષણો કહીશ. જે મનુષ્યના શરીરમાંથી ચંદન અને પુષ્પો જેવી સુંગધી આવતી હોય, તેની પૃથ્વી પ્રકૃતિ સમજવી. અને પૃથ્વી પ્રકૃતિવાળા પ્રાયઃ સ્થિરવૃત્તિવાળા, સુખી અને ભોગી હોય છે. જે મનુષ્યની વાણી મીઠી હોય, અને તેને જો પાણી વધારે પીવા જોઇતું હોય તો તેની પ્રકૃત્તિ જલની કહેવાય છે. જલની પ્રકૃત્તિવાળા મીઠા રસોને વધારે પસંદ કરે છે. તે વસ્તુ મેળવે પણ છે. જે મનુષ્યો અતિ ચપળ હોય છે, તીક્ષ્ણ સ્વભાવના, ભુખાળવા અને ઘણું ખાનાર હોય છે. તેઓ અગ્નિ–પ્રકૃતિવાળા હોય છે. ચપળતા સાથે તેઓ પ્રતાપી હોવા જોઈએ. મીઠું બોલનારો, સુકકો, ઉતાવળો અને ક્રોધી હોય તે વાત પ્રકૃતિનો જાણવો. જે મનુષ્યો સ્વરકુશળ હોય છે (ગાયકો તેમજ શબ્દના ગુણદોષને જાણવાવાળા),અને ખીલેલી આંખોવાળા હોય છે, તેઓ આકાશપ્રકૃતિના સમજવા. આકાશ પ્રકૃતિવાળા વિદ્વાન્ અને શિક્ષિત થાય છે. જે મનુષ્યોમાં ત્યાગપ્રીતિ (દાનશીલતા) હોય છે, તેઓ દેવપ્રકૃતિના જાણવા, અને તે લોકો પ્રેમાળ, તેમજ ક્રોધી પણ હોય છે. (તેમનો ક્રોધ

ક્ષણિક અને દ્વેષરહિત હોય છે.) જે મનુષ્યો આભૂષણ, ગીત વગેરેમાં પ્રીતી રાખનારા હોય, તેઓ મનુષ્યપ્રકૃતિવાળા યોજના કરવામાં કુશળ હોય છે. જે મનુષ્યો ખરાબ ચેષ્ટા-વાળા અને ક્રોધી હોય છે, તેમને રાક્ષસપ્રકૃતિના સમજવા. અને તેઓ પાપી નિવડે છે. જે યદ્વાતદ્વા બકયા કરનારા, જાડા હોય છે, તેઓ પિશાચ પ્રકૃતિના જાણવા. પિશાચ અને પ્રકૃતિવાળા, મેલા સ્વભાવના અને ચલવૃત્તિવાળા હોય છે. અને જેઓ નીચ પુરુષોની સોબત કરનારા હોય છે, તેઓ તિર્યંચપ્રકૃતિના જાણવા. વળી તેઓ ખુબ ખાનારા હોય છે. અર્થાત્ તેઓ ઢોર જેવા સ્વભાવના જ હોય છે. આ પ્રમાણે દશ પ્રકારની પ્રકૃતિઓ જેમ પૂર્વાચાર્યોએ કહી છે, તેમ મેં પણ કહી. હવે મિશ્રકલક્ષણ કહીશ. ૬૧ થી ૬૭

મિશ્રકલક્ષણ :– જેઓને નાની ઉંમરમાં જ વૈભવ તથા સમૃદ્ધિની ખુબ ચાહના હોય, અને સત્તા તથા ખાનપાન આદિનું ખુબ સુખ મળે, તેઓ ઘણું ખરૂં અલ્પાયુષી હોય છે. જેમનાં અંગ, ચાલાકી, શક્તિ, આંખ તથા બીજી ઇન્દ્રિયો ધીમે ધીમે નાશ પામે તે દીર્ઘાયુ હોય છે. જેનું મુખ બીજા અંગો કરતાં સુંદરતામાં અને શુભ લક્ષણોમાં ચઢી જતું હોય, તેને ધન, ધાન્ય અને જ્ઞાતિમાં અગ્રપણું મળે છે. જેઓ બહુ કાળા હોય, બહુ ગોરા હોય, બહુ જાડા હોય, બહુ જ સુકા હોય, ખુબ લાંબા હોય અથવા ખુબ ઠીંગણા હોય તેઓમાં સત્ય હોતું નથી. જે ચપળ, જાડો, કાન્તિરહિત

(લુખી ચામડીવાળો), ખુબ (માંસથી) ભરેલા શરીરવાળો અને નસો દેખાઈ આવતી હોય તેવો હોય, તેને વૈતરણ સંજ્ઞા આપવામાં આવી છે. આ વૈતરણ સંજ્ઞક પુરુષો લોભી અને અસંતોષી હોય છે. જેનું શરીર ગમે તે અન્ન ખાવાથી પણ પુષ્ટ થતું હોય, તે દુદુબક કહેવાય છે. અને તે કલ્યાણકારી તથા વૈરાગ્યવાળો થાય છે. સમસ્ત દુનિયામાં સત્વ, રજ અને તમઃ એ ત્રણ ગુણો જ જોવામાં આવે છે. કોઈનામાં એક તો કોઇનામાં બે, અથવા કોઇનામાં ત્રણે ભેગા જોવામાં આવે છે. અને તેમના ઓછાવત્તા પ્રમાણને અનુસરી મનુષ્યના ગુણો બંધાય છે. જે દયાળુ, સત્યવાદી, સ્થિરવૃત્તિનો, સરલ હોય છે, તેમજ દેવગુરુની ભક્તિ કરનારો, અને સુખદુઃખમાં સરખી બુદ્ધિ રાખનારો હોય છે, તેને સત્ત્વગુણી જાણવો. જે કાવ્યકલામાં પ્રવીણ, ખાનદાન સ્ત્રીઓને ચાહનારા અને શૂરો હોય છે, તે રજોગુણ ધરાવે છે, એમ સમજવું. અને તે ઉત્કર્ષને પ્રાપ્ત કરે હે. જે નિદ્રાળુ, આળસુ, ક્રોધી અને મૂર્ખ હોય છે, તે તમોગુણી જાણવો. તે ઘણુંખરૂં કોપને જ પ્રાપ્ત કરે છે. આ સત્ત્વ, રજ અને તમોગુણના મિશ્રણ·પણાથી ઘણા ભેદ પડે છે. ૬૮ થી ૭૭

જો કે શુભાશુભ લક્ષણોને આધારે શુભાશુભ ફલ કહેવામાં આવે છે. છતાંય તે લક્ષણોની પરીક્ષા વારંવાર કરી તેઓનું ફલ કહેવું, સહસા ફલ કહી નાખવું નહિ, કારણ કેટલીક વખત કુદરત આશ્ચર્યજનક ફલ પણ કરી નાખે છે.

જેમકે ઘણા લંબુસો બુદ્ધિમાન હોય છે. ઘણા ઠીંગણાઓ મૂર્ખા પણ હોય છે. માંજરાઓ પવિત્ર હોય છે, અને કાળી આંખોવાળા (ઘણી કાળી કીકીવાળા) સચ્ચરિત્ર હોય છે. દાંતવાળાઓ મૂર્ખા હોય છે, રૂંવાટાંવાળા અલ્પાયુષી હોય છે. વળી જેઓ લંબુસ હોય છે, તેઓ કદાચિત્ કઠોર પણ હોય છે. આ બધું આશ્ચર્ય જેવું છે. કેમકે લક્ષણોનાં ફળ મુજબ તેમ ન થવું જોઈએ. પરંતુ આવું આશ્ચર્યજનક કેટલીક વખત આવી જાય, તેટલા ઉપરથી લક્ષણો અને તેમનું ફળ વ્યર્થ છે, એમ સમજવાનું નથી. કહેવાની મતલબ એટલી જ છે, કે સારી રીતે પરીક્ષા કર્યા બાદ ફળ કહેવું. સારી આંખોવાળા દુર્ભાગી હોતા નથી. સારી ગ્રીવાવાળા મજુર બનતા નથી. તેજહીન ચામડીવાળા ભોગ ભોગવી શકતા નથી. અને ખરબચડી ચામડીવાળા સુખ ભોગવી શકતા નથી. જેમનાં હાથ, પગ, કાન, માથું, ખભા, છાતી, જઠર અને કપાળ વિસ્તૃત હોય છે, તેઓ પૂજા કરવા લાયક છે. લાલ આંખોવાળા લક્ષ્મીવાળા થાય છે. લાંબા હાથવાળા અધિકારી બને છે. પુષ્ટ શરીરવાળા ખેડુત બને છે. અને માંસથી ભરેલા શરીરવાળા ભાગ્યશાળી નીવડે છે. જે મનુષ્ય સુંદર બાંધાનો, માંસલ, મૃદુ, તેજસ્વી, અને સુંદર હોય છે, તે પ્રાયઃ સુખી હોય છે. તલ અથવા મસ કે કોઇપણ ચિન્હ (લાખું, લસણીયો વગેરે) પુરૂષના જમણા અંગે હોય તો શુભ ફળ આપનારાં સમજવાં. ડાબે અશુભ ફળ આપે છે. નખ, કાન, વાળ, રૂંવાટાં, જીભ, આંખ, મોં અને દાંતમાં

જેમને સ્નેહ (સુંવાળાપણું અને ચમકીલાપણું નથી, તેમનું પૃથ્વી પર હોવું નકામું છે. ૭૮ થી ૮૭

**મનુષ્યોનાં ૩૨ લક્ષણો**—નખ, પગ, હાથ, જીભ, ઓઠ, તાળવું અને આંખના ખુણા એ સાત લાલ હોવાં જોઇએ. કાખ, છાતી, ગળપચી, નાક, નખ અને મુખ એ છ ઉન્નત (ઉંચાં આવેલાં) જોઇએ. દાંત, ચામડી, વાળ, આંગળીના વેઢા અને નખ એ પાંચ સૂક્ષ્મ જોઇએ. આંખ, સ્તન, જીભ, દાઢી અને હાથ એ પાંચ દીર્ઘ જોઇએ. કપાળ, છાતી, મોઢું એ ત્રણ વિશાળ (પહોળાં) જોઇએ. ગળું, જંઘા (પીંડીઓ) અને જનનેન્દ્રિ એ ત્રણ નાનાં જોઇએ. સ્વર, નાભિ અને સ્વર એ ત્રણ ગંભીર જોઇએ. આમ સાત લાલ, છ ઉન્નત, પાંચ સૂક્ષ્મ, પાંચ દીર્ઘ, ત્રણ વિપુલ, ત્રણ લઘુ અને ત્રણ ગંભીર એમ ૭+૬+૫+૫+૩+૩+૩=૩૨ લક્ષણો ગણાય છે. જેમને આ ૩૨ લક્ષણો હોય, તેઓ મહાપરાક્રમી, ધનવાન અને સુખી થાય છે. પૃથક્ વિચાર કરતાં જેમને પહેલાં સાત લક્ષણો હોય તેઓ ધનવાન થાય છે. બીજાં છ હોય તેઓ ઉન્નતિ પ્રાપ્ત કરે છે. ત્રીજાં પાંચ હોય તેઓ ધનવાન થાય છે. ચોથાં પાંચ હોય તેઓ દીર્ઘાયુષી અને પરાક્રમી થાય છે. પાંચમા ત્રણ હોય તેઓ રાજા થાય છે. છઠ્ઠા ત્રણવાળા પણ રાજા થાય છે. અને સાતમા ત્રણ લક્ષણવાળો મહાયશસ્વી રાજા થાય છે. કામશાસ્ત્રમાં કહેલા શશ, વૃષ અને હય એમ મનુષ્યોના ત્રણ ભેદ થાય છે. તેમનાં લક્ષણ મનથી અમે કહીએ છીએ. જેનું લિંગ છ

આંગળનું હોય, અથવા આઠ આંગળનું હોય તે પુરુષ શશ કહેવાય, નવ, દશ કે અગીઆર આંગળનું લિંગ હોય તે વૃષ પુરુષ કહેવાય, જેનું લિંગ બાર કે તેર આંગળનું હોય તે હય જાતિનો પુરુષ રહેવાય છે. રતિક્રિયામાં શશ, વૃષ અને હય જાતિના પુરુષોને સરખા પ્રમાણના ગુહ્યાંગવાળી સ્ત્રી સાથે, પછી તે નોકર–ચાકર કે ગમે તે વર્ણની હોય, છતાં પરમ પ્રીતિ થાય છે. જેમને ભૂખ લાગતાં અન્ન, તૃષા લાગતાં પાણી, મુસાફરીમાં વાહન અને પરિશ્રમમાં રક્ષા પ્રાપ્ત થતી હોય, તેઓ જ ભાગ્યશાળી ગણાય. ૮૮ થી૯૯

**સામુદ્રિકતિલક નામનો નરસ્ત્રીલક્ષણશાસ્ત્રનો બીજો શારીરાધિકાર સંપૂર્ણ.**



# અધિકાર ત્રીજો

## હસ્ત લક્ષણ

અંગ અને ઉપાંગ સહિત આખું શરીર મેં કહ્યું. હવે આવર્ત (ભમરીઓ) આદીનાં લક્ષણો અમે કહીશું. ભમરીઓ રૂંવાટાં, ચામડી અને વાળ એમ ત્રણ પ્રકારથી બને છે. આમાંથી જે કોઈ ને ભમરી દક્ષિણાવર્ત (જમણી બાજુ નમતી) હોય, સુંદર હોય અને સ્પષ્ટ હોય તે સારી. ડાબી ખોટી જાણવી. આમાંથી ચામડીથી થનારી ભમરીઓ હથેળીમાં (આંગળીઓના ટેરવે પણ, જેને સામાન્ય લોકવ્યવહારમાં ચક્ર કહ્યા કરે છે), પગના તળીએ, કાન ઉપર, અને નાભિમાં થાય છે. અને રૂંવાટાથી થનારી ભમરીઓ હાથપગ તથા વાંસામાં, અને વાળથી થનાર માથામાં થાય છે. જેના માથામાં ડાબા અને જમણા બંને પડખે, જમણી ભમરીઓ હોય તે ખુબ ધનવાન થાય છે. જેની ભ્રમરો વચ્ચે સુંદર ભમરી (રૂંવાટાથી બનતી) જમણી બાજુની હોય તે રાજા થાય છે. જેના બંને હાથ ઉપર હાથનું ઘરેણું હોય તેમ ભમરીઓ હોય તે જરૂર જમીનદાર થાય છે. જેની હથેળીમાં સાફ જમણી ભમરી હોય તે શુદ્ધ આચારવાળો, ધનવાન અને ધાર્મિક માણસ થાય છે. ભાગ્યશાળી માણસોની પાંચે આંગળીઓના ટેરવે જમણી ભમરીઓ હોય છે. અને દુર્ભાગી માણસોને ડાબી હોય છે. નાભિ ઉપર તેમ જ કાન ઉપર પડનારી જમણી ભમરીઓ પણ શુભ ફળ આપે છે. માથામાં એકજ સુંદર જમણી ભમરી

(મસ્તિષ્કના મધ્યભાગે) પડતી હોય, તે પણ શુભ ફળ આપે છે. જેના માથામાં ડાબી બાજુ સ્પષ્ટ ડાબી ભમરી હોય, તે ઘણો દુઃખી થાય છે. અને ભીખ માંગતાં પણ તેને સારી ભીખ મળતી નથી. ડાબી બાજુએ જમણી અને જમણી બાજુએ ડાબી ભમરીઓ જેને હોય, તેની પાછલી અવસ્થા ભોગરહિત થાય છે, એમાં સંદેહ નથી. જેના કપાળ વચ્ચે ભમરી હોય (પછી ભલે તે ડાબી હોય કે જમણી હોય) તે અલ્પાયુ અને દુઃખી થાય છે. જેના પગમાં બે ભમરીઓ સ્પષ્ટ દેખાતી હોય તે ઘણો જ દરિદ્ર અને જડમતિ હોઈ રાતદિવસ ભટક્યા કરે છે. ૧ થી ૧૩

# ગતિ, છાયા, સ્વર આદિ લક્ષણ

ગતિ :– જે માણસોની ચાલ મોર, બીલાડો અને સિંહની માફક હોય, ક્રમવાર સુખપૂર્વક ફાળ ભરતી તાલબદ્ધ હોય, તે ભાગ્યશાળી થાય છે. જે પુરુષો હાથી, નોળીયો અને હંસની માફક ચાલે છે, અથવા આખલાની માફક ચાલે છે, તે નિરંતર ધર્મ, અર્થ અને કામની સાધના કર્યા કરે છે. જે પુરુષો શિયાળ, ઊંટ, ગધેડો, કાચંડો, સસલો, દેડકો અને હરણની માફક ચાલે છે, તે સુખ અને માનથી રહિત હોય છે. અસ્તવ્યસ્ત, ઉંચી નીચી, ધીમી, ટુંકા ડગલાંવાળી, ચંચલ, ઘણી ઉતાવળી, જડ જેવી, પગ અથડાવતી અથવા પહોળા પગ રાખી ચલાતી અથવા પગ એક બીજાને ઘસાતા હોય તેવી

ચાલ સારી ગણાતી નથી. ધનવાન પુરુષોની ચાલ એક સરખી, અવાજ વગરની, નિયમિત પગલાં પાડતી અને બરાબર પગલાં જમાવતી હોય છે. જ્યારે દરિદ્ર પુરુષોની ચાલ ઢંગધડા વગરની, વચ્ચે વચ્ચે રોકાઇ જતી, અને ઘડીમાં વધતી તો ઘડીકમાં ટૂંકી થતી હોય છે. ૧૪ થી ૧૮.

છાયા (કાન્તિ) :– પુરુષના ઉપર પાર્થિવ, જલમયી, આગ્નેયી, વાયવી અને આકાશીય એમ પાંચ પ્રકારની છાયા પડે છે, અને તે બીજા લક્ષણોને દબાવી દે છે. આ છાયા દેહની ઉપર પોતાનું તેજ બતાવતી, નીતરેલા મેઘથી આચ્છાદિત આકાશને લઇ છવાએલા અંધકારમાં દીપકલિકાની માફક માલુમ પડી આવે છે, અને શુભાશુભ ફળને આપે છે. જ્યારે મનુષ્યના દાંત, નખ, રૂંવાટાં, ચામડી અને વાળ સુંદર ચમકીલાં દેખાતાં હોય, અને રેખાઓ સાફ માલુમ પડી આવતી હોય ત્યારે પાર્થિવ છાયા છે, એમ સમજવું. અને જ્યારે પાર્થિવ છાયા હોય ત્યારે ધન, ધર્મ, સુખ અને ભોગવૈભવ આપે છે. જ્યારે નવા મેઘના જલની માફક તેજવાળી કાંતિ છવાએલી માલુમ પડે ત્યારે તે જલમયી છાયા છે, એમ સમજવું, જલમયી છાયા દરેક કાર્યમાં સિદ્ધિ આપનારી અને ભાગ્યને ઉત્પન્ન કરનારી છે. જ્યારે પ્રાતઃકાલના સૂર્યના જેવી, અથવા પ્રવાલ, સુવર્ણ અને પોખરાજના જેવી કાંતિ ઝળહળતી હોય ત્યારે તે આગ્નેયી છાયા છે, એમ સમજવું. આગ્નેયી છાયા હોય ત્યારે પુરુષાર્થ અને પરાક્રમથી જય અને ધનનો લાભ થાય

છે. જ્યારે ફીકી, મલીન, દીન, ચલ, શાઠ્યતાવાળી, છાયા દેખાતી હોય ત્યારે તેને વાયવી છાયા સમજવી. વાયવી છાયા બંધન કરાવે છે અને ધનનો નાશ કરે છે. જ્યારે સ્ફટિકની માફક ઉદ્દામ સ્વચ્છ છાયા માલુમ પડતી હોય ત્યારે તે આકાશીય છાયા છે, એમ જાણવું. અને જ્યારે આકાશીય છાયા હોય ત્યારે ધન, ધાન્ય, સુખ, સંતાન અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. આ પાંચ છાયાઓ સૂર્ય, વિષ્ણુ, ઈન્દ્ર, યમ અને ચંદ્રના જેવા લક્ષણો વડે બને છે એમ કેટલાક કહે છે. અને તેવી છાયાવાળાને તે દેવતા જેટલું સુખ મળે એમ કહે છે, પણ તેમ બનવું અશક્ય હોઈ (મેં) જુદું જુદું ફળ કહ્યું છે. ૧૯ થી ૨૬

**સ્વર (અવાજ)**:—જે માણસનો અવાજ સ્નિગ્ધ, આનંદદાયક, આનંદપૂર્વક ઉચ્ચારાએલ, સારસના કૂંજન જેવો, ઉચ્ચ અને વિપુલ હોય છે તે સંપત્તિ મેળવે છે. જેમનો અવાજ નગારાના અવાજ જેવો, સાંઢ, મૃદંગ, મોર, મૃગ અને ચકલા જેવો હોય છે, તેઓ પણ ભોગવિલાસથી યુક્ત રાજા જેવા થાય છે. જમનો અવાજ ઘડી ઘડીમાં બદલાતો, ઝીણો, સંકુચિત, ખેંચાએલો, ગદ્‌ગદતા બતાવનાર, દીન, કઠોર અને જર્જરિત હોય તે ઘણુંખરૂં દરિદ્ર હોય છે. જેમનો અવાજ વરૂ, કાગડો, ઘૂવડ, વાંદરો, ઊંટ, શિયાળ, ગધેડો અને ભૂંડના જેવો હોય તે માણસો દુષ્ટ હોય છે. જેનો અવાજ સારો નથી.૨૭ થી ૩૦

ગંધ:—મનુષ્યનો શ્વાસ અને પરસેવો એ બે કારણોથી તેના શરીરમાંથી સારી કે ખોટી બે પ્રકારની ગંધની નીકળે છે. જો કપુર, અગરૂ, ચંદન, કસ્તૂરી, જાયફળ કે તમાલ જેવી અથવા હાથીના મદ જેવી સુગંધી નીકળતી હોય, તો તે મોટે ભાગે ભોગી પુરુષ છે, એમ જાણવું. અને જો માછલી, ઈંડાં, ઉકરડો, લોહી, લીમડો, ચરબી, કાગડાનો માળો અથવા બગલાના જેવી દુર્ગંધ નીકળતી હોય તો સમજવું કે તે દરિદ્ર થવા માટે જ જન્મેલો છે. ૩૧ થી ૩૩

વર્ણ:—ગૌર, શ્યામ અને કૃષ્ણ એમ ત્રણ પ્રકારના રંગ મનુષ્યોના હોય છે. આમાંથી પહેલા બે (ગૌર અને શ્યામ) શ્રેષ્ઠ છે, કૃષ્ણ ખરાબ છે. તેમજ મિશ્ર રંગ હોય તે પણ સારો ગણાતો નથી. જે રંગ કમળની પાંખડીઓની વચ્ચેરહેલા બીજકોશ (કિંજલ્ક)ના જેવો હોય તે ગૌર કહેવાય. પ્રિયંગુ (ધાવડી)નાં ફૂલ જેવો હોય તે શ્યામ કહેવાય. અને કાજળ જેવો હોય તે કાળો (કૃષ્ણ) કહેવાય. કાળો રંગશુદ્ધ અને ચમકતો હોય તો પણ સારો નથી. ૩૪-૩૫

સત્વ (પ્રભાવ):—ઉન્નતિમાં કે અવનતિમાં જેનાથી શંકા કે શોક થતાં નથી, અને સદાકાળ ઉત્સાહ ખીલેલો જ રહે છે, સ્પષ્ટતા (નિઃસંકોચ, નિર્ભય વર્તાવ) ધીરજ અને ગંભીરાઈ રહે છે, તેનું નામ સત્વ છે. આ સત્વ એક એવી ચીજ છે કે જે બધાં લક્ષણોની સાથે સરસાઈ કરી શકે છે. અને જેના હોવાથી મનુષ્ય લક્ષ્મીથી વંચિત રહી શકતો નથી.

જ્યારે ચામડીથી કેવલ ભોગ, માંસથી સુખ, હાડકાંથી ધન, દૃષ્ટિથી સૌભાગ્ય, ગતિથી વાહન અને સ્વરથી આજ્ઞા સંબંધી જ્ઞાન મેળવી શકાય છે. ત્યારે સત્વથી બધું જ જાણી શકાય છે. જેવું સ્ત્રીઓને સૌભાગ્ય છે, તેવું પુરુષોને સત્વ છે. સત્વ વગરના પ્રાયઃ પરાભવ પામે છે. ગતિથી રંગ અને રંગથી સ્વર ચઢીયાતાં છે. જ્યારે સત્વ તો સ્વરથી પણ ચઢીયાતું છે. (ઘણું જ ચઢીયાતું છે,) માટે જેમનામાં સત્વનો વધારો છે, તે પુરુષો ધન્યવાદને પાત્ર છે. માણસનું રૂપ મોઢાના આકાર ઉપર નિર્ભર છે, અને રૂપને અનુરૂપ ધન મળે છે. ધનને અનુરૂપ ગુણ હોય છે, અને સત્વ ગુણોને અનુરૂપ હોય છે. આ આખા લક્ષણશાસ્ત્રમાં બધાં લક્ષણો કરતાં સત્વ ઉત્તમ છે. જેના હોવાથી મનુષ્યને કશાની ચિંતા કરવી પડતી નથી. સત્વવાળા પુરુષોને આપત્તિમાં કે સંપત્તિમાં કોઈને નમન કરવાનું રહેતું નથી, મન વિકૃત થતું નથી, અને તેઓ સદાકાળ એક સરખા રહે છે. જેનામાં સત્વ દેખાતું હોય, તે ધનવાન હોય છતાં જાણવું કે તેની લક્ષ્મી ટકી શકવાની નથી. શરીર ચાહે જાડું, પાતળું, ખરબચડું કે કોમળ હોય અને અંગ પ્રત્યંગ ભલે બરાબર હોય કે ટુંકાં, મોટાં, ઓછાં, કે વત્તાં હોય પરંતુ જેનામાં સત્ત્વ છે, તે સદાકાળ પૂજાય છે. અને તેથી જો અંગમાં શુભલક્ષણ હોય અને સત્ત્વ હોય તો ભાગ્યરૂપી આંબાને માંજર ફૂટયા જેવું થાય. અર્થાત્ અત્યુત્તમ ગણાય. ૩૬ થી ૪૬

**સામુદ્રિકતિલક નામના નરસ્ત્રીલક્ષણશાસ્ત્રનો આવર્તાદિ ફલકથન નામનો ત્રીજો અધિકાર સંપૂર્ણ**

# અધિકાર ચોથો
# સ્ત્રીલક્ષણ અધિકાર

દેહ, વર્ણ, ગંધ, આવર્ત, સત્ત્વ, સ્વર ગતિ અને છાયા એ પ્રમાણે પુરુષોની માફક સ્ત્રીઓનું લક્ષણ (સામુદ્રિકશાસ્ત્ર) આઠ પ્રકારનું છે. સર્વ પ્રથમ દેહનો સંનિવેશ અને સંસ્થાન, તથા તેના પગથી લઈ માથા પર્યન્તના દરેક અવયવોનું શુભાશુભ કહીશ. પ્રથમ પગના તળીયામાં રેખા, ચક્રઆદિ, ત્યારપછી અંગુઠો, આંગળીઓ, નખ, પીઠ, ઘુંટીઓ, એડી, જાંઘ, રોમ, ઢીંચણ, સાથળ, સ્તનના ચૂચુક, ગંડસ્થલ, કમર, નિતંબ, થાપા, યોનિ, પેઢું, બસ્તિ, નાભિ, કુખો, પડખાં, જઠર, પેટ, વલ્લી, રોમાવલી, હૃદય, વક્ષઃસ્થલ, સ્તન, હાંસડી, ખભા, ખભાના અગ્ર, બગલ, બાહુ, મણિબંધ, હસ્ત, હથેલી, હથેલીની પીઠ, હસ્તરેખાઓ, અંગુઠા, આંગળીઓ અને નખનાં લક્ષણ અનુક્રમે કહીશ. ગરદન, ગળું, ચિબુક, કપોલ મોં, અધરોષ્ઠ, ઓઠ (ઉપરનો) દાંત, જીભ, તાળવું, હૈડીઓ, નાસિકા, છિંક, આંખો, પાંપણો, ભ્રમરો, કાન, લલાટ, સેંથો, માથું અને વાળ આ પ્રમાણે દરેકનું વર્ણન કરીશ. ૧ થી ૯

## (અધો) પાદલક્ષણ

પગઃ—સ્ત્રીઓનાં પગનાં તળીઆં ઉષ્ણ, લાલ, માંસલ, મૃદુ, સમાન અને કાન્તિયુક્ત હોય, તો તે વૈભવ અને પ્રતિષ્ઠા

આપનાર નીવડે છે. જો પગના તળીઆનો રંગ લુખ્ખો હોય, દેખાવ ખરબચડો લાગતો હોય તો તે વૈભવનો નાશ થાય છે. કાળો રંગ હોય તો દારિદ્ર અને ધોળું તળીયું હોય તો દુઃખ થાય છે. સુપડાના જેવા આકારનું, ધોળું, વાંકુચુંકુ પગનું તળીયું હોય તો સ્ત્રી દુશ્ચરિત્રા થાય છે. સુકકું હોય તો નિર્ધન, વિષમ હોય તો શોક ભોગવનારી, અને કઠોર તળીયું હોય તો દુઃખી થાય છે. જે સ્ત્રીના પગની અંદર ચક્ર, સ્વસ્તિક, શંખ, ધજા, અંકુશ, છત્ર, માછલી, મગર ઈત્યાદિ ચિન્હો હોય છે, તે મહારાણી થાય છે. આ ચક્રાદિ ચિન્હો પૈકી જેટલાં પડયાં હોય, તે ઉપરથી અનુમાન કરી ફલની (ઓછા વત્તાની) કલ્પના કરવી. જે સ્ત્રીના પગની અંદર ઉર્ધ્વ રેખા હોય, તે સ્ત્રી ધનવાન પતિની પત્ની બને છે. અને પતિને પ્રિય થાય છે. જે સ્ત્રીનાં પગલાં કુતરાં, શીયાળ, પાડા, ઉંદર, કાગડા, ઘુવડ, સાપ, વરૂ અને ઊંટની માફક પડતાં હોય તે મોટે ભાગે દુઃખી થાય છે. ૧૦ થી ૧૬

**અંગુઠો:**—પગનો અંગુઠો માંસથી ભરાવદાર, સારી રીતે ઉન્નત, અને ગોળ હોય તો શુભ ફળ આપે છે. પરંતુ જો ટુંકો, ચપટો કે વાંકો વળી ગએલો હોય તો તે સ્ત્રી કુલનો નાશ કરે છે. જો પહોળો અંગુઠો હોય તો વિધવા થાય છે. ટુંકો, અને ગોળ હોય તો દ્વેષિલી થાય છે. પરંતુ લાંબો અંગુઠો હોય તો પતિને પ્રિય થાય છે. ૧૭–૧૮

**આંગળીઓ :**—મૃદુ, લાલ, સીધી, એક બીજા સાથે

ચોંટી જતી, ગોળ અને સુંદર આંગળીઓ વૈભવ આપે છે. લાંબી અને ભાંગી ગએલી આંગળીઓ દુર્ભાગ્ય કરે છે, અને દાસી બનાવે છે. જુદી પડી જતી, અને જાડી આંગળીઓ દુઃખ આપે છે અને જો વિવર્ણ હોય તો નિર્ધન કરે છે. જે સ્ત્રીની આંગળીઓ ટેરવામાં ગોળ થએલી (ફૂલેલી) હોય અને વચ્ચે પુષ્કળ જગ્યા રહેતી હોય, તે સ્ત્રી ઘણા પતિઓને મારી નાખનારી અને છેવટે દાસી તરીકે જીવન ગુજારનારી નીવડે છે. જે સ્ત્રીને ચાલતાં આંગળીઓ વડે રેતી ઉછળતી હોય, તે સ્ત્રી કુલટા નીકળે છે. અને કુલનો નાશ કરે છે. માટે વખાણવા લાયક નથી. જે સ્ત્રીની ચાલતી વખતે કનિષ્ઠિકા આંગળી જમીનને સ્પર્શ ન કરતી હોય, તે સ્ત્રી એક પતિનો ઘાત કરી બીજું લગ્ન કરે છે. જે સ્ત્રીને ચાલતાં અનામિકા જમીનને ન અડકતી હોય, તે સ્ત્રી બે પતિનો ઘાત કરે છે. જો અનામિકા અતિશય ટુંકી હોય તો સ્ત્રી કલહ કરનારી થાય છે. જે સ્ત્રીની મધ્યમા આંગળી ટુંકી હોય છે, તે મોટે ભાગે પુરૂષ જેવી નીકળે છે. જો ચાલતી વખતે મધ્યમાનો જમીન ઉપર સ્પર્શ ન થાય તો ત્રણ પતિનો ઘાત કરનાર નિવડે છે. જે સ્ત્રીની પહેલી આંગળી અંગુઠા કરતાં મોટી હોય છે, તે સ્ત્રી કન્યાવસ્થામાં જ દુશ્ચરિત્ર નિવડે છે. ૧૯ થી ૨૯

નખઃ—સ્ત્રીઓને લાલાશ મારતા, ચમકીલા, ગોળ ઉપસેલા, નખ હોય તો સારા સમજવા. અન્યથા ખરાબ ફલ આપે છે. પીઠ (પગની ઉપરનો ભાગ):—જો કાચબાની

પીઠના માફક હોય અને તેની ઉપર નસો દેખાતી ન હોય તો તે સ્ત્રીને રાણી બનાવે છે. પરંતુ જો સપાટ પીઠ હોય તો તે સારૂં ફળ આપતી નથી. જો પીઠ ઉપર રૂવાટાં હોય તો સ્ત્રી દાસી થાય છે. સુક્કી પીઠ હોય તો અધમ થાય છે. વચમાંથી બેસી ગએલ હોય તો દરિદ્ર, અને જો નસો તરી આવતી હોય તો દુર્ભાગ્યવાળી થાય છે. ૨૭ થી ૨૯

ઘુંટનઃ—અંદર પેસી ગએલાં, ગોળ અને ખીલેલાં ઘુંટન સારાં છે. જ્યારે નાનાં મોટાં, બહાર તરી આવતાં તો તે દુર્ભાગ્ય કરે છે. ૩૦

પગની સંધિઃ—આ ભાગ જો ઘાટીલો અને બંને પગે એક સરખો હોય તો સ્ત્રી સુખી થાય છે. પરંતુ જો સમ-વિષમ હોય તો દુર્ભાગ્યવાળી થાય છે. ઉપસી આવેલ હોય તે સ્ત્રી કુલટા, અને લાંબી હોય તે દુઃખી થાય છે. ૩૧

જાંઘઃ—જે સ્ત્રીની જાંઘ મનોહર, રૂંવાટા વગરની, સરાણ ઉપર ઉતારી હોય તેવી ગોળાકારમાં, ચઢતી નસો રહિત તેમજ સરખી હોય તે સ્ત્રી રાજરાણી થાય છે. જે સ્ત્રીની જાંઘ સુકાઈ ગએલી, પહોળી, લાંબી, નસોવાળી અથવા જાડી થઈ ગએલી હોય, અને જેમાં માંસની પેસીઓ લબડી પડેલી લાગતી હોય તેવી સ્ત્રી વ્યભિચારિણી થાય છે. જે સ્ત્રીની જાંઘ ઉપર બરછટ રૂંવાટા હોય, અથવા જેની જાંઘ કાગડાની જાઘ જેવી લાગતી હોય, તે સ્ત્રી

વ્યભિચારિણી થાય છે. અને જરૂર પોતાના પતિનો ઘાત કરે છે. રાજરાણીઓને એક છિદ્રમાં એક રોમ હોય છે. સામાન્ય સ્ત્રીને બે હોય છે. અને ત્રણ કે ઘણાં રૂંવાટાં હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૩૨ થી ૩૫

જાનુ (ઢીંચણ) :- જે સ્ત્રીના ઢીંચણ માંસથી ઢંકાઇ ગએલા, ગોળમટોળ, તથા મનોહર હોય તો સ્ત્રી ધનવૈભવ તથા સૌભાગ્યને ભોગવે છે. માંસરહિત ઢીંચણવાળી વ્યભિ-ચારિણી થાય છે. અને વિલક્ષણ લાગતા ઢીંચણવાળી સ્ત્રી બહુ મુસાફરી કરે છે. સુકા અને કાંતિહીન ઢીંચણવાળી મોટે ભાગે નિર્ધન થાય છે. ૩૬–૩૭

ઉરૂ (સાથળ) :— રૂંવાટા રહિત, કેળના સ્તંભ જેવા સાથળ રાજરાણીને (ઉત્તમ સ્ત્રીઓને) હોય છે. માંસથી ભરાવદાર બનેલ, નસો રહિત, હાથીના બચ્ચાની સૂંઢ જેવા, રૂંવાટાં વગરની અને કોમળ સાથળવાળી સ્ત્રી અતિશય રતિસુખ ભોગવે છે. જો સાથળના સ્નાયુઓ ઢીલા પડી ગએલા હોય, હાલતાં ચાલતાં અતિશય હાલતા દેખાતા હોય, તે સ્ત્રી દુર્ભાગ્ય વાળી હોય છે. જો સાથળ ઉપર વાળ હોય તો સ્ત્રી વિધવા થાય છે. અને જો કઠોર તેમજ બરછટ સાથળ હોય તો નિર્ધન બને છે. જો વચ્ચે પાતળા પડી જતા હોય તો દુ:ખ અને ટુંકા સાથળ હોય તે સ્ત્રીનો વધ થાય છે. ૩૮ થી ૪૦

કટિ :- ચોવીસ આંગળના પરિઘવાળી, નમેલી તથા મજબુત, ખીલેલા નિતંબવાળી, અને સમચોરસ લાગતી કમર

હોય તો તે સારી ગણાય છે. દબાઇ ગએલી, પહોળી, ચપટી, માંસહીન, ટુંકી તથા રૂંવાટાવાળી કમર હોય તો સ્ત્રીને દુર્ભાગ્યની પ્રાપ્તિ થાય છે. ૪૧–૪૨

નિતંબ :– સ્ત્રીના નિતંબ ગોળ, ભરાવદાર, જાડા પહોળા હોવા જોઇએ. સુક્કા અને ખરાબ લાગતા નિતંબ સ્ત્રીના સૌંદર્યનો નાશ કરે છે. ૪૩–૪૪

થાપા :– વલયોથી રહિત, ભરાવદાર, મૃદુ અને માંસલ થાપા હોય તો તે સારા ગણાય. જો માંસહીન, ચપટા તથા લબડી પડેલા થાપા હોય તો સ્ત્રી જલદી વિધવા થાય છે. ચાલતાં જો સ્ત્રીનો ડાબો પગ પહેલો ઉપડતો હોય તો તે સુખ ભોગવે છે અને જો જમણો પહેલો ઉપડતો હોય તો દુઃખ ભોગવે છે. ૪૫ થી ૪૭

# યોનિ લક્ષણ

પીંપળાના પાંદડા જેવી અને હાથીના કુંભસ્થળની સંધિ જેવી, પહોળી પૂર્ણિમાના ચંદ્ર જેવી, કાચબાની પીઠ જેવી ઉન્નત સ્ત્રીઓની યોનિ વખણાય છે. સ્નિગ્ધ, મૃદુ અને પાતળાં રૂંવાટાવાળી, માંસલ યોનિ જેને હોય તે સ્ત્રી પુત્રવતી થાય છે. અને રતિસુખને મેળવવા ભાગ્યશાળી થાય છે. જો યોનિ જમણી બાજુએ ઉન્નત હોય તો જરૂર પુત્રોનો જ જન્મ આપે છે. અને જો ડાબી બાજુ ઉન્નત હોય તો છોકરીઓને જન્મ આપે છે, એમ સમુદ્રનું વચન છે. જે સ્ત્રીની યોનિ

ચતુરસ્ત્ર, કાચબાની પીઠ જેવી, સ્થિર હોય છે. તે ફળદ્રૂપ જમીનની માફક બળવાન પુત્રોને જન્મ આપે છે. ઘણા ઉર્ધ્વગામી વાળથી છવાએલ, અને બરાબર બીડાએલ હોઈ જેનો મણિ ચિંતામણિની માફક ગુપ્ત રહેલો હોય તેવી યોનિ સ્ત્રીને પુષ્કળ ધનનો લાભ આપે છે. પહોળી, કમળના જેવા રંગની, કોમળ, આછા રોમવાળી, નાની ભગનાસિકાવાળી, ઉન્નત અને હાથીના ખભા જેવી એમ છ પ્રકારની યોનિ સારી ગણાય છે. રુચિર, ઘણી ઉષ્ણ, માંસપેશીઓથી બીડાએલ, ગાયની જીભના જેવી ખરબચડી, અથવા (ઘણી) કોમળ, એકદમ ભગોષ્ઠથી બંધ થઈ ગએલી, અને સુંગધીદાર હોય એવી સાત પ્રકારની યોનિ રતિસુખને વધારે છે. અસ્પષ્ટ (અણવિકસેલી) જાડામણિવાળી, સાંકડી, ખર્પરના જેવા આકાર ની, ખરબચડી, વાંકીચુકી, બરછટવાળવાળી અને માંસ વગરની યોનિ અશુભ છે. જે યોનિની દિવાલો ચૂલાની દિવાલો જેવી હોય, અર્થાત્ યોનિ પહોળી થઈ ગઈ હોય, તલના ફૂલની જેમ (મોટા છિદ્રવાળી) હોય કે મૃગની ખરી જેવી (મોટી ફાટવાળી) હોય તે ત્રણ જાતની યોનિ સ્ત્રીને જગતભરની ચાકરડી અને નિર્ધન કરે છે. પહોળા મુખવાળી, ખાણીયા જેવી અને દુર્ગંધ મારતી તથા હાથીના જેવા જાડાવાળવાળી યોનિ ઘણું દુઃખ આપે છે. વાંસના પાંદડા જેવી (લાંબી અને સાંકડી) યોનિ હોય તો સ્ત્રી પહેલાં સુખી રહે છે. પરંતુ પાછળથી દુઃખી થાય છે. શંખના જેવાં વલયવાળી યોનિ જેને હોય તે સ્ત્રીની સાથે સંભોગ કરતાં ઘણું કષ્ટ થાય છે. અને

તે ગર્ભ ધારણ કરી શકતી નથી. જે સ્ત્રીની યોનિ નેતરના પાના જેવી બીડાએલી હોય તે વ્યભિચારિણી હોય છે. અને તેનું કલ્યાણ થતું નથી. થોડા વીર્ય (રજ) વાળી, બરછટ વાળવાળી, નાની, લાંબી ભગનાસિકાવાળી, વાંકીચુંકી, પહોળા મોંવાળી એમ છ પ્રકારની યોનિ ખરાબ ગણાય છે. વલય પડતાં હોય તેવી, વચ્ચે વચ્ચે ઉપસેલી માંસ પેશીવાળી, લબડી પડેલી, ઢીલી, નીચા મોંવાળી અને પહોળી થઇ ગએલી એ સાત જાતની યોનિ સુરતમાં કષ્ટ આપે છે. જઘન (યોનિની ઉપરનો અને બસ્તિની નીચેનો ભાગ) એ યોનિનું લલાટ છે અને તે વિશાળ, માંસલ, ઉંન્નત, ઝીણા, કાળા, મૃદુ વાળવાળું, તથા દક્ષિણાવર્ત હોય તો સારૂં ગણાય છે. જો જઘન વામાવર્ત હોય, મ!સાહીન હોય, સાંકડું, કઠોર તથા નમી પડેલું હોય તો તે ખરાબ છે. અને સ્ત્રીને વૈધવ્ય કરાવનાર છે. ૪૮થી૬૪

બસ્તિ :- પહોળી, સ્હેજ ઉન્નત, મૃદુ, ઉઠાવદાર હોય અને તેના ઉપર બાણની માફક રૂંવાટાંની રેખા પડી હોય તો તે શુભ છે. પરંતુ બહુ વાળવાળી હોય તો તે અશુભ છે. ૬૫

# ઉર્ધ્વ (નાભી–સ્તન આદિ) લક્ષણ

**નાભિ :-** સ્ત્રીઓને ગંભીર, ગોળ, દક્ષિણાવર્ત નાભિ હોય તો તે કામદેવની સ્મરક્રિડારૂપ, રત્નોના ભંડાર ઉપર છાપેલી મુદ્રા જેવી, અર્થાત્ સારી ગણાય છે. જે સ્ત્રીની નાભિ

પહોળી કમળની તાજી કળી જેવી હોય તે સ્ત્રી સુખ, સૌભાગ્ય અને સંપત્તિ મેળવે છે. ઉંડા ખાડાવાળી અને યુવાન પુરુષોના ચિત્તનું આકર્ષણ કરનારી હોય તો તેવી નાભિવાળી સ્ત્રી પતિને પ્રિય થઈ પડે છે. જેને વામાવર્તવાળી, બહાર તરી આવતી, ખેંચાએલી નાભિ હોય તે સ્ત્રી દુર્ભાગી, નિંદિત તથા પારકાની ચાકરડી બને છે. ૬૬ થી ૬૯

કુક્ષિઃ– દેડકાના જેવી કુક્ષિ હોય તો સ્ત્રી ભાગ્યશાળી પુત્રનો જન્મ આપે છે. ઘણી ફૂલેલી કુક્ષિ હોય તો સ્ત્રી વંધ્યા થાય છે. જો કુક્ષિ ઉપર રૂંવાટાં અગર ભમરીઓ હોય તો સ્ત્રી સંન્યાસિની થાય છે. અને તે મોટે ભાગે વ્યભિ-ચારિણી તથા દાસી પણ થાય છે. ૭૦–૭૧

પડખાં:–સ્ત્રીની પાંસળીઓ દેખાતી ન હોય, મૃદુ અને સીધી હોય તો જગતમાં તે સ્ત્રી પ્રીતિ પાત્ર થાય છે. અને જો પડખાં ઉપર નસો તરી આવતી હોય તેમજ પડખાં દેખાવામાં જ ઉંચાં હોય કે ખરાબ લાગતાં હોય તો સમજવું કે સ્ત્રી વંધ્યા અગર દુર્ભાગી થશે. ૭૨–૭૩

પેટઃ– મૃદુ, પાતળી ચામડીવાળું, ઉંડી નાભિવાળું અને રૂંવાટાં વગરનું પેટ હોય તો સ્ત્રી રાજરાણી થાય છે. રાજરાણીઓનાં પેટ દુર્જનના મનની માફક બહુ જ નાનાં હોય છે. પણ દેખાવમાં સજ્જનનાં કાર્યની માફક હર્ષજનક તથા ગમે તેવાં ઘણાં જ સુંદર લાગે છે. ઘડાના જેવું ગોળ ફૂલેલું, માંસ વગરનું અને જેના ઉપર નસો તગતગતી હોય,

તેવું પેટ ધરાવનાર સ્ત્રી અતિશય ભૂખવાળી તથા દુઃખી થાય છે. કોળાના જેવું લંબગોળ ફુલેલું, ઢાલ જેવું તથા જવની માફક વચ્ચેથી ફુલેલું પેટ હોય તો સ્ત્રી ક્લેશ ભોગવે છે. લબડી પડેલા પેટવાળી સ્ત્રી સસરાના મૃત્યુનું કારણ બને છે. મોટા વિશાળ પેટવાળી સ્ત્રીને જલદી સંતાન થતાં નથી, અને તે દુઃખી પણ હોય છે. ૭૪ થી ૭૮

**વલ્લીઃ**– સ્ત્રીના ઉદર ઉપર ત્રણ વલ્લી પડતી હોય તો તે વખાણવા લાયક છે. કવિઓએ સ્ત્રીઓના સ્તન વચ્ચેથી ઉત્પન્ન થતી, અને નાભિ પર્યંત જતી રોમાવલીનાં ઘણાં ઉપનામોથી વર્ણન કર્યું છે. આ રોમાવલી જાણે એક નાની નદી સ્તન રૂપી બે પર્વતોની મધ્યમાંથી નીકળી નાભિ રૂપી સરોવરમાં જતી હોય તેમ દેખાય છે. આ રોમવલ્લી જો પાતળી, મુલાયમ રૂંવાટાથી બનેલી, અને મનોહર લાગતી હોય તો સ્ત્રીના સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. અને તેથી ઉલટું વાંકીચૂકી, તૂટેલી હોય તો સ્ત્રી વિધવા બને છે. ૭૯ થી ૮૨

**હૃદયઃ**– સ્ત્રીનાં વક્ષઃસ્થલ ઉપર વાળ ન હોય અને મનોહારી હોય તો તે સૌભાગ્ય, પતિનો પ્રેમ અને ઐશ્વર્ય ભોગવે છે. જો વાળ હોય અને સ્તન વચ્ચે જગ્યા રહેતી હોય, તે સ્ત્રી સ્વચ્છંદી હોય છે. અને તેથી તે પોતાના પતિનો ઘાત કરી પાછળથી વેશ્યા થઈ જાય છે. માંસરહિત, ઉંચી નીચી છાતીવાળી સ્ત્રી દાસી બને છે. ૮૩ થી ૮૫

**છાતી:**– સ્તનથી લઈ ગળા સુધીનો ભાગ લગભગ સ્ત્રીને અઢાર આંગળ પહોળો હોવો જોઈએ. જો તે ભાગ ઊંચો નીચો અસ્તવ્યસ્વ હોય તો સ્ત્રી હિંસાખોર થાય છે. માંસહીન હોય તો વિધવા થાય. બહુ ભરાવદાર હોય તો કલેશ કરનારી, અને જો તેની ઉપર વાળ હોય તો દુશ્ચરિત્ર થાય છે. સ્તન જમણી બાજુ નમેલા હોય તો પ્રથમ ગર્ભે પુત્ર થાય, અને ડાબી બાજુ નમેલા હોય તો પ્રથમ સંતાન છોકરી થાય છે. જો સ્તન અસ્તવ્યસ્ત હોય તો સ્ત્રી વંધ્યા રહે છે. જો સ્તન સુકાઈ ગએલા મૂળથી જ એક બીજા સાથે ચોટી ગએલા, અને કેવલ અગ્રભાગમાં જ સ્થૂલ હોય તો સ્ત્રી નિર્ધન થાય છે. જો સ્તન વચ્ચે જગ્યા વિશેષ રહેતી હોય તો સ્ત્રી વિધવા થાય છે. અને તેના પુત્રોનો નાશ થાય છે. જો લંબગોળ સ્તન હોય તો સ્ત્રી પહેલાં સુખ ભોગવે છે. અને પછીથી દુઃખી થાય છે. ચાલતાં સ્ત્રીના સ્તન એક બીજા સાથે અથડાતા હોય તો સ્ત્રી સૌભાગ્યરહિત થાય છે. સ્તનનો અગ્રભાગ શ્યામ, ગોળ, અને ફૂલેલો હોય તો તે સારો ગણાય છે. જે સ્ત્રીના સ્તનનો અગ્રભાગ (ચૂચક) લાંબો હોય તે સ્ત્રી સુરતક્રિયામાં નિપૂણ હોય છે, પરંતુ ધૂર્ત સ્વભાવની અને દ્વેષિલી હોય છે. બહાર નમી પડેલા ચૂચુકવાળી સ્ત્રી તેમજ નાના મોટામાં એકબીજાથી એકદમ જુદી તરી આવતા હોય તેવા ચૂચકવાળી સ્ત્રી મોટું દુઃખ ભોગવે છે. અને ચારિત્ર્યહીન રહે છે. ૮૬ થી ૯૬

**જત્રુ (હાંસડી)** :– જો જત્રુ વિશાળ હોય તો સ્ત્રી

ધનધાન્યને ભોગવનારી થાય છે. અને જો ગોળાકારવાળી પુષ્ટ હાંસડી હોય તો સ્ત્રી ભોંગવૈભવને પ્રાપ્ત કરી શકે છે. જો ઢીલી અને અવાજ કરતી અથવા બેસી ગએલી હાંસડીઓ હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૯૭-૯૮

**ખભા:**– જો સ્ત્રીના ખભા ઉંચા નીચા હોય તો સ્ત્રી વંધ્યા થાય છે. પણ જો પુષ્ટ ખભા હોય તો સુખ સૌભાગ્ય ભોગવે છે. એકદમ ઉંચા ખભાવાળી કુલટા, જાડા ખભાવાળી મજુરી કરનાર, વાંકા ખભાવાળી વંધ્યા, અને ખભા ઉપર વાળવાળી સ્ત્રી દુ:ખ ભોગવનારી થાય છે. સ્ત્રીના ખભા માંસથી ઢંકાએલા, અને મનોહર જોઇએ. ઉંચા ઉપસી આવેલા ખભાવાળી સ્ત્રી વિધવા થાય છે. ૯૯ થી ૧૦૨

**કક્ષા** (બગલ):–દુર્ગંધરહિત, ચમકીલી, માંસલ, ઉપસેલી ઘણાં ઝીણાં રૂંવાટાંવાળી બગલો સારી ગણાય છે. ઉંડાણવાળી સુક્કી, પરસેવા અને મેલથી ગંધાતી, નસો તરી આવતી હોય તેવી અને ખાંડણીઆ જેવી બગલો દુર્ભાગ્ય કરનારી હોય છે. ૧૦૩–૧૦૪

**હાથ:**—કોમલ, લાંબા, ગ્રંથીઓ અંદર સમાઈ ગએલી હોય તેવા, રૂંવાટાં રહિત અને હાથીની શુંડ જેવા હાથ વખાણવા લાયક છે. અને તેવા હાથવાળી સ્ત્રી સૌભાગ્યવતી રહે છે. જાડાં રૂંવાટાંવાળા હાથ વૈધવ્ય સૂચક છે. ટુંકા હાથ દુર્ભાગ્ય આપે છે. અને નસો તરી આવતી હોય તેવા હાથ

ક્લેશ આપે છે. જે સ્ત્રીના હાથ (પોંચાથી લઈ આંગળીઓ સુધીનો ભાગ) કમળની માફક મનોહર, નવપલ્લવ જેવા ચમકદાર અને છુટી પડતી આંગળીઓવાળા હોય તે સ્ત્રી શુભ લક્ષણુવાળી ગણાય છે. સ્ત્રીના હાથમાં ઘણી રેખાઓ હોવી તે વૈધવ્યસૂચક છે. અને રેખાહીન હસ્ત હોય તે દુર્ભાગ્યનું લક્ષણ છે. સ્ત્રીઓ અને પુરુષોને માટે હથેલીની અંદરની રેખાઓનું ફલ સરખું છે. જે રેખા અંગુઠાના મૂળમાંથી નીકળી કનિષ્ઠિકા સુધી જાય છે, તે રેખા પતિનો નાશ કરનારી હોય છે. તેથી તેવી રેખાવાળી કન્યા સાથે લગ્ન ન કરવું. ૧૦૫ થી ૧૨૧

આંગળીઓ:—સ્ત્રીની આંગળીઓ મૃદુત્વચાવાળી, લાંબી, અને સુંદર વેઢાઓવાળી હોય તો તે શુભ લક્ષણ છે. તેમજ અંગુઠો પણ સીધો, અને ગોળ હોય તો સારો ગણાય છે. ચપટી, ફાટી ગએલી, રૂક્ષ આંગળીઓ ખરાબ ગણાય છે. સ્ત્રીની આંગળીઓ ઉપર વાળ હોય તે અશુભ લક્ષણ છે. ઘણી ટુંકી અને જાડી આંગળીઓ પણ સારી ગણાતી નથી. ૧૨૨-૧૨૩

નખ:—ચમકીલા, ગુલાબી રંગના, અણીદાર, ઉપસેલા નખ હોવા જોઇએ. જો રૂક્ષ, પહોળા, ધોળા અથવા રંગહીન નખ હોય તો સ્ત્રી સુખ સૌભાગ્યરહિત થાય છે. જે સ્ત્રીના હાથ પગના નખ ઉપર સફેદ બિંદુઓ હોય છે, તે સ્ત્રી વ્યભિચારિણી થાય છે. ૧૨૪ થી ૧૨૬

**પીઠ** :—વાળરહિત, માંસલ, સીધી પીઠ સારી ગણાય છે. ભાગેલી, વાંકી ચુકી પીઠવાળી સ્ત્રી દાસી થાય છે. વિશાળ પીઠવાળી વિધવા થાય છે. નસો તરી આવતી હોય તેવી હોય તો દુઃખી થાય છે. અને જો રૂંવાટાવાળી પીઠ હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૧૨૭ થી ૧૨૮

# મુખલક્ષણ

**ગરદન** :—જે સ્ત્રીને સરલ, માંસલ અને સીધી ગરદન હોય તો તે સ્ત્રી ધનવાન તથા લાંબા કાળ સુધી જીવનારી વિધવા થાય છે. ઘણા માંસવાળી અથવા માંસહીન નસોવાળી, રૂંવાટાંવાળી, વિશાળ, વાંકીચુંકી તથા સુક્કી ગરદન સ્ત્રીઓને દુર્ભાગ્ય આપે છે. માંસથી ભરાવદાર, ગોળાકાર, ચાર આંગળનો ઉંચાઇવાળો જોવામાં વિશાળ લાગતો કંઠ સ્ત્રીની ચતુરાઇને વ્યક્ત કરે છે. અર્થાત્ તેવા કંઠવાળી સ્ત્રી ઘણી સારી રીતે સુખ વૈભવને ભોગવી શકે છે. ગળામાં ત્રિવલ્લી પડતી હોય તે સૌભાગ્યનું લક્ષણ છે. સુકાઇ ગએલું ચપટું ગળું દુઃખદાયક ગણાય છે. ટૂંકું ગળું નિર્ધનતા તથા ઘણું લાંબું કુલટાપણું આપે છે. ૧૨૯ ૧૩૪

**ચિબુક (હડપચી)**:—બે આંગળીના પ્રમાણની, ગોળ પુષ્ટ, કોમળ હડપચી સારી ગણાય. પરંતુ વચ્ચેથી બે ભાગ થઇ ગએલી, ઘણી પહોળી અથવા રૂંવાટાવાળી હડપચી નિંદાને પાત્ર છે. ૧૩૫

**દાઢી** :— (હડપચીનાં પડખાંઓ) રૂંવાટાં રહિત, દળદાર દાઢી સારી સ્ત્રીઓને હોય છે. જો સ્ત્રીની દાઢી ઘણી વાંકીચુંકી, સુકાઇ ગએલી, જાડી અથવા રૂંવાટાવાળી હોય તો તે અશુભ ગણાય છે. ૧૩૬

**કપોળ** (ગંડસ્થસ) :– કાન્તિયુક્ત, અને ઉપસેલાં ગંડ વખાણવા લાયક છે. જ્યારે રૂક્ષ અને રૂંવાટાંવાળા ગંડ ખરાબ સ્વભાવનું સૂચન કરે છે. ૧૩૭–૧૩૮

**મુખ** :— ગોળમટોળ, નિર્મળ, ચમકદાર, ચંદ્રની માફક નયન–મનોહર, સૌમ્ય ભાવવાળું, માંસલ અને સુગંધીદાર મુખ વખાણવા લાયક છે. સ્ત્રીનું મુખ પોતાના પિતાના મુખના જેવું હોય તો તે સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. ઘોડા, ઊંટ, બીલાડા, ગધેડા, વાઘ તથા બકરાના જેવા મુખ· વાળી સ્ત્રી દુર્ભાગ્યવાળી હોય છે. તેવી જ રીતે પહોળા, નીચા વળી ગએલા અને દુર્ગંધ મારતા મુખવાળી સ્ત્રી સારી ગણાતી નથી ૧૩૯ થી ૧૪૧

**ઓઠ**—:મધ્યભાગમાં રેખાથી બે ભાગમાં વહેંચાઈ જતા, ચમકદાર, પાકા ગીલોડા જેવા લાલ, સ્નિગ્ધ અને મનોહર અધરોષ્ઠ હોવો જોઈએ. અધરોષ્ઠ ઉપર સ્ત્રીનો મનોભાવ દેખાઈ આવે છે. લાંબો ટુંકો, બહુ નાનો લબડતો, ફાટેલો, ખંડિત થએલો સુકો કે કાન્તિહીન, ઓઠ હોય તો દુર્ભાગ્યની નિશાની સમજવી. ઓઠ કાળો હોય તો પતિહીન. જાડો હોય તો કલેશ

કરનારી અને રંગહીન હોય તો ઘણું ખરૂં સ્ત્રી દુર્ભાગ્યવાળી થાય છે. ઉપરનો ઓઠ રૂંવાટાં રહિત, સ્નિગ્ધ તથા મધ્યમાંથી કંઈક ઉંચો હોય તો તે સારો ગણાય છે. જેનો ઉપલો ઓઠ ઉન્નત, રોમવાળો નાનો અને જાડો હોય તે વિધવા થાય છે અને કલહપ્રિય હોય છે. ૧૪૨ થી ૧૪૭

**દાંતઃ**—સ્નિગ્ધ, અણીદાર, ખીલેલા, કુંદ કળી જેવા, એક બીજાની સાથે ચોંટી ગએલા દાંત હોય તે સારા ગણાય. આવા દાંતવાળી સ્ત્રીઓ સૌભાગ્ય તથા ઐશ્વર્યને ભોગવે છે. ધોળા રંગના, દૂધ જેવા ઉપર અને નીચે થઈ કુલ ૩૨ દાંતવાળી સ્ત્રી રાજરાણી થાય છે. નાના મોટા, જાડા, બેવડા એલા અને છીપ જેવા દેખાતા દાંતવાળી સ્ત્રી દુર્ગતિને પામે છે. ઉપરની પંક્તિ કરતાં નીચેના દાંત વધારે હોય તો માતાનું સુખ મળતું નથી. વચ્ચે જગ્યાવાળા દાંત હોય તો સ્ત્રી કુટિલ નીકળે છે. ઘણા આછા દાંતવાળી સ્ત્રીને પતિ મળતો નથી. આગળ તરી આવતા દાંતવાળી સ્ત્રી પણ કુટિલ હોય છે. તેમજ હાલતા દાંતવાળી સ્ત્રી જડબુદ્ધિવાળી, પતિ તેમજ પુત્રના સુખથી રહિત હોય છે. ૧૪૮ થી ૧૫૨

**જીભઃ**—ટુંકી, લાલ અને સુંદર જીભવાળી સ્ત્રી મિષ્ટાન ભોજી તથા સૌભાગ્યશાળી થાય છે. સ્ત્રીઓને અગ્રભાગમાં અતિશય અણીદાર, ધોળી અથવા કાળી જીભ હોય તો તે ખરાબ લક્ષણ છે. જો ખરબચડી ગધેડાના જેવી જીભ હોય તો પાણીમાં મૃત્યુ થાય છે. ગુલાબી જીભવાળી સ્ત્રી વૈવાહિક

સુખ ભોગવે છે. કાળી જીભવાળી અને કલેશ ભોગવે છે. જાડી જીભ દારિદ્રય આપે છે. લાંબી જીભ શોકાતુર બનાવે છે. અને ઘણી લાંબી જીભ અભક્ષ્ય ભક્ષણ કરાવે છે. ૧૫૩ થી ૧૫૬

**તાળવું:**—સ્નિગ્ધ અને કમળ જેવું તાળવું શુભ મનાય છે. જ્યારે કાળું, જાડું થઈ ગએલ તાળવું શોક તેમજ દુઃખ આપે છે. ધોળા તાળવાવાળી દરિદ્ર થાય છે. કાળાં તાળવાવાળી તેમજ મેલા તાળવાવાળી સ્ત્રી પતિહીન અને દુઃખી થાય છે. રૂક્ષ તાળવાવાળી તેમજ મેલા તાળવાવાળી સ્ત્રી સંન્યાસિની થાય છે. સ્ત્રીના ગળામાં મૂળમાં જાડી, અગ્રભાગમાં અણીદાર, લાલાશ પડતી ઘંટિકા (હૈડીચો) હોય તો તે શુભ છે. જાડો, ઝીણો, લાંબો કાળો કે ધોળો અશુભ છે. ૧૫૭ થી ૧૫૯

**હાસ્ય:**—સ્ત્રીઓને હસતી વખતે ગંડસ્થળ સ્હેજ હલે, દાંત દેખાય નહિ, તેમજ કલધ્વનિ થાય તો તે હાસ્ય વખાણવા યોગ્ય કહેવાય. પરંતુ જો હસતાં આંખો બંધ થઈ જતી હોય અને તેમના છેડાઓ ઉપર કંપારી માલુમ પડતી હોય તો તે હાસ્ય નિંદાપાત્ર છે. ૧૬૦

**નાક:**—સ્ત્રીના નાકના અગ્રભાગમાં જો બે ભાગ થઈ જતા હોય તો તે નિર્ધનતાનું લક્ષણ છે. નાનું નાક દાસીપણાનું સૂચક છે. ચપટું નાક વૈધવ્ય કરે છે. અને લાંબુ નાક સ્ત્રીને ક્રોધી બનાવે છે. ૧૬૧

# ચક્ષુલક્ષણ

આંખ:—ગાયના દૂધના જેવાં સફેદ, છેડા ઉપર લાલ અને કાળી કીકીવાળાં, તથા જાણે ગુપ્ત વાત કહેવા આતુર હોય તેવાં લાંબા નેત્રો સારાં ગણાય છે. નીલકમલ જેવાં નિર્મળ, સૂક્ષ્મ પાંપણોવાળાં, સ્નેહાળ નેત્રોવાળી સ્ત્રી સૌભાગ્યવતી રહે છે. હરણ, સસલું, ભૂંડ અને મોરના જેવી તેમજ પહોળી કમળ જેવી અને ચોકખી આંખવાળી સ્ત્રી સારી ગણાય છે. એક નાની અને બીજી મોટી એવી આંખવાળી સ્ત્રી વિક્ષિપ્ત ચિત્તવાળી રહે છે. બિલાડી જેવી, ઘેટા જેવી અને ગોળ આંખોવાળી સ્ત્રી અલ્પાયુષી થાય છે. જે સ્ત્રીની આંખો મધના જેવી પીળચટી હોય, તે સ્ત્રી દુરાચાર કરી સુખ ભોગવે છે. અને તે જલદી વિધવા પણ થઇ જાય છે. સ્ત્રીની આંખ હડતાળ જેવા પીળા રંગની હોય છે, તે સ્ત્રી ઘણી જ કામાતુર રહે છે. અને તેથી પિતા, પુત્ર, સસરો અથવા મામા કે ભાઇ ગમે તેની સાથે વ્યભિચાર કરે છે. જે સ્ત્રીની આંખ લાલકમળની કાન્તિવાળી હોય તે પરપુરુષમાં આસક્તિવાળી હોય છે. સ્ત્રીની આંખ પાણીવાળી, ફાટેલી દેખાતી, પુરુષના જેવી કઠોરતાવાળી, ગોળાકાર, ચંચળ અને ઉંડી હોય તે સારી ગણાતી નથી. જે સ્ત્રીની ડાબી આંખ કાણી રહે છે તે વ્યભિચારિણી નીકળે છે. અને જમણી આંખ કાણી હોય તો તે વાંઝણી થાય છે. ૧૬૨ થી ૧૭૧

**પાંપણો:**- કાળી, ચમકીલી, મજબુત અને ઝીણી પાંપણોથી સ્ત્રી ભાગ્યશાળી થાય છે. અને બારીક વાળવાળી કપિલવર્ણની તેમજ આછી આછી પાંપણો હોય તો સ્ત્રી ખરાબ ગણાય છે. સ્ત્રીઓને રૂદન, નિમેષ આદિનાં લક્ષણો અને ફળ પુરુષના જેવા જ હોય છે, તેથી ગ્રંથ વિસ્તાર થવાના ભયથી અહીં તે સંબંધમાં કહ્યું નથી, ૧૭૨-૧૭૩

**ભ્રમરો:**- ઝીણા મુલાયમ વાળવાળી અને ચઢાવેલી ધનુષ્યની માફક વાંકી વળેલી ભ્રમરો સારી ગણાય છે. છુટી છુટી અને ભૂખરા રંગની અથવા જાડી તેમજ જાડા વાળવાળી ભ્રમરો ખરાબ ફળ આપે છે. નાની ભ્રમરો નિર્ધનને હોય છે. એક બીજાથી મળી ગએલી દુશ્ચરિત્રને હોય છે. અને લાંબા વાળવાળી ભ્રમરો વાંઝણીને હોય છે. ૧૭૪ થી ૧૭૬

**કાન:**- લાંબા, પહોળા અને માથા સાથે ચોંટી ગએલા લાગતા કાન સારા ગણાય છે. પદંતુ રૂંવાટાવાળા, છિદ્રરહિત, કુટિલ, સુકાઈ ગએલા તેમજ નસો દેખાઈ આવે તેવા કાનથી સ્ત્રી નિંદાપાત્ર થાય છે. ૧૭૭-૧૭૮.

**લલાટ:**-રૂંવાટાં રહિત, નસો વગરનું (નસો દેખાતી ન હોય તેવું) અર્ધચંદ્ર જેવું, તેમજ ત્રણ આંગળ પહોળું લલાટ સ્ત્રીઓને સૌભાગ્યવતી બનાવે છે. રેખા વગરનું, સ્પષ્ટ અથવા સ્વસ્તિકની આકૃતિવાળું, વિશાળ કપાળ સારું ગણાય છે. જે સ્ત્રીનું લલાટ વ્યર્થ વધી ગએલું માલુમ પડતું

હોય તે સ્ત્રી તેના દીયરનો નાશ કરે છે. અને જો તેવા કપાળ ઉપર વાળ કે નસો દેખાઈ આવતી હોય તો સમજવું કે તે સ્ત્રી વ્યભિચારિણી છે. સ્ત્રીનો સેંથો લલાટથી લઈ લાંબો અર્ધચંદ્ર જેવો દેખાતો હોય તો તે શુભ છે. ૧૭૯ થી ૧૮૨

**માથું**:– હાથીના કુંભસ્થળ જેવું, ગોળ અને ઉંચું માથું હોય તે સ્ત્રી સૌભાગ્યવતી અને ઐશ્વર્યસંપન્ન રાજપત્ની થાય છે. મોટા સ્થૂલ માથાવાળી વિધવા થાય છે. લાંબા માથાવાળી વેશ્યા થાય છે. વિષમ માથાવળી વિષમ પ્રકારનાં દુખવાળી અને વિશાળ માથાવાળી સ્ત્રી દુર્ભાગિની થાય છે. ૧૮૩–૧૮૪

**વાળ**:—ભમરાના જેવા કાળા, પાતળા અને ચીકણા ચળકતા વાળ (સારી સ્ત્રીઓને) રાજપત્નીઓને હોય છે. અગ્રભાગમાં કંઇક વળેલા, ચળકતા અને વાંકડીયા વાળ ઉત્તમ સ્ત્રીઓને હોય છે. જે સ્ત્રીને અગ્રભાગમાં ફાટેલા, ઘણા ઝીણા, ખરબચડા અને નાના વાળ હોય છે, અથવા ઊભા, આછા, ઘણા જૂથવાળા કે ખરાબ વાળ હોય છે, તે સ્ત્રી દુઃખી થાય છે. સ્ત્રીનો ચોટલો ઘણા લાંબા અને જાડા વાળનો હોય તો જાણવું કે સ્ત્રી પતિનો નાશ કરનાર છે. વળી બદામી, મનને અપ્રિય લાગે તેવા અને છેક ગરદન પર્યંત ઉગેલા વાળવાળી સ્ત્રી નિંદ્ય છે. ૧૮૫ થી ૧૮૮

પ્રકરણ ચોથું સંપૂર્ણ

# અધિકાર પાંચમો

## તલ, મશક આદિ લક્ષણ

વ્યંજન અને પ્રકૃતિ આદિ મિશ્રક સુધીનું લક્ષણ, એ પણ સંસ્થાન એટલે દેહ જ છે. તેથી તેમનાં લક્ષણો પણ સંક્ષેપમાં અનુક્રમે કહીશ. જન્માન્તરનાં કર્મોદ્વારા રચાએલું શુભાશુભ જેનાથી સ્પષ્ટ થાય તેનું નામ વ્યંજન છે. અને તે શરીર ઉપરની ચામડીનાં ચિન્હો દ્વારા સ્પષ્ટ થાય છે. માટે તે ચિન્હો ( તલ મશક આદિ )ને સત્પુરુષોએ વ્યંજન કહ્યાં છે. રાતો, કાળો, ધૂમાડીઆ રંગના બિંદુ જેવો હોય તેને મશક કહે છે. અને જે તિલક (ચાંલ્લા)ના આકારનું હોય તેને તિલક કહે છે. અને આનાથી જુદો પડતો જે ડાઘ (લાલ, કાળો કે ધૂમાડીઆ રંગનો) હોય તેને લાંછન કહે છે. જેની ભ્રમરો વચ્ચે કે કપાળ વચ્ચે સુસ્નિગ્ધ મશક હોય તે રાજપત્ની થાય છે. ડાબા કપોલની અંદર જેને મશકથી લાલાશ દેખાતી (અર્થાત્ લાલ રંગનો મશક) હોય તો તે સ્ત્રી સુખી થાય. સ્ત્રીઓના શરીર ઉપર હૃદયમાં જો લાલ મશક કે તલ હોય તો તે સ્ત્રી ધનધાન્યયુક્ત અને પતિને પ્રિય પત્ની થાય છે. જે સ્ત્રીના જમણા સ્તન ઉપર લાલ તલ કે મશક હોય તે સ્ત્રી ચાર પુત્રી અને ત્રણ પુત્રનો જન્મ આપે છે. ડાબા સ્તન ઉપર ખરાબ તલ હોય તો તે સ્ત્રી એક જ પુત્રનો જન્મ આપે

છે, અને પછી વિધવા તેમજ દુઃખી થાય છે. ગુહ્યાંગના છેડે યા જમણી બાજુએ જો લાલ તલ હોય તો તે સ્ત્રી રાજપત્ની યા રાજમાતા થાય છે. જેની નાસિકાના અગ્ર-ભાગમાં લાલ રંગનો સ્પષ્ટ મશક હોય તે સ્ત્રી રાજપત્ની થાય છે. અને રાજમાતા પણ થાય છે. જેની નાસિકાના અગ્રભાગમાં કાળો તલ હોય તે સ્ત્રી પતિનો નાશ કરે છે. અને ખાસ કરીને વ્યભિચારિણી થાય છે. નાભિની નીચે મશક, તલ યા લાંછન હોય તો તે સ્ત્રી કલ્યાણિની થાય છે. જેની પગની ઘુંટીઓ મશક, તલ કે લાંછનવાળી હોય, તે સ્ત્રી ધનધાન્ય રહિત તથા દુઃખી જીવન ગુજારે છે. જેના ડાબા હાથે, કંઠની ડાબી બાજુએ, અથવા ડાબા અંગે (ગમે ત્યાં) મશક કે તલ હોય તે સ્ત્રી પહેલા ગર્ભે પુત્રનો જન્મ આપે છે. મશક, તલ કે લાંછન સ્ત્રીઓને જે સ્થાનમાં હોવાથી અશુભ ફળ આપે છે, તે જ જગ્યાએ જો જમણા અંગમાં હોય, તો તે ઘણો જ ક્લેશ આપે છે. ૧ થી ૧૫

## સ્ત્રીના પ્રકૃતિભેદ–લક્ષણો

સ્ત્રીની પ્રકૃતિ બે જાતની હોય છે, અને તેના કફ ઇત્યાદિથી વૈકારિક તથા સ્વભાવિક એમ બે ભેદ પડે છે. વૈકારિકના ત્રણ પેટાભેદ છે, અને સ્વાભાવિકના બાર પેટાભેદ છે. अ કફપ્રકૃતિઃ—જે સ્ત્રી સત્ય અને પ્રિય બોલનારી હોય, સ્નેહાળ હોય, અને નીલકમળ અથવા દૂર્વાના જેવા શ્યામ વર્ણની હોય તે કફ પ્રકૃતિસંપન્ન ગણાય. અને તેવી

સ્ત્રી ઘણાં સંતાનોની માતા થાય છે. જે સ્ત્રીના નખ, રૂંવાટાં એક જાતની શોભાને વ્યક્ત કરતાં હોય, જેની આંખો મોટી અને ક્રોધરહિત હોય, તેમજ અંગ પ્રત્યંગ પોતપોતાના પ્રમાણમાં હોય, તે સ્ત્રી સત્યવાદિની અને સંતતિવાળી થાય છે. મૃદુ અને ભીના વાનની (સ્નાન કર્યા પછી તરત જ જેવી લાગે છે તેવી) ચામડી હોય, અને પુષ્પની માફક સુંદર લાગતી હોય, તે સ્ત્રી ધાર્મિક, કૃતજ્ઞ, દયાળુ તથા સૌભાગ્યશાલી થાય છે. જે સ્ત્રી અંગ પ્રત્યંગને વસ્ત્રપરિધાન દ્વારા કુદરતી રીતે જ (સ્વભાવથી જ) છુપાવતી હોય, વળી જે ભૂખ, તરસ, લજ્જાને ધારણ કરી શકતી હોય, ક્ષમાવાળી હોય, મિતભાષિણી, સમયે જ ખાનપાન કરનારી હોય, વિશાળ નેત્રવાળી હોય, મૈથુનની સાધારણ (ઘણી લોલુપ અથવા તદ્દન વિરક્ત નહિ એવી) ઈચ્છાવાળી હોય, જેનો ચહેરો જોતાં નિદ્રા આવતી હોય તેમ મદવાળી દેખાતી હોય, જેની કમરની નીચેનો ભાગ માંસલ અને શીતળ હોય, અને જે સ્ત્રી મેઘ, જલાશય તથા કમળ સ્વપ્નમાં જોતી હોય તેવી સ્ત્રી કફ પ્રકૃતિની ગણાય છે. ૧૯ થી ૨૧

બ પિત્તપ્રકૃતિઃ—જે સ્ત્રીની પિત્તપ્રકૃતિ હોય છે, તે ગોરી અથવા કાળી હોય છે. આનંદિત રહે છે. અને તેની આંખ, હાથના નખ, જીભ, હથેળી તથા તાળવું એટલા ભાગ લાલ હોય છે. તેની ચેષ્ટામાં પ્રતિક્ષણ ફેરફાર થયા કરે છે. ઠંડા અને મીઠા રસ ઉપર તેની રુચિ હોય છે, અને

તેનાં અંગ પ્રત્યંગ મૃદુ લાગે છે. આવી સ્ત્રીઓના વાળ કપિલ વર્ણના અને આછા આછા હોય છે, અને તેઓ ઘણુંબહુ ખરૂં બુદ્ધિશાળી હોય છે. સફેદ રંગના વસ્ત્રો અને આભૂષણો ઉપર પ્રેમ રાખે છે. શરીરની નસો ઉપર તરી આવતી માલુમ પડે છે. શરીર ગરમ, અને ગુહ્યાંગ શિથિલ તથા મૃદુ રહે છે. અભિમાન, પવિત્રતા, શૂરતા અને વિશદ વાણીવાળી હોય છે. આવી પ્રકૃતિની સ્ત્રીઓના વાળ જલદી સફેદ થઈ જાય છે અલ્પવીર્યવાળી હોવા છતાં મૃદુતાવાળી હોય છે, અને મોહક ક્રીડા કરે છે. તે સ્વપ્નમાં લાલ વસ્ત્ર, દિગ્દાહ (દિશાઓ બળતી હોય તેવે આભાસ) વીજળી, અને અગ્નિ ઈત્યાદિને જુએ છે. ૨૨ થી ૨૫

क વાતપ્રકૃતિઃ– વાયુપ્રકૃતિવાળી સ્ત્રી જાડા અને રૂક્ષ વાળવાળી, વાંકીચૂકી પગની પાનીવાળી, અને ચંચળ સ્વભાવની હોય છે. તેના નખ અને દાંત લુખ્ખા–તેજહીન લાગે છે. ઇન્દ્રિયો ઉપર સંયમ રાખી શકતી નથી. ગધેડીની માફક ખરછટ શરીરવાળી માલુમ પડે છે. ગાયન, હાવભાવ, હાસ્ય તથા ક્લેશ કરવાની ટેવ ધરાવે છે. ઘણું ભોજન કરે છે. અલ્પનિદ્રા લે છે. ઘણું બોલે છે. અને ઘણું રખડે છે. તેના શરીરનો રંગ ધૂળના જેવો હોય છે. તેની કાન્તિ મોહ ઉત્પન્ન કરતી નથી. મોઢું અને આંખો ફાટેલાં હોય તેમ લાગે છે. અને તે ઉંઘમાં રડે છે, બબડે છે, તેમજ ડર અનુભવે છે. તેને ખાટું, ખારૂં, તીખું ચોપડું ભોજન પ્રિય હોય છે. ગાયની જીભની માફક તેનાં રૂંવાટાં કર્કશ

લાગે છે. તેના પેઢાનો ભાગ મનોહર લાગે છે. પરંતુ સુરત ક્રિયામાં બહુ જ શ્રમસાધ્ય હોય છે. બગીચાઓમાં તેમજ જંગલમાં ફરવાનું પસંદ કરે છે, સદાય ક્રોધી રહે છે, અને સ્વપ્નમાં ઝાડ તથા પર્વત ઉપર ચઢતી હોય છે. આવી સ્ત્રીઓને ભોગ પ્રિય હોતો નથી. આ પ્રમાણે કફ, પિત્ત તથા વાયુની પ્રકૃતિવાળી સ્ત્રીઓનું વર્ણન છે. પરંતુ આવા શુદ્ધ ભેદ કવચિત્ જોવામાં આવે છે. મોટે ભાગે એક બીજાથી મિશ્ર પ્રકૃતિ જ દેખાય છે. ૨૬ થી ૩૧

# સ્ત્રીના પ્રકૃતિ (સ્વભાવ) ભેદ

અગાઉ પુરુષની પ્રકૃતિના ભેદ પાડતા પ્રાચીનાચાર્યોએ દશ ભેદ પાડ્યા હતા. પરંતુ સ્ત્રીની પ્રકૃતિના સર્વ પ્રથમ બે, અને બીજા વિભાગના પેટાવિભાગ તરીકે બાર ભેદ પાડ્યા છે. અને તેને દેવ, વિદ્યાધર, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિશાચ, મનુષ્ય, માંકડાં, સર્પ, ગધેડાં, બિલાડી અને સિંહ એમ સંજ્ઞા આપે છે. જે સ્ત્રી અલ્પાહારી, મનોહર સુગંધવાળી, સરલ મનની, શુદ્ધ વર્તનવાળી, સુંદર વસ્ત્રો ધારણ કરનારી અને અલ્પ નિદ્રાવાળી હોય, તે દેવ પ્રકૃતિની જાણવી. કલાપ્રિય, શાન્ત, મનોહર, સ્થાન ઉપર પ્રેમ રાખનારી, અને ચંદ્રમુખી હોય, તેમજ સુરતક્રિયામાં સુખસાધ્ય હોય તે વિદ્યાધર પ્રકૃતિની જાણવી. બગીચા વગેરે આમોદ પ્રમોદનાં સ્થાનો પ્રત્યે રુચિવાળી, મીઠા

અવાજવાળી, ગીત નૃત્ય ઈત્યાદિમાં ચતુર તેમજ પુષ્પોની માળા ઈત્યાદિ પ્રત્યે આકર્ષણ ધરાવનારી સ્ત્રી ગાંધર્વ પ્રકૃતિની જાણવી. પાણીમાં વિહાર કરવાની રુચિવાળી, આભૂષણોને ચાહનારી, મનોહર તથા ધનનો સંચય કરવાની વૃત્તિવાળી સ્ત્રી યક્ષ પ્રકૃતિની જાણવી. ખુબ ખાનારી, ક્રોધી, કઠોર વાકય બોલનારી, દુરાચારી સ્ત્રી રાક્ષસ પ્રકૃતિની જાણવી. અને તે પ્રેમાળ પતિનું પણ ખુન કરે છે. પવિત્રતા તથા આચાર વિચારથી રહિત, રૂપહીન, ભયંકર, તથા પરસેવાથી ગંધાતી અને મેલી સ્ત્રી પિશાચ પ્રકૃતિની જાણવી. દાન, દયા તથા નિયમવાળી, પતિવ્રતા, દેવી ગુરુની આજ્ઞા માનનાર, કાર્ય-અકાર્યને સમજનાર સ્ત્રી મનુષ્ય પ્રકૃતિની જાણવી. કોઇ જગ્યાએ ઠરીને નહિ બેસનારી, ચારે બાજુ નજર ઘુમાવનારી (ચકળ-વકળ આંખોવાળી), અને કુદકા મારતી ગતિવાળી સ્ત્રી વાંદરાની પ્રકૃતિ ધરાવનાર સમજવી. બીજાનાં છિદ્રો જોનારી, ચાલતાં ચાલતાં વાંકીચૂંકી ગતિ કરનારી, ભયંકર વેર રાખનારી, અને ક્રોધી સ્ત્રી સર્પ પ્રકૃતિની જાણવી. બીજાની પ્રભુતાને પણ સહન નહિ કરનારી, મોટા ઘાંટાવાળી અને ગમે તે ખોરાકથી પણ પુષ્ટ થનારી સ્ત્રી ગધેડાની પ્રકૃતિવાળી સમજવી. ગુપ્ત પાપાચાર કરનારી, બીજાને હેરાન કરવાની આદતવાળી, અને પોતાના દુષ્કર્મને છુપાવનારી સ્ત્રી બીલાડાની પ્રકૃતિની જાણવી. એકાન્તને પસંદ કરનારી, કદાચિત્ જ સુરતને સેવનારી ઉંઘણશી તથા નિડર સ્ત્રી સિંહ પ્રકૃતિની જાણવી. ૩૨ થી ૪૪

જે સ્રીની કુક્ષી દેડકા જેવી હોય, અને વડના ઝાડની માફક ફેલાઈ ગએલા અંગવાળી, એટલે કે ગંભીર અને વિશાળ લાગતી હોય, તો તે સ્ત્રી એક જ પુત્રનો જન્મ આપે છે. પણ તે પુત્ર ઘણો મોટો યશસ્વી બને છે જે સ્ત્રીના કપાળની અંદર કુદરતી ત્રિશુલનો આકાર માલુમ પડી આવતો હોય, તે સ્ત્રી ઘણી દાસીઓની માલિક થાય છે. હરણ જેવી આંખ, ગ્રીવા, પેટ અને જાંઘવાળી સ્ત્રી ગરીબ ઘરમાં જન્મી હોય છતાં પણ રાજરાણી થાય છે. મધના જેવી પીળચટી આંખવાળી, ભીનાવાનવાળી અને શ્યામા તેમજ રાજહંસના જેવી ગતિવાળી સ્ત્રી ધનધાન્યને વધારનારી તથા આઠ પુત્રોની માતા થાય છે. પુષ્ટ નિતંબ, સ્તન તથા કપોળવાળી સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. જે સ્ત્રીનાં તાળવાં, નખ, જીભ, ઓઠ, હથેળી, પગનું તળીયું તથા આંખના ખુણા લાલ રંગના હોય તે સ્ત્રી ધનધાન્યથી પરિપૂર્ણ રહે છે. જે સ્ત્રીની આંખ, જાંઘ, સ્તન, કમર, અને પેઢું એ અવયવો પુષ્ટ (વિશાળ) હોય તે સ્ત્રી કુટુંબમાં શ્રેષ્ટ થાય છે. જેનાં રૂંવાટાં, ગાત્ર, તથા માથાના વાળ મૃદુલ હોય અને જેની વાણી પણ મૃદુ હોય તેવી સ્ત્રી કોઇ ભાગ્યશાળી પુરુષને જ પુણ્યયોગે પ્રાપ્ત થાય છે. જે સ્ત્રીના સાથળ તથા પગની જાંઘો એકબીજાને ઘસાતી હોય તેવી શ્રેષ્ટ સ્ત્રી સૌભાગ્યને ભોગવે છે. મોં, આંખો, હાથ, માથાના વાળ, તથા આંગળીઓ જેને લાંબી હોય તે સ્ત્રી લાંબુ સુખી જીવન ગુજારે છે. મુખ, સ્તન, જાનુ, સાથળ, ઢીંચણ, ગ્રીવા,

નાભિ તથા મસ્તિષ્ક આટલાં અંગ જેનાં ગોળ હોય તે ઉત્તમ સ્ત્રી હોય છે. જે સ્ત્રીના મણિબંધ અથવા તો કંઠ પર સ્પષ્ટ રેખા હોય તે સ્ત્રી રાણી થાય છે. ૪૫ થી ૫૬

જેનો રંગ તપાવેલા સોના જેવો લાગતો હોય, જેની ચામડી પાતળી અને મુલાયમ હોય, જેના દરેક અવયવ કોમળ માલુમ પડતા હોય તે સ્ત્રી લક્ષ્મીની ભોગવનાર સમજવી. ૫૭

# સ્ત્રીલાક્ષણિકતાનું વર્ગીકરણ

સ્ત્રીઓના પદ્મિની, હસ્તિની, શંખિની અને ચિત્રીણી એવા ચાર ભેદ પ્રાચીનાચાર્યોએ કહ્યા છે. તે બતાવીએ છીએ. જે સ્ત્રીની આકૃતિ સ્નેહાળ, ચીકણી, નિલકમળવત્ શ્યામ હોય, જેનું નાક તલના ફુલના જેવું હોય, જેના ઉદર પર ત્રણ વલ્લી પડતી હોય, સ્તન ગોળ હોય, ચીકણા કાળા વાળ હોય, કમળની માફક ખીલેલું મુખ હોય, શરીરમાંથી મીઠી ( માદક ) સુગંધી આવતી હોય, કમળની પાંખડીની માફક લાંબી આંખ હોય, અવાજ મધુર અને કર્ણપ્રિય, ગતિ હંસના જેવી અને ઓઠ લાલ રંગના હોય તેવી સ્ત્રી પદ્મિની કહેવાય છે. ૫૮ થી ૬૦

મોટા દાંતવાળી, કમરમાંથી પાતળી, ગદ્ગદ્ અવાજવાળી, મદોન્મત ગતિવાળી અને ચપળ, સાથળ, હાથ, ગળું તથા જાંઘ એ ચારે અવયવ ટુંકા હોય, ગાયન વાદનમાં

અભિરુચિ ધરાવતી હોય, વાંકડીયા કાળા વાળ હોય, પુષ્ટ અને દેખાઈ આવતા ગોળ સ્તન હોય, તેમજ મદોન્મત લાગતી હોય, તે સ્ત્રી હસ્તિની ગણાય છે. ૬૧–૬૨

જે સ્ત્રીના સ્તન એક બીજા સાથે સરખા પ્રમાણવાળા ન હોય, કમળના પુષ્પ જેવી સુગંધી ધરાવતી હોય, લાંબા અને ફેલાઈ ગએલા સાથળ, નાક તથા આંખો હોય, વાળ ટુંકા હોય, ચિત્ત કઠોર હોય, અવાજ પણ કાનને કઠોર લાગે તેવો ( શંખનાદ ) જેવો હોય તે શંખિની સ્ત્રી કહેવાય છે. ૬૩

જેના સ્તન ઉપસી આવેલા હોય, ચિત્ર વિચિત્ર વસ્ત્રોને ધારણ કરતી હોય, વળી અસ્તવ્યસ્ત અસંબદ્ધ વાર્તાલાપ કરતી હોય, જેના શરીરમાંથી ક્ષારમિશ્રિત સુગંધ આવતી હોય, અને જેની આંખો અતિશય ચપળ હોય, તેવી સ્ત્રી ચિત્રીણી કહેવાય છે. ૬૪

ચંચળ અને ધૂમાડીયા રંગની આંખો, ધૂમાડીયા રંગના વાળ, રૂંવાટાં તથા જેના અવયવો મેલા માલુમ પડતા હોય તેવી સ્ત્રી સારી ગણાતી નથી. મોં, વાળ, આંખો, કાન તથા પગ અને આંગળીઓ જેને પહોળી રહેતી હોય તે સ્ત્રી પોતાના પતિનો ઘાત કરે છે. જેનાં આંખ, અવયવ, નખ, વાળ, રૂંવાટાં, ઓઠ, તાળવું અને જીભ કાળા રંગનાં હોય છે, તે સ્ત્રી કૃષ્ણચરિત્રા એટલે ભયંકર કૃત્ય કરનારી હોય છે. લલાટ, ગળું, ઓઠ, નાક, સ્તન તથા પગના થાપા અને

ગુહ્યાંગ જેને લાંબા હોય તેવી સ્ત્રી સારી હોતી નથી. જે સ્ત્રીને ઉંઘતાં મોંઢામાંથી લાળ પડતી હોય, અને આંખો કંઈક ઉઘાડી રહી જતી હોય તે સ્ત્રી કુલટા હોય છે. જે સ્ત્રીના પેટ ઉપર વલ્લી ન હોય, અને નાભિ ભમરી લેતી–ઊંડી પેસી ગએલી હોય, તે સ્ત્રી દુઃખથી વ્યાકુલ ચિત્તવાળી (દુર્ભાગ્યવાળી) હોય છે. ૬૫ થી ૭૦

જેને હસતાં નેત્રના ખુણામાંથી આંસુ ટપકતાં હોય અને મોઢામાંથી લાળ નીકળતી હોય તે સ્ત્રી વ્યભિચારિણી હોય છે. જે સ્ત્રીનાં શ્વાસ, મૂત્ર, શરીર અને ઋતુ (સ્ત્રાવ) એ દરેક દુર્ગંધવાળાં હોય, તે સ્ત્રી વંશનો ઉચ્છેદ કરે છે. જે સ્ત્રીને હસતા ગંડસ્થળ ઉપર ખાડા પડતા હોય, અને આંખો ચંચળ રહેતી હોય તે સ્ત્રી દુરાચારિણી અને પતિનો ઘાત કરનારી હોય છે. જે સ્ત્રીને ચાલતાં અંગપ્રત્યંગ દરેક-માંથી અવાજ થતો હોય તે સ્ત્રી કામાતુર રહે છે. અને પોતાના પુત્રથી પણ કામોપભોગની ઇચ્છા રાખ્યા કરે છે. જે સ્ત્રીના ઉપરના ભાગમાં રૂંવાટાં ન હોય અને નીચેના ભાગમાં હોય તે સ્ત્રીને રાક્ષસી જેવી જાણવી. જે સ્ત્રી હેતુ વગર રખડવાની આદતવાળી હોય, અને કારણ વગર અહીં તહીં નજર ફેરવ્યા કરતી હોય, વળી નિરર્થક બહુ બોલ્યા કરતી હોય તે તજવા યોગ્ય છે. જેનું મોં એકદમ નાનું હોય છે, તે ધૂર્ત હોય છે અને એકદમ લાંબા મુખવાળી દુઃખી થાય છે. તેવી જ રીતે તદ્દન સુક્કા મોં વાળી અથવા વાંકા મુખ-

વાળી સ્ત્રી સૌભાગ્ય, ધન તથા સુખથી વર્જીત રહે છે. શરીરે બધેજ બદામી રંગના વાળ હોય તે સ્ત્રી સારા કુટુંબમાં ઉત્પન્ન થએલી, અને સારા કુટુંબમાં પરણાવવામાં આવી હોય તો પણ દાસી થઈ પૃથ્વી ઉપર ભટકયા કરે છે. જે સ્ત્રીને બોલતાં ગધેડાની માફક ઘોંઘાટ થાય, તેમજ ભ્રમરો ઉંચી નીચી થતી હોય, તે સ્ત્રી સ્વચ્છંદી અને નિર્ધન થાય છે. ૭૧ થી ૮૦

જે સ્ત્રીનો પોંચો, પગનું તળીયું અને આંગળીઓ ખરબચડાં હોય તે સ્ત્રી ઉત્તમ કુલમાં જન્મી હોય તો પણ તજવા યોગ્ય છે. જે સ્ત્રી અતિશય ટુંકી (ઠીંગણી) અથવા અતિશય લાંબી, અતિશય પાતળી અથવા જાડી હોય તે સ્ત્રી સ્વરૂપવતી હોય છતાં પણ ખરાબ ફળ આપે છે. જે સ્ત્રીના હાથપગ ફાટેલા રહેતા હોય, આંગળીઓ વાળવાળી તથા ચપટી રહેતી હોય, આંગળીઓના નખ ટુંકા હોય અથવા કાચબાની પીઠ જેવા ઉપસેલા નખ હોય તે સ્ત્રી દુઃખ અને દારિદ્રયનું કારણ જાણવું. જે સ્ત્રીને ઉંઘમા દાંત કચકચાવવાની ટેવ હોય અને બકવાની આદત હોય, તે સ્ત્રી બીજાં શુભ લક્ષણો હોય, છતાં પણ પસંદ કરવા લાયક નથી હોતી. જેનાં મુખ, આંખ, અવાજ, જાંઘ, ગતિ અને ચેષ્ટા કાગડાના જેવાં હોય તે સ્ત્રી દારિદ્રયવાળી અને દુઃખી થાય છે. સદાકાળ ખીજાએલી રહેતી, અક્કડ અવયવોવાળી, ચંચળ તથા લાંબા અને એકદમ પાતળા હાથપગવાળી સ્ત્રી કદાપિ ભલું કરી શકતી નથી. જે સ્ત્રીને હાથપગની આંગળીઓમાં

ફક્ત અંગુઠો જુદો પડતો હોય, બાકીની ચારે આંગળીઓ એક બીજા સાથે ચોંટેલી રહેતી હોય, તે સ્ત્રી દરિદ્ર થાય છે, અથવા અલ્પાયુ થાય છે. જેનાં મુખ, નેત્ર, નાક કમર, કાન અને રૂંવાટાં વાંદરાના જેવાં હોય તે સ્ત્રી ઉલટું જ કરનાર (અવળચંડી) હોય છે. ૮૧ થી ૮૯

જે સ્ત્રીનું નામ પર્વત, પંખી, નદી, વૃક્ષ, વેલી, કુંજ નક્ષત્ર યા ગ્રહના નામ ઉપરથી (જેમકે પાર્વતી, હંસા, ગંગા, માલતી,રોહિણી, ચંદ્રા ઈત્યાદિ) નામ હોય તે સ્ત્રી સ્વૈરિણી હોય છે. અને તે કામુક પણ વિશેષ હોઈ પતિથી સંતુષ્ટ રહેતી નથી. જે સ્ત્રી ઇન્દ્ર, દેવતાઓ, રાક્ષસો, પુરુષો અથવા આકાશના નામ જેવા નામવાળી હોય છે, તે અને ભયંકર નામવાળી સ્ત્રી પ્રાયઃ સ્વચ્છંદી નીકળે છે. ૯૦–૯૧

મૃગી, વડવા (ઘોડી) તથા હસ્તિની એમ ત્રણ ભેદ સ્ત્રીઓના થાય છે. તે ભેદોનાં લક્ષણ ક્રમપૂર્વક અહીં ઉતારીએ છીએ, જે સ્ત્રીઓની યોનિની ઉંડાઈ છ આંગળકે આઠ આંગળ હોય, યોનિ કમળની કળી જેવી લાગતી હોય તે મૃગી જાતિની સ્ત્રી કહેવાય છે. ૯૨–૯૩

જેની યોનિની ઉંડાઈનું પ્રમાણ નવ દશ કે અગિયાર આંગળનું હોય તે વડવા, અને બાર કે તેર આંગળની ઉંડાઇવાળી સ્ત્રી હસ્તિની જાતિની ગણાય છે. ૯૪

ઘણું ખરૂં મૃગી, વડવા અને હસ્તિની સ્ત્રીઓને

અનુક્રમે શશ, વૃષભ, અને હય જાતિના પુરુષો સાથે યોગ થયો હોય, તો તેમના વચ્ચે સહજ પ્રીતિ થાય છે. ૯૫

કામદેવનું નિત્યનું નિવાસ સ્થાન હોવાથી જગતની અંદર સ્ત્રી કામિની નામે ઓળખાય છે. સ્ત્રીઓમાં બાર વર્ષની ઉંમર પછી કામની વૃદ્ધિ ઝડપથી થવા માંડે છે. કામની વૃદ્ધિનુ કારણુ યૌવન છે. અને યૌવન આવતાં જ આંખના ચાળા, નિતંબ અને સ્તનની વૃદ્ધિ થવા માંડે છે. ૯૬-૯૭

ગર્ભાધાન થતાં સ્ત્રીઓના રજનું પ્રમાણુ વધારે હોય તો છોકરીનો જન્મ થાય છે. રજ ઓછું હોય (અને વીર્ય વધારે હોય) તો પુત્ર જન્મ થાય છે. અને બંને સરખાં હોય તો પુત્ર પુત્રીનું જોડકું જન્મે છે. અથવા નપુંસક જન્મે છે. પુરુષોની માફક સ્ત્રીઓને સ્નેહ ક્ષેત્ર આદિ સમૂહ હોય છે. પરંતુ સ્ત્રી અને પુરુષો વચ્ચે તે કારણોને લઇ ખાસ વિશેષ ફળ અમારી કલ્પનામાં આવ્યું નથી. (તે કારણો દ્વારા બંનેને સરખું ફળ મળે છે.) શુભલક્ષણો અને સૌંદર્ય ખુબ હોય, ગોત્ર (કૂળ) પણુ વિખ્યાત હોય, ભાગ્યશાળી હોય, પરંતુ જો સ્ત્રી દુરાચરણી હોય તો તે ખરાબ જાણુવી. લક્ષણુ, રૂપ, અને સમગ્ર સૌભાગ્ય એ બધું જ જો ગુણુ સારા હોય તો જ સ્ત્રીઓ માટે શુભ ગણુાય. શરીર ઉંપર (દુર્ભાગ્યદ્યોતક) ખરાબ ચિન્હો હોય, પરંતુ સ્ત્રી જો શીલવતી

હોય તો તે મહાભાગ્યવતી જાણવી. કારણ શીલ વગરની સ્ત્રી સારાં લક્ષણોવાળી હોય તો પણ નકામી છે. જો કે જ્યાં શુભ આકૃતિ હોય ત્યાં ગુણો પણ હોય છે જ. એટલે કે રૂપાળી સ્ત્રી (કવચિત અપવાદ સાથે) ઘણું ખરૂં ગુણવાળી પણ હોય છે. ૯૮ થી ૧૦૩

# સ્ત્રી વર્ણ લક્ષણ

શરીરનાં શુભ લક્ષણો કરતાં સ્ત્રીઓનો વર્ણ વધારે ફળ આપે છે. અને તેથી જ તે (સ્ત્રીઓ) વર્ણિની કહેવાય છે. માટે વર્ણનાં લક્ષણ કહીશ. કમળના ગર્ભ જેવો અથવા તપાવેલા સુવર્ણ જેવો કે કેશરી ચંપાના ફૂલ જેવો સ્નિગ્ધ ગૌરવર્ણ (રંગ) શુભ છે. નવી ઉગેલી દૂર્વા જેવો શ્યામ અથવા અર્જુન (સાદડ)ના ફૂલ જેવો ચમકીલો શ્યામવર્ણ સ્ત્રીઓના સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. કાળો રંગ શુદ્ધ કાળો હોય તો તે મધ્યમ છે. આ કાળો રંગ હાથી અથવા પાણી-ના સરોવરની છાયા જેવો હોવો જોઈએ. જો કાગડાના માથા જેવો કાળો રંગ હોય તો તે બહુ જ કદરૂપો લાગે છે, તેમજ અધમ છે. વાંદરાના બચ્ચા જેવો કે રાત્રીના અંધકાર જેવો અથવા દેવચકલી જેવો શ્યામ રંગ હોય તો તે લાવણ્ય અને ગુણની વૃદ્ધિ કરે છે. પાંડુ રંગવાળી સ્ત્રી સંન્યાસિની થઇ હોય છતાં સચ્ચારિત્ર નથી હોતી. તેમજ કપિલ વર્ણની યા એકદમ સફેદરંગની કે મિશ્રરંગની સ્ત્રી પણ સારી નથી

હોતી. ૧૦૪ થી ૧૦૯

જો સ્ત્રી શુભ લક્ષણવાળી વરવર્ણિની હોય, તો તે પણ ગંધરહિત હોય તો તે વર્જ્ય છે. માટે સ્ત્રીઓનો ગંધ અને તેનાં લક્ષણ કહીએ છીએ. જે સ્ત્રી શિયાળામાં ઉષ્ણ. ઉનાળામાં શિતળ અને પ્રતિક્ષણ પતિને અનુકૂળ રહેતી હોય, તેવી શ્યામા સ્ત્રી વરવર્ણિની કહેવાય છે. શ્વાસ, પરસેવો ઇત્યાદિ કારણોથી જે સ્ત્રીના શરીરમાંથી જુઇ, ચંપો, સેવંતી બકુલ, કેવડાના જેવી સુગંધી નીકળતી હોય, તે સ્ત્રી ઉમદા ગણાય છે. જેના શરીરમાંથી કસ્તુરીના જેવી સુગંધ નીકળે તે વિરુપ હોય તો પણ પટરાણી થાય છે. જે સ્ત્રી ઋતુકાળમાં પણ તલના ફૂલના જેવી સુગંધ ધરાવતી હોય અથવા ઘી જેવા સુગંધવાળી હોય, તે સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. જે સ્ત્રીના શરીરમાંથી તુંબડીના ફલ જેવો યા કડવો કે લસણ જેવો ગંધ નીકળતો હોય, તે સ્ત્રી કદાપિ ગર્ભ ધારણ કરી શકતી નથી. સુંદર સ્ત્રીને પણ જો હરતાલ, માંસ કે ચરબી જેવો યા અપ્રિય ગંધ હોય, તો તે ખરાબ ફળ આપે છે. અને જો અતિશય ઉગ્ર દુર્ગંધ નીકળતી હોય તો તે એકદમ ખરાબ છે. ૧૧૦થી૧૧૫

**ભમરીઓ:**—જો સ્ત્રીના જમણા હાથ ઉપર પ્રદક્ષિણ માર્ગની ભમરી હોય, તો તે સ્ત્રી ધનધાન્ય અને ધર્મને વધારનારી થાય છે. ડાબા હાથમાં હોય તો તેનું ફળ વિપરીત જાણવું. નાભિ, બંને કાન તથા માથામાં જમણી ભમરી

શુદ્ધ ફળ આપે છે. કરોડની જમણી બાજુના ભાગમાં ભમરી હોય તો સૌભાગ્યદાતા નીકળે છે. અને ડાબી બાજુ હોય તો અશુભ ફળ આપે છે. જો કરોડની ઉપર જ ઊંડી (નાભિની માફક) ભમરી હોય તો તે સ્ત્રીને દીર્ઘાયુઃ તથા ઘણી સંતતિની પ્રાપ્તિ થાય છે. સ્ત્રીના ગુહ્યાંગના મૂળમાં ચોકડીના જેવી સ્નિગ્ધ ભમરી હોય તો તે ભાગ્યશાળી, પુત્રવતી તથા રાજપત્ની થાય. સ્ત્રીના ગુહ્યાંગના મધ્યમાં, કમરમાં અને પેટના મધ્ય ભાગમાં ભમરીઓ હોય તો તે સ્ત્રી કુલનો નાશ કરનારી અને વ્યભિચારિણી નીવડે છે. જે સ્ત્રીને પીઠ ઉપર અને પેટ ઉપર એમ બે ભમરીઓ હોય. તે પતિનો નાશ કરી દુશ્ચરિત્રા થાય છે. કંઠ પ્રદેશમાં પણ (જમણી) ભમરી વૈધવ્ય અને દુઃખ આપનારી નીવડે છે. કપાળમાં તથા વાળની પાંથીના ભાગમાં ભમરી હોય તો તે પણ વૈધવ્ય અને દુઃખ આપે છે. જો સ્ત્રીની ગરદન ઉપર (જમણી) ભમરી હોય તો તેના લગ્ન બાદ એક જ વર્ષમાં તે વિધવા થાય છે, અને પછી તરત જ પુર્નલગ્ન કરે છે. જે સ્ત્રીના માથામા એક અથવા બે ભમરી હોય તે પણ ખરાબ છે. અને તેવી સ્ત્રીઓ (વિવાહકાળમાં જ) વિવાહ પછી દશ દિવસમાં જ વિધવા બને છે. જે સ્ત્રીની કમરમાં ભમરી હોય તે પતિનો નાશ કરનારી, અને નાભિમાં ભમરી હોય તે પતિવ્રતા થાય છે. ૧૧૯ થી ૧૨૭

આપત્તિમાં અને સંપત્તિમાં જે સ્ત્રીના મન કબજે

રહેતા નથી, અથવા પ્રત્યેક ક્ષણે દુઃખની ચિંતા કર્યા કરતી હોય, જેનો હર્ષ અને શોક ટકી શકતા ન હોય, અને જે દરેક બાબતે નિરાશ રહેતી હોય તેને નિઃસત્ત્વ જાણવી. સત્ત્વવાળી સ્ત્રી પ્રાયઃ દયાવાળી, સત્યવાદી, સ્થિર પ્રકૃતિ, કુટિલતા વગરની, હિતાહિત સમજનારી તથા કલ્યાણની વાંચ્છનાવાળી રહે છે. ૧૨૮-૧૨૯

સ્વરઃ- સ્ત્રીનો અવાજ જો કોકિલાના કૂંજનની માફક હોય તો તેના ફક્ત અવાજથી જ તે (આંખોથી જોયા વગર જ) સાંભળનારાના મનને વશ કરી લે છે. વીણા, વેણું (વાંસળી), કોયલ, હંસ, મેઘ અથવા મોરના જેવા અવાજવાળી સ્ત્રીઓ રાજપત્નીઓ થાય છે. જે સ્વરની અંદર કાપટય નથી, દીનતા નથી, પ્રેમાળપણું છે, ચતુરતા છે, અને જેને સાંભળવા માત્રથી ચિત્તને સાન્તવન મળે છે, તે અવાજ વખાણવાલાયક છે. કાંસીજોડાંના (ઝાંઝ નામના વાજીંત્રના જેવો પણ કહી શકાય) જેવો, શિયાળ, ગધેડું, ઘુવડ, કાગડો અને કંકપક્ષીના જેવો જેનો અવાજ હોય, તે સ્ત્રી વિધવા થાય છે. અને અનેક પ્રકારનાં દુઃખ તથા અપવાદને સહન કરે છે. સ્પષ્ટ અને સાંભળનારનું કલ્યાણ કરનાર, મધુર અને અધરોષ્ઠના સ્પર્શથી જાણે સુધાયુક્ત હોય તેવો અવાજ સારો ગણાય છે. ૧૩૦ થી ૧૩૪

ગતિઃ—મદોન્મત્ત હાથીની માફક મદપૂર્વક પગ પડતો હોય, અને હંસની માફક ગાત્રોનું હલનચલન થતું હોય,

તેવી રીતની ચાલવાની ટેવવાળી સ્ત્રીઓ રાણીપદને ભોગવે છે. ગાય, બળદ, નોળીઓ, સિંહ, મોર તથા બિલાડાના જેવી ગતિ હોય તો તે સ્ત્રી સૌભાગ્ય, ઐશ્વર્ય અને વૈભવ ભોગવનારી થાય છે. દેડકો, ઘુવડ, વરૂ, બગલો, શિયાળ, કાચંડો અને વાંદરાના જેવી ચાલવાળી સ્ત્રી દુર્ભાગ્યવાળી હોય છે. સ્ત્રીઓની ટુંકાં ડગલાંવાળી ચાલ, જેમાં શરીર ઉછળતું માલુમ પડે તેવી, કુદકા મારતી, તાલબદ્ધ, વચ્ચે વચ્ચે રોકાતી, બહુજ ધીમી, અસ્તવ્યસ્ત, તથા બહુ જ ઉતાવળી ગતિ હોય તો તે સ્ત્રીઓ સારી ગણાતી નથી. વચ્ચે વચ્ચે રોકાઈ જનારી ગતિવાળી સ્ત્રી નિર્ધન થાય છે. વિષમ ગતિવાળી સ્ત્રી, સ્ત્રીનાં લક્ષણોથી રહિત હોય છે. હરિણની માફક કુદકા મારતી ગતિવાળી સ્ત્રી દાસી થાય છે. અને અતિશય જલદી ચાલનાર વ્યભિચારિણી થાય છે ૧૩૫ થી ૧૩૯

છાયા :- સ્ત્રીના મનોભાવ જેનાથી ઢંકાઈ જાય, અને જેને કવિઓ લાવણ્ય અથવા સૌભાગ્ય કહે છે. તેને જ સામુદ્રિકકારો છાયા કહે છે. કવિઓની વાણી આ લાવણ્ય ઉપર જ સ્ફૂરાયમાન થાય છે, અને આ લાવણ્ય કે જે છાયા નામથી સામુદ્રિકજ્ઞોને વિવક્ષિત છે, તે જો સ્ત્રીમાં ન હોય તો સ્ત્રી કોઇ કામની નથી. જેને જોતાં જ ચિત્તની અંદર એક જાતનો ચમકારો અનુભવાય, અને જેને જોવા માટે આંખ પોતાની મેળે જ ખેંચાયા કરે, તેવી છાયા (કાન્તિ) વખાણવા લાયક છે. સ્ત્રીના અંગ પ્રત્યંગ દરેકમાં આવી

કાન્તિ હોય તો તેના માધુર્યની સીમા રહેતી નથી. સામુદ્રિકજ્ઞો એટલે સુધી આગળ વધીને કહે છે, કે જે સ્ત્રીને આવી માધુર્યતા સંપન્ન કાન્તિ હોય, તેમને લક્ષણોનું કંઇ પણ પ્રયોજન નથી. ૧૪૦ થી ૧૪૫

રૂપ અને આકાર (સારા) ન હોય, શરીર ઉપર શુભ લક્ષણો પણ ન હોય, અને જેને સૌભાગ્ય હોય, તેવી સ્ત્રી જગતમાં દુર્લભ છે. જો શરીર લાવણ્ય અને શુભ છાયાથી યુક્ત હોય, તેમજ શુભ લક્ષણો પણ હોય, તો આ બેનો સંયોગ દૂધમાં સાકર ભળ્યા જેવો ગણાય. ૧૪૬–૧૪૭

પહેલાં પુરુષોનાં લક્ષણો કહેતાં જે કહેવાયું છે, તે અહીં પણ ઉચિત (ઘટી શકે તેવું) હોય તો તે બધું અહીં પણ ધરાવવું. (બંધ બેસતુ જાણવુ.) ૧૪૮

આ પ્રમાણે સામુદ્રિકતિલક નામથી પુરુષ સ્ત્રી લક્ષણનું શાસ્ત્ર ખુબ પ્રપંચ ન વધી જાય, તેવા ભયથી અલ્પમાત્રાથી કહ્યું છે, તેજ છે. અને તે પણ સમુદ્રે કહ્યું છે, તેજ છે. અર્થાત્ સમુદ્રને સંમત છે. ૧૪૯

સામુદ્રિકતિલક નામના નરસ્ત્રી લક્ષણશાસ્ત્રનો પાંચમો અધિકાર સંપૂર્ણ

# "રચના કરનારનો પરિચય"

"રાજાની સભામાં તેમજ રાજાની વૃદ્ધિમાં જે હાથની લાકડી બન્યો છે, એવો ત્રિલોક વિખ્યાત પ્રાગ્વાટ (પોરવાલ) નામનો અહીં (ગુજરાતમાં) કોઇ એક વંશ છે. જેમાં ચિત્ર-વિચિત્ર (અનેક પ્રકારની) લક્ષ્મીવાળો વાહિલ્લ નામનો એક પુરુષ હતો,જેને શ્રી ભીમદેવ રાજાએ વ્યયકરણ (ખર્ચ ખાતાનો ઉપરી) મંત્રી તરીકે નીમ્યો હતો. તે વાહિલ્લને રાજપાલ નામનો પ્રખ્યાત પુત્ર થયો. અને શત્રુઓ રૂપી હાથીઓને સિંહ જેવો નૃસિંહ નામનો એ રાજપાલને પુત્ર થયો. તે નૃસિંહનો દુર્લભ-રાજ નામનો પુત્ર થયો, કે જે બુદ્ધિનું ધામ (સ્થાન) અને સુકવિ હતો. વળી જેને શ્રી કુમારપાલ રાજાએ મહત્તમ ( મહેતો-પ્રધાન ) બનાવ્યો હતો. દુર્લભરાજ કે જેની વાણી પોતાના મેલને ધોવા માટે ચાર પ્રકારના સમુદ્રમાં નહાતી લક્ષ્મીની માફક, હસ્તિપરીક્ષા, શકુન શાસ્ત્ર અને પુરુષ–સ્ત્રી–લક્ષણ-પરીક્ષા એમ ચાર પ્રકારની વિદ્યાઓ રૂપી સમુદ્રમાં નહાય છે. તેણે આ પુરુષસ્ત્રીલક્ષણ નામનો શાસ્ત્રગ્રંથ રચ્યો, જેને તેના પુત્ર કવિવર જગતદેવે તેની સંમતિથી પાછળથી કવિ-તામાં લખી દીધો. "હું તેમજ બીજા પણ ઘણા કવિઓ છીએ; પરંતુ તેમાં બહુ અંતર છે. અલંકારશાસ્ત્રમાં ર અને લ નું સામ્ય કહ્યું છે, પરંતુ તેથી કંઈ કરભ ( ઊંટનું બચ્ચું) કલભ ( હાથીનું બચ્ચું ) થઈ શકે કે? સુલલિત પદવાળી,

સારા વર્ણવાળી, અલંકાર સહિત, અને સાર્થ એક પણ આર્યા (આર્યા અથવા શ્રેષ્ટ કુલાંગના) દુર્લભ છે, તો જ્યાં ૮૦૦ સામટી હોય ત્યાં શું કહેવું ? પારકાના હૃદયનો અભિપ્રાય અને બીજાએ બોલેલા શબ્દોનો (વાસ્તવિક) અર્થ જ જાણે છે. આવું સત્ત્વ (જ્ઞાન) દુર્લભ છે, ઉત્પત્તિ જેની એવો કોઇ એક સુકવિ છે. અર્થાત્ તે દુર્લભરાજથી છે ઉત્પત્તિ જની, એવો કોઇ એક સુકવિ છે. અર્થાત્ તે દુર્લભરાજથી છે ઉત્પત્તિ જેની એવો જગદેવ જ સુકવિ છે. પુરુષ અને સ્ત્રીના લક્ષણરૂપ પુષ્પોની આ માળા જે સારા વર્ણો (રંગો) અને ગુણ (દોરી અથવા ગુણ) ગુંથાએલી છે, તેને મૃગરાજ (સિંહ યા રાજાધિરાજ) ની સભામાં વખણાતા સજ્જનો ગળામાં ધારણ કરો. અર્થાત્ મહા વિદ્વાન રાજમાન્ય પુરુષો આનો ઉપયોગ કરશે. ૧ થી ૧૦

**સાંમુદ્રિક તિલક નામના નરસ્ત્રીલક્ષણ શાસ્ત્રની પ્રશસ્તિ સંપૂણ.**



અમારા આગામી પ્રકાશન કાર્ય માટે, જૈન સમાજમાં સુષુપ્ત અનેક વિદ્યાઓ પૈકીની એક, સૂર્યઉપાસના ઉપર સંશોધન કાર્ય ચાલે છે. ગચ્છનાયક વિજયદેવસૂરી જેવા મહાન વિભૂતિ રચિત, અસલ, ગૂઢ, સૂર્યપટ્ટ તથા અન્ય ભિન્નતાઓ ધરાવતા પટ્ટ અમે મેળવેલ છે. આપશ્રીના સહકારની નમ્ર અપેક્ષા છે.

—રાજેન્દ્ર સારાભાઈ નવાબ

# અમારા પ્રકાશનોની સૂચિ

| | | |
|---|---|---|
| પાર્શ્વનાથ ઉપાસના | ૨૫૦-૦૦ | રૂપિયા |
| પદ્માવતી ઉપાસના | ૨૩૦-૦૦ | ,, |
| મહાપ્રભાવિક નવસ્મરણ | ૧૫૦-૦૦ | ,, |
| નમસ્કાર મહામંત્ર આરાધના | ૧૧૧-૦૦ | ,, |
| ઘંટાકર્ણ માણિભદ્ર મંત્ર-તંત્ર કલ્પાદિ સંગ્રહ | ૫૧-૦૦ | ,, |
| પ્રભુ શ્રી મહાવીર (૧૬૮ ચિત્રો સાથે) (ગુજરાતી-અંગ્રેજી ભાષામાં એક સાથે) | ૧૨૫-૦૦ | ,, |
| કાલકકથા સંગ્રહ (સચિત્ર) | ૧૦૦-૦૦ | ,, |
| ષડાવશ્યક બાલાવબોધ (સચિત્ર) | ૫૧-૦૦ | ,, |
| સંગીતનાટ્ય રૂપાવલી (સચિત્ર) | ૫૦-૦૦ | ,, |
| જૈન સામુદ્રિકતિલક | ૪૦-૦૦ | ,, |
| વૈદ્યમનોત્સવ અને કોકસાર | ૫-૦૦ | ,, |
| Jaina Paintings vol. I | 400-00 | ,, |
| Jaina Paintings vol. II | 800-00 | ,, |
| Oldest Rajasthani Painting From Jain Bhandars | 400-00 | ,, |
| 419 Illustrations of Indian music and dance in western Indian style | 100-00 | ,, |

## પ્રાપ્તિસ્થાન

રાજેન્દ્ર સારાભાઈ નવાબ, ૩, વિનાયક ફ્લેટસ, મૃદંગ ફ્લેટની જોડે, વાસણા બસસ્ટેન્ડ પાસે, અમદાવાદ-૭

## અમારા પ્રકાશનોના અન્ય પ્રાપ્તિસ્થાનો

જગતચંદ્ર સારાભાઈ નવાબ
૨૩૩/૧ જૈન દેરાસર પાસે, ગુસા પારેખની પોળ,
મદન ગોપાળની હવેલી રોડ, અમદાવાદ–૧

જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, કાલુપુર,
અમદાવાદ–૧.

સરસ્વતી પુસ્તકભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧

પાર્શ્વપ્રકાશન, નીશાપોળના નાકે, ઝવેરીવાડ, અમદાવાદ–૧

સોમચંદ ડી. શાહ, જીવનનિવાસ સામે, બજારમાં પાલીતાણા

સેવંતીલાલ જૈન, ૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર,
ભુલેશ્વર, મુંબઈ–૨

